ભારતની સાથે સાથે સમગ્ર દુનિયામાંથી શ્રદ્ધાળુઓ ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા માટે આંધ્રપ્રદેશના તિરુપતિ પહોંચે છે. આ ધાર્મિક સ્થળ સમગ્ર વિશ્વમાં સૌથી વધારે શ્રદ્ધાળુઓને પોતાની તરફ ખેંચનાર ધાર્મિક સ્થળો પૈકી એક તરીકે છે. ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા માટે ઇચ્છુક શ્રદ્ધાળુઓ જુદા જુદા વિકલ્પોનો ઉપયોગ કરીને અહીં પહોંચી શકે છે. વિમાનીયાત્રા, ટ્રેન અને બસ મારફતે પણ અહીં પહોંચી શકાય છે. તમે પણ ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા માટે ઇચ્છુક છો તો ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટ્યુરિઝમ કોર્પોરેસન લિમિટેડ હવે આપના માટે ખાસ ટુર પેકેજ લઈને તૈયાર છે. આ ટુર પેકેજના ભાગરૂપે આપને તિરુપતિમાં ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા ઉપરાંત તિરુચાનુરુ માં દેવી પદ્માવતિ અને કાલહસ્તી મંદિરમાં દર્શન કરવાની તક મળી શકે છે. આઇઆરસીટીસીના આ પેકેજનુ નામ તિરુપતિ દેવસ્થાનમ રાખવામાં આવ્યુ છે. આઇઆરસીટીસીની સત્તાવાર વેબસાઇટ પર હવે તમામ માહિતી ઉપલબ્ધ કરાવી દેવામાં આવી છે. આ ટુર પેકેજની શરૂઆત ૨૨મી ફેબ્રુઆરીના દિવસથી દિલ્હીથી થનાર છે. જાણકાર લોકો દ્વારા કહેવામાં આવ્યુ છે કે એક રાત્રી અને બે દિવસના આ ટુર પેકેજમાં યાત્રીઓના દિલ્હીથી તિરુપતિ અને તિરુપતિથી દિલ્હી વાયા ચેન્નાઇ આવવા જવાની ફ્લાઇટ ટિકિટ, એક બ્રેક્ફાસ્ટ, એક ડિનર, એસી ગાડીથી સાઇટ સિઇંગ તેમજ રાત્રે રોકાવવા માટે ડિલેક્સ હોટેલની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સિવાય અન્ય કોઇ પણ પણ પ્રકારની સુવિધા હાંસલ કરવા માટે યાત્રીને પોતાની રીતે સુવિધા માટે પૈસા ચુકવવા પડશે. ફ્લાઇટ ટિકિટની કિંમતોમાં વધારો તેમજ લંચ આ પેકેજમાં સામેલ નથી. વાત કરવામાં આવે તો પેકેજ ટેરિફ આકર્ષક છે. આઇઆરસીટીસીના આ પેકેજની કિંમત જુદી જુદી રાખવામાં આવી છે. એક વ્યક્તિ માટે બુકિંગ કરવા પર આપને ૧૮૭૧૦ રૂપિયા ખર્ચ કરવાના રહેશે. જ્યારે ડબલ એટલે કે બે વ્યક્તિ માટે ૧૬૮૦૦ અને ત્રણ વ્યક્તિ માટે પ્રતિ વ્યક્તિ ૧૬૬૭૦ રૂપિયા ખર્ચ કરવાના રહેશે. જો તમારી સાથે બાળકો છે તો પાંચથી ૧૧ વર્ષના બાળકો માટે બેડ ન લેવા પર આપને ૧૫૭૩૫ રૂપિયાની ચુકવણી કરવાની રહેશે. આવી જ રીતે બેથી ચાર વર્ષના બાળકો માટે ૧૨૦૨૦ રૂપિયા ચુકવવાના રહેશે. ઐતિહાસિક વેંકટેશ્વર મંદિર ભારતના એક ઐતિહાસિક મંદિર સમાન છે. આ મંદિરને અન્ય કેટલાક નામથી ઓળખવામાં આવે છે જેમાં તિરુમાલા મંદિર, તિરુપતિ મંદિર, તિરુપતિ બાલાજીનો સમાવેશ થાય છે. વેંકટેશ્વર અન્ય અનેક નામોથી ઓળખાય છે જેમાં બાલાજી, ગોવિન્દા અને શ્રીનિવાસાનો સમાવેશ થાય છે. આ મંદિરનુ નિર્માણ દ્રવિડિયન આર્કિટેક્ચરરીતે કરવામાં આવ્યુ છે. આ મંદિરનુ નિર્માણ કામ ક્યારેય શરૂ થયુ તેને લઈને પાકી માહિતી નથી પરંતુ એમ કહેવામાં આવે છે કે ૩૦૦ એડીથી તેનુ નિર્માણ કામ શરૂ કરવામાં આવ્યુ હતુ. સંપત્તિ અને દાનમાં મળતી રકમની દ્રષ્ટિએ તે વિશ્વમાં સૌથી અમીર મંદિર પૈકી એક તરીકેછે. તમામ લોકો સારી રીતે જાણે છે કે આ મંદિરમાં દરરોજ ૫૦૦૦૦ થી ૧૦૦૦૦૦ લોકો સુધી પહોંચે છે. જ્યારે કેટલાક ખાસ અવસર પર તો આ સંખ્યા પાંચ લાખ સુધી પહોંચી જાય છે. વર્ષ ૨૦૧૬માં એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે ૨૭.૩ મિલિયન શ્રદ્ધાળુઓ અહીં પહોંચ્યા હતા.

ફિલ્મી ગપસપ...

'નો ટાઈમ ટૂ ડાઈ'નું નવું ટ્રેલર રિલીઝ

લોસ એન્જલ્સ

'નો ટાઈમ ટૂ ડાઈ'ના નવા ટીઝરમાં હોલીવુડ સ્ટાર ડેનિયલ ક્રેગ એટલે કે જેમ્સ બોન્ડએ ઘણા એક્શન સીન આપ્યા છે. એક અહેવાલ અનુસાર ૩૦ સેકન્ડના ટીઝરમાં રામી માલેક, રાલ્ફ ફિન્સ, લી સેડોક્સ, એના ડી અરમાસ અને લશાના લિંચ પણ જોવા મળશે.

ક્લિપની શરૂઆત માલેકના અવાજમાં 'જેમ્સ બોન્ડ' વડે થાય છે. તે આગળ કહે છે 'મારને કા લાઈસન્સ. હું પ્રતિબિંબ સાથે વાત કરી શકું છું.'' તે આગળ ગંભીર અવાજમાં કહે છે, ''આવો બોન્ડ. ક્યાં છો તમે''

ટીઝરમાં નવી બોન્ડ ગર્લ અરમાસ પણ જોવા મળી રહી છે. તો બીજી તરફ હોલીવુડ સ્ટાર ડેનિયલ ક્રેગ પોતાની આગામી ફિલ્મ 'નો ટાઈમ ટૂ ડાઈ'માં ગ્રે હેયરમાં જોવા મળશે. ગત ચાર ફિલ્મોમાં જાસૂસનું પાત્ર ભજવી ચૂકેલા ક્રેગ આગામી ફિલ્મના ટ્રેલરમાં ગ્રે કલરના બાલમાં જોવા મળશે. પરંતુ એવા સંકેત મળી રહ્યા છે કે તે ઘણા પ્રકારના રંગના બાલમાં પણ ફિલ્મમાં જોવા મળી શકે છે. હાલ આ ફિલ્મ એપ્રિલમાં રિલીઝ થવા જઈ રહી છે.

હોલીવૂડના હોરર કિંગ જેક ડેવિસ અભિષેક બચ્ચનને લઈ ફિલ્મ બનાવશે

મુંબઈ

માર્વલ સિનેમેટિક યૂનિવર્સને ભારતમાં મળેલી અપાર સફળતા પછી દુનિયાની અન્ય ફિલ્મ કંપનીઓને પણ ભારતમાં ફિલ્મ રિલીઝ કરવામાં રસ પડયો છે. આ જ કડીમાં હોલીવૂડમાં બહેતરીન હોરર ફિલ્મો બનાવનારી કંપની ક્રિપ્ટ ટીવીના સીઈઓ જેક ડેવિસે હિંદીમાં હોરર ફિલ્મો બનાવવાનો ફેંસલો કર્યો છે. આ માટે તે હિંદી સિમાના જાણીતા પ્રોડકશન હાઉસો સાથે વાતચીત પણ શરૂ કરી દીધી છે.

''હું થોડા સમયથી હિન્દી હોરર ફિલ્મોના વ્યાકરણને સમજવાની કોશિષ કરી રહ્યો છું. આ વિષય મને બોલીવૂડમાં સફળતા અપાવશે એવો મારો વિશ્વાસ છે. જોકે અમેરિકામાં હોરર ફિલ્મોને પ્રેમ મળતો હોય છે, જ્યારે બોલીવૂડમાં આ વિષયક ફિલ્મો બી-ગ્રેડની સમજવામાં આવતી હોય છે. હોરર ફિલ્મ સંદેશાયુક્ત હોવી જોઈએ,'' તેમ ડેવિસે કહ્યું હતું.

તેણે વધુમાં જણાવ્યું હતું કે, મને લાગે છે કે ડરામણા દર્શ્યો માટે પાત્ર વધુ મહત્વના હોય છે. મેં ભારતીય સિનેમાના ઘણા ટોચના કલાકારો વિશે પૂરતી માહિતી મેળવી છે, તેમજ ઘણા લેખકો અને દિગ્દર્શકો સાથે પણ વાતચીત કરી છે. જેમાંથી મારું ધ્યાન અભિષેક બચ્ચન પર પડયું છે. અભિષેકને તેની સ્ક્રિપ્ટ પસંદ પડી છે કે નહીં તે બાબતે ડેનિસે સ્પષ્ટ ઉત્તર આપ્યો નહોતો. તેણે કહ્યું હતું કે, મારી પાસે ઘણી રસપ્રદ સામગ્રીઓ છે, અને હું જલદી જ તેની સત્તાવાર ઘોષણા કરવાનો છું.

વિકી કૌશલ ફિલ્મ 'ધ ઈમ્મોર્ટલ અશ્વત્થામા' માટે ૧૧૦ કિલો વજન બનાવશે


મુંબઈ

વિકી કૌશલ એક વાર ફરી 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક'ના ડાયરેક્ટર આદિત્ય ધર સાથે કામ કરશે. ફિલ્મનું નામ છે 'ધ ઈમ્મોર્ટલ અશ્વત્થામા'. આ આધુનિક સમયની સુપરહીરો ફિલ્મ હશે. તેમાં વિકી સુપરહીરો બનવા શૂટિંગ પહેલા લગભગ ચાર મહિનાનું પ્રશિક્ષણ લેશે.

ફિલ્મમાં વિકી કૌશલ પર જબરદસ્ત એક્શન સીન્સ ફિલ્માવવામાં આવશે. આથી સર્જકો ઈચ્છે છે કે ફિલ્મની પહેલાં જ વિકી શૂટના મહત્ત્વના ભાગ માટે પૂરી રીતે તૈયાર થઈ જાય. તેના માટે વિકી વિવિધ જાતની માર્શલ આર્ટ્સની વિદ્યાઓમાં પ્રશિક્ષણ લેશે.

વન વિભાગના કર્મીઓને દેશનાં જવાનો સમાન જ લાભ મળવો જોઈએ : રણદીપ હુડ્ડા

મુંબઈ



બોલિવૂડ એક્ટર રણદીપ હુડ્ડા સોશિયલ મીડિયા પર ઘણો એક્ટિવ રહે છે. તાજેતરમાં તેણે એક ટ્વિટ કર્યું જેમાં પીએમ નરેન્દ્ર મોદી સાથે-સાથે કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકર, બાબુલ સુપ્રિયો અને પર્યાવરણ મંત્રાલયને ટેગ કર્યા છે. પોતાના ટ્વીટના માધ્યમથી રણદીપ હુડ્ડાએ પીએમ નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય મંત્રીથી વન વિભાગના કર્મચારીઓને, સરહદની સુરક્ષા કરતા જવાનો જેટલો લાભ આપવા વિનંતી કરી છે.

રણદીપ હુડ્ડાનું આ ટ્વીટ સોશિયલ મીડિયા પર જબરદસ્ત રીતે વાયરલ થઈ રહ્યું છે. સાથે જ લોકો પણ આ અંગે પોતાના વિચાર રજૂ કરી રહ્યા છે. રણદીપે પોતાના ટ્વીટમાં લખ્યું કે, 'જો કે, પહેલા પણ બતાવવામાં આવ્યું હતું કે, શું વન વિભાગના કર્મચારીઓને સરહદ પર સુરક્ષા કરતા જવાનો સમાન જ લાભ ન મળવો જોઈએ?' આપને જણાવી રણદીપ હુડ્ડાએ સરકારને આ અપીલ એટલા માટે કરી કારણ કે ગત વર્ષે ગરમીના કારણે કેરળના જંગલોમાં આગ ફેલાઈ હતી. જેમાં ત્રણ વન અધિકારીઓએ પોતાના જીવ ગુમાવ્યા હતા.

અભિનવ બિંદ્રાની બાયોપિકમાં અનિલ કપૂર-હર્ષવર્ધન પિતા-પુત્રની ભૂમિકા ભજવશે

મુંબઈ

અનિલ કપૂરના પુત્ર હર્ષવર્ધન પોતાના રોલ્સને લઈને ઘણી સતર્કતા રાખે છે. આ કારણ છે કે ઈન્ડસ્ટ્રીઝમાં પાછલા ઘણા વર્ષોમાં તેણે થોડી જ ફિલ્મોમાં કામ કર્યું છે. વર્ષ ૨૦૧૬માં મિર્જિયાની સાથે પોતાના કરિયરની શરૂઆત કરનાર હર્ષવર્ધન કપૂર તેના બે વર્ષ બાદ ભાવેશ જોશી સુપરહીરો જેવી ફિલ્મમાં કામ કર્યું જેની ક્રિટિક્સે પ્રશંસા કરી પરંતુ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહી હતી. હર્ષવર્ધન હાલ ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ શૂટર



અભિનવ બિંદ્રાની બાયોપિકને લઈને ચર્ચામાં છે. હાલમાં અનિલ કપૂર અને હર્ષવર્ધને ઈન્સ્ટાગ્રામ પર આ શૂટિંગની શરૂઆતને લઈને એક પોસ્ટ શેર કરી છે.

જ્યાં અનિલ કપૂર આ ફિલ્મમાં બિંદ્રાના પિતાની ભૂમિકામાં છે તો હર્ષવર્ધન કપૂર ફિલ્મમાં અભિનલ બિંદ્રાની ભૂમિકામાં છે. તેણે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટથી આ જાહેરાત કરી છે.

'તેરી મિટ્ટી'ના ગીતકારને અવોર્ડ ન મળતાં કહ્યું : 'મરતાં સુધી કોઈ ફંક્શનમાં નહીં જાઉં'

મુંબઈ

ગુવાહાટીમાં યોજાયેલા ૬ઠ્ઠા 'ફિલ્મફેર અવોર્ડ્સ'માં ફિલ્મ 'ગલી બોય'ના ગીત 'અપના ટાઈમ આયેગા'ને શ્રેષ્ઠ ગીતકારનો અવોર્ડ મળ્યો. આ અવોર્ડ માટેની રેસમાં મનોજ મુંતશિરે 'કેસરી' ફિલ્મ માટે લખેલું ગીત 'તેરી મિટ્ટી...' પણ સામેલ હતું. આ ગીતને સન્માન ન મળવાના કારણે મનોજ મુંતશિર ધૂંઆપૂંઆ થઈ ગયો છે. એણે સોશિયલ મીડિયા પર મેસેજ લખીને દરેક એવોર્ડનો બહિષ્કાર કર્યો છે. 'ડિયર અવોર્ડ્સ, જો હું આખી જિંદગી કોશિશ કરું તો પણ હું 'તેરી મિટ્ટી..'થી વધુ સારું ગીત નહી લખી શકું. એક વધુ સારી લાઈન- તૂ કહતી થી તેરા ચાંદ હૂં મૈં ઔર ચાંદ હમેશા રહતા હૈ. લાખો ભારતીયોને રડાવી ગયેલા શબ્દોનું તમે સન્માન નથી કરી શકતા. એમને માતૃભૂમિની ચિંતા કરવાનું શીખવ્યું. જો હું સતત તમારી ચિંતા કરતો રહીશ, તો તે મારી કળાનું બહુ મોટું અપમાન કહેવાશે. એટલા માટે હવે હું તમને સૌને સંપૂર્ણપણે બોયકોટ કરી રહ્યો છું. હું સત્તાવાર રીતે જાહેરાત કરું છું કે હું મારા છેલ્લા શ્વાસ સુધી કોઈ પણ અવોર્ડ શોમાં નહીં જાઉં. અલવિદા.'

મારે આગલા જન્મમાં ફરહાન જેવી બોડી જોઈએ છે : અનિલ કપૂર

મુંબઈ

કેટલાક દિવસો પહેલાં ફરહાન અખ્તર તેની ગર્લફ્રેન્ડ શિબાની દાંડેકર સાથે માલદીવ્સમાં વેકેશન મનાવવા ગયો હતો. ત્યાંથી તેણે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો, જેને જોઈને અનિલ કપૂર બહુ પ્રભાવિત થઈ ગયો હતો. એ વીડિયોમાં ફરહાન પૂલમાં ડ્રિંક એન્જોય કરતો જોવા મળે છે. તે હાથમાં બિયર સાથે ઊભેલો છે અને પછી ફરહાન એક પળમાં પાણીમાં પડેલો જોવા મળે છે અને બીજી પળે તે ફરી પૂલ પર ઊભેલો જોવા મળે છે. પૂલ પર ઊભો છે ત્યારે તેની તરફ હવામાં લહેરાતા ગોગલ્સ આવે છે, જેને કેચ કરીને ફરહાન સ્ટાઈલમાં આંખો પર લગાવે છે અને અંગૂઠો બતાવે છે.

ફરહાનની આ પોસ્ટ પર સૌથી સારો પ્રતિસાદ અનિલ કપૂરે આપ્યો. તેણે એમ પણ કમેન્ટ કરી કે તે આગલા જન્મમાં ફરહાન જેવી બોડી મળે તેવું ઈચ્છે છે. ફરહાન અખ્તરની ફિલ્મની વાત કરીએ તો તે ડાયરેક્ટ રાકેશ ઓમપ્રકાશ મહેરાની ફિલ્મ 'તૂફાન'માં જોવા મળશે. તેમાં તે બૉક્સરની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ ૨૦૨૦ના અંતિમ ભાગમાં રિલીઝ થશે. જ્યારે અનિલ કપૂરની 'મલંગ' તાજેતરમાં જ રિલીઝ થઈ છે.

રમત જગત વિશેષ

ઉસેન બોલ્ટ કરતા ઝડપી દોડનાર શ્રીનિવાસનો રેસ માટે ટ્રાયલ આપવાનો ઈનકાર



બેંગલુરુ

કર્ણાટકમાં ઉડીપી અને મેંગ્લોરમાં યોજાતી પરંપરાગત કંબાલા રેસ એટલે કે ભેંસોની રેસમાં જોકી તરીકે તેમની પાછળ દોડનાર શ્રીનિવાસ ગૌડા સોશ્યલ મીડિયામાં ચર્ચામાં છે.

એવો દાવો કરાઈ રહ્યો છે કે,આ રેસમાં તેઓ વિશ્વના સૌથી ઝડપી દોડવીર ઉસેન બોલ્ટ કરતા પણ વધારે ઝડપથી દોડ્યા હતા.ગૌડાએ ૧૦૦ મીટરનુ અંતર માત્ર ૯.૫૫ સેકન્ડમાં કાપ્યુ હોવાનો દાવો પણ થઈ રહ્યો છે.

એ પછી રમત ગમત મંત્રી કિરણ રિજ્જુએ ગૌડાને ટ્રાયલ માટે આમંત્રણ આપ્યુ હતુ.જોકે હવે ગૌડાએ ૧૦૦ મીટરની ટ્રાયલ આપવાની ના પાડી દીધી છે.

એક અંગ્રેજી અખબાર સાથે વાતચીતમાં ગૌડાએ કહ્યુ હતુ કે, બંને રમત અલગ છે.ટ્રેક પર દોડતી વખતે અંગૂઠા પર વધારે ભાર મુકાય છે જ્યારે કંબાલામાં અમે કાદવ કિચડમાં એડિના જોર પર દોડતા હોઈએ છે.કંબાલમાં ભેંસોનો રોલ પણ મહત્વનો હોય છે.

કોહલીને એક સ્થાનનું નુકસાન...

આઈસીસી ટી-૨૦ રેંકિંગ : લોકેશ રાહુલ બીજા અને રોહિત શર્મા ૧૧માં સ્થાને યથાવત

દુબઈ

ભારતીય કેપ્ટન વિરાટ કોહલી આઈસીસીએ સોમવારે જારી કરેલા તાજા ટી-૨૦ આંતરરાષ્ટ્રીય રેંકિંગમાં બેટ્સમેનોના ક્રમમાં ૧૦માં સ્થાન પર ખસકી ગયો છે. તેના સાથી લોકેશ રાહુલ અને રોહિત શર્મા ક્રમશઃ બીજા અને ૧૧માં સ્થાને યથાવત છે. કોહલી (૬૭૩)ને એક સ્થાનનું નુકસાન થયું છે. મહત્વનું છે કે ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ૫ મેચોની સિરીઝમાં તેણે ૪ ઈનિંગમાં ૧૦૫ રન બનાવ્યા હતા.

બીજીતરફ, દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ ત્રણ મેચોની સિરીઝમાં ઈંગ્લેન્ડની ૨-૧થી જીત દરમિયાન બે અડધી સદીની મદદથી ૧૩૬ રન બનાવનાર કેપ્ટન ઈયોન મોર્ગન કુલ ૬૮૭ પોઈન્ટની સાથે ૯માં સ્થાન પર પહોંચી ગયો છે. ઈજાને કારણે ટીમથી બહાર ચાલી રહેલ રોહિત શર્મા ૬૬૨ પોઈન્ટની સાથે ૧૧માં સ્થાન પર છે. પાકિસ્તાનનો બાબર આઝમ આ યાદીમાં ટોપ પર છે. આઝમના ૮૭૯ પોઈન્ટ છે. રાહુલ ૮૨૩ પોઈન્ટની સાથે બીજા સ્થાને છે.

બેટ્સમેનોમાં આફ્રિકાનો ક્વિન્ટન ડિ કોક ૧૦ સ્થાનના ફાયદાથી ૧૬માં જ્યારે તેનો ઓપનિંગ જોડીદાર તેમ્બા બાવુમા ૧૨૭ સ્થાનની લાંબી છલાંગ સાથે ૫૨માં સ્થાને પહોંચી ગયો છે. બાવુમાએ ત્રણ ઈનિંગમાં ૧૫૩.૭પની સ્ટ્રાઇક રેટથી ૧૨૩ રન બનાવ્યા હતા.

બોલરોના રેંકિંગમાં ભારતનો ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ વેસ્ટ ઈન્ડિઝના બોલર શેલ્ડન કોટરેલની સાથે સંયુક્ત ૧૨માં સ્થાન પર છે. આફ્રિકાનો સ્પિનર તબરેજ શમ્સી નવ સ્થાનની છલાંગ સાથે ટોપ-૧૦માં સામેલ થઈ ગયો છે. તે આઠમાં સ્થાન પર છે. ઈંગ્લેન્ડનો સ્પિનર આદિલ રાશિદ આફ્રિકાના એન્ડિલે ફેહલુકવાયોને પછાડીને છઠ્ઠા સ્થાને પહોંચી ગયો છે.

સિરીઝમાં પાંચ ઝડપનાર અને બીજી મેચમાં નિર્ણાયક અંતિમ ઓવર ફેંકીને ઈંગ્લેન્ડને બે રનથી મળેલી જીતમાં મહત્વની ભૂમિકા ભજવનાર ટોમ કુરેન ૨૮ સ્થાનની છલાંબ સાથે ટોપ-૩૦માં સામેલ થઈ ગયો છે. બોલરો અને ઓલરાઉન્ડરોની યાદીમાં ક્રમશઃ રાશિદ ખાન અને મોહમ્મદ નબી ટોપ પર છે.

ભારત સામેની ટેસ્ટ સીરિઝ માટે ન્યૂઝીલેન્ડની ટીમ જાહેર, બોલ્ટની વાપસી

વેલિંગ્ટન

ન્યૂઝીલેન્ડે ભારત સામે ૨ ટેસ્ટની સીરિઝ માટે ૧૩ સદસ્ય ટીમ જાહેર કરી છે. ફાસ્ટ બોલર ટ્રેન્ટ બોલ્ટની વાપસી થઈ છે. તે ઓસ્ટ્રેલિયા સામેની બોક્સિંગ ડે ટેસ્ટ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો. ત્યારબાદ બોલ્ટ એ સીરિઝની એકપણ મેચ રમ્યો નહોતો. તેમજ ભારત સામેની વનડે અને ટી-૨૦ સીરિઝની પણ બહાર થયો હતો. બોલ્ટની વાપસીથી ન્યૂઝીલેન્ડનું ફાસ્ટ બોલિંગ આક્રમણ મજબૂત થયું છે. તેની સાથે ટિમ સાઉથી અને નીલ વેગનરને પ્લેઈંગ ૧૧માં સામેલ કરવામાં આવી શકે છે.

ભારત સામે વનડે સીરિઝમાં ડેબ્યુ કરનાર કાઈલી જેમિસનને પહેલીવાર ટેસ્ટ સ્ક્વોડમાં સ્થાન મળ્યું છે. તેમજ સ્પિનર એજાઝ પટેલને પણ જગ્યા આપવામાં આવી છે. બંને ટીમ વચ્ચે બે ટેસ્ટ સીરિઝની પહેલી મેચ ૨૧ ફેબ્રુઆરીએ વેલિંગ્ટન અને બીજી ટેસ્ટ ૨૯ ફેબ્રુઆરીએ ક્રાઈસ્ટચર્ચમાં રમાશે.

પટેલે પાકિસ્તાન સામે ડેબ્યુ સીરિઝમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. યુએઈમાં ન્યૂઝીલેન્ડની ટીમે સીરિઝ ૨-૧થી પોતાના નામે કરી હતી. તે પછી તેને શ્રીલંકા પ્રવાસમાં ટીમમાં સ્થાન મળ્યું નહોતું. એજાઝનો જન્મ ભારતમાં થયો હતો. ડાબોડી સ્પિનર મિચેલ સેન્ટનર, ઓપનર જીત રાવલ અને ફાસ્ટ બોલર મેટ હેનરી ઈજાના કારણે સીરિઝમાં ભાગ લેશે નહીં.

ન્યૂઝીલેન્ડની ટીમઃ કેન વિલિયમ્સન (કેપ્ટન), ટોમ લેથમ, ટોમ બ્લંડેલ, રોસ ટેલર, હેનરી નિકોલ્સ, બીજે વોટલિંગ, કોલિન ડી ગ્રાન્ડહોમ, ટિમ સાઉથી, નીલ વેગનર, ટ્રેન્ટ બોલ્ટ, એજાઝ પટેલ, કાઈલી જેમિસન, ડેરેલ મિશેલ

સ્પોન્સરશિપને લઈને લોકોને ઠગતા ભારતીય ક્રિકેટરની ધરપકડ

ન્યુ દિલ્હી

સ્પોન્સરશિપને લઈને લોકોને ઠગવાના મામલામાં એક ભારતીય ક્રિકેટરની સેન્ટ્રલ ક્રાઈમ સ્ટેશને ધરપકડ કરી છે. આંધ્ર પ્રદેશના પૂર્વ રણજી ક્રિકેટર બી નાગરાજૂની ઠગાઈ કરવાના આરોપમાં પોલીસે ધરપકડ કરી છે. તેની ઉપર આંધ્ર પ્રદેશના મંત્રી તારક રામા રાવના પીએના નામ પર એક ખાનગી કંપનીના સીએમડી પાસે પૈસા લેવાનો આરોપ લાગ્યો છે. જોઈન્ટ કમિશ્નર અવિનાશ મોહંતીએ કહ્યું હતું કે નાગરાજૂએ પોતાને રામા રાવનો પીએ બતાવ્યો હતો. પોલીસના મતે આરોપીએ પીડિતને બતાવ્યું હતું કે બી નાગરાજૂ નામનો એક ખેલાડી આઈપીએલમાં એક ફ્રેન્ચાઈઝીમાં પસંદ થવા સિવાય ઈંગ્લેન્ડમાં યોજાનાર વર્લ્ડ કપ માટે સંભવિત ૨૫ની ટીમમાં પસંદ થયો છે અને તે સ્પોન્સર શોધી રહ્યો છે.

આ પછી પીડિતને જણાવ્યું હતું કે જો તેમની કંપની નાગરાજૂને સ્પોન્સર કરશે તો તેમની કંપનીનો લોગો ખેલાડીના કિટ પર છાપવામાં આવશે. પીડિત તેની આ ચાલમાં ફસાયો હતો અને તેણે આરોપીના એકાઉન્ટમાં ૩ લાખ ૩૦ હજાર રુપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. આ પછી આરોપીઓ પાસેથી કોઈ પ્રતિક્રિયા ના મળતા તેમણે પોલીસમાં ફરિયાદ કરી હતી.

પોલીસે બેંક જાણકારી સિવાય કોલ ડિટેલની મદદથી આરોપીની ધરપકડ કરી છે. નાગરાજુની ઠગાઈના મામલામાં પ્રથમ વખત ધરપકડ થઈ નથી. ગત વર્ષે બીસીસીઆઈના મુખ્ય પસંદગીકાર એમએસકે પ્રસાદના નામ પર ઠગાઈ કરી હતી અને પછી આંધ્ર પ્રદેશ પોલીસે ધરપકડ કરી હતી.

ડુ પ્લેસીસે ક્રિકેટનાં દરેક ફોર્મેટમાંથી કમાની છોડી

જોહાનીસબર્ગ

દક્ષિણ આફ્રિકાના ફાફ ડુ પ્લેસીસે બધા ફોર્મેટમાં કમાની છોડી દીધી છે. તેણે સોમવારે જોહાનેસબર્ગમાં આ અંગે જાહેરાત કરી હતી. ડુ પ્લેસીસને ઈંગ્લેન્ડ સામેની ટી-૨૦ સીરિઝમાં આરામ આપવામાં આવ્યો હતો. તે સીરિઝમાં ઈંગ્લેન્ડે દક્ષિણ આફ્રિકાને ૨-૧થી હરાવ્યું હતું. તેમજ ડુ પ્લેસીસે ઈંગ્લેન્ડ સામેની વનડે સીરિઝમાં ડી કોકને કમાની સોંપી હતી. સીરિઝ ૧-૧થી બરાબર રહી હતી. ડુ પ્લેસીસે કહ્યું, "મેં દક્ષિણ આફ્રિકાને એક નવા યુગની શરૂઆત કરવામાં મદદ માટે આ નિર્ણય લીધો છે.

તેની કમાનીમાં દક્ષિણ આફ્રિકાની ટીમ ઈંગ્લેન્ડ સામે ગઈ સીરિઝ ૧-૩ હારી હતી. તેણે ત્રણેય ફોર્મેટમાં કુલ ૧૧૨ મેચમાં દક્ષિણ આફ્રિકાની કમાની કરી હતી. તે દરમિયાન પ્રોટિયાસને ૬૯ મેચમાં જીત મળી હતી. તેના હેઠળ ટીમ ૨૦૧૯ના વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પહોંચી શકી નહોતી. તે સાથે જ ટીમે છેલ્લી ૮માંથી ૭ ટેસ્ટમાં હારનો સામનો કર્યો હતો.

ડુ પ્લેસીસે એક નિવેદનમાં કહ્યું કે, "મને બાકીની સીઝનમાં ટેસ્ટ અને ટી-૨૦ વર્લ્ડ કપમાં ટીમની કમાની કરવામાં કોઈ વાંધો નથી. પરંતુ ક્યારેક કમાને પોતાનો ફાયદો ન જોવો જોઈએ. હું સ્વસ્થ અને ફિટ છું. બેટ્સમેન અને સીનિયર ખેલાડી તરીકે ટીમની મદદ કરવા માંગુ છું. હું નવા લીડરશિપ ગ્રુપને સલાહ આપીશ અને ટીમના પ્લાનિંગનો ભાગ રહીશ."

સાંસદ કાશ્મીર પહોંચે

હાલમાં જ વધુ એક વિદેશી પ્રતિનિધીમંડળે જમ્મુ કાશ્મીરની હાલમાં મુલાકાત લીધી છે. પાંચમી ઓગષ્ટ ૨૦૧૯ના દિવસે કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ આ પ્રકારની આ ત્રીજી યાત્રા છે. જો કે સત્તાવાર રીતે બીજી યાત્રા છે. આ યાત્રા વૈશ્વિક સ્તર પર જમ્મુ કાશ્મીરને લઈને બની રહેલી ધારણાને દુર કરવા માટે હતી. વિશ્વમાં કાશ્મીરને લઈને ઉભી થયેલી ધારણાને કેટલી હદ સુધી હવે બદલી શકાશે તે તો સમય જ કહી શકશે. કાશ્મીરમાં સ્થિતી જેમ જેમ સામાન્ય બની રહી છે તેમ તેમ દુનિયાના મત પોતાની રીતે જ બદલાઈ રહ્યા છે. થોડાક સમય પહેલા યુરોપિયન સંઘ દ્વારા આ મુદ્દા પર મતદાનને ટાળી દેવાનો નિર્ણય કર્યો હતો. સરકાર આ મામલે જેટલી પારદર્શકતા દર્શાવશે તેટલા પ્રમાણમાં જ ચિત્ર સ્પષ્ટ બની જશે. પરંતુ જે રીતે પ્રતિનિધીઓને પ્રવાસ કરાવવામાં આવી રહ્યા છે તેવી જ રીતે સ્વદેશી સાંસદોને પણ તક આપવામા આવે તે જરૂરી છે. કારણ કે વિદેશી પ્રતિનિધીઓને મુલાકાત કરાવવાથી સમસ્યાનો ઉકેલ આવનાર નથી. બુધવારના દિવસે ૨૫ સભ્યોનુ પ્રતિનિધીમંડળ જમ્મુ કાશ્મીર પહોંચી ગયુ હતુ. જેમાં કેનેડા, ઉજબેકિસ્તાન, ફ્રાન્સ, મેક્સિકો, ડેનમાર્ક, ઇટાલી, ન્યુઝીલેન્ડ, અફઘાનિસ્તાન, પોલેન્ડના પ્રતિનિધીઓ સામેલ હતા. એક લેટિન અમેરિકી સાંસદે કહ્યુ છે કે તેઓ માત્ર પ્રવાસી તરીકે અહીં આવ્યા છે. આને હવે શુ કહેવામાં આવે. જમ્મુ કાશ્મીરના બે પૂર્વ મુખ્યપ્રધાનો ઓમર અબ્દુલ્લા અને મહેબુબા મુફ્તિને હજુ સુધી નજરકેદમાંથી બહાર કરવામાં આવ્યા નથી. તેમના પર ઉશ્કેરણીજનક નિવેદનબાજી કરવાનો આરોપ છે. કેટલાક નિષ્ણાંતો કહી રહ્યા છે કે સ્થિતી ચોક્કસપણે બદલાઈ રહી છે. જો કે અપેક્ષા મુજબ સ્થિતીમાં હજુ સુધી સુધારો થયો નથી. જમ્મુ કાશ્મીરના સંબંધમાં લોકો કહી રહ્યા છે કે સ્થિતી સુધરી ગઈ છે. સરકાર મોટા મોટા દાવા કરી રહી છે. જો સરકારના દાવામાં વાસ્તવિકતા છે તો સ્થાનિક સાંસદોના પ્રતિનિધીમંડળને પણ જમ્મુ કાશ્મીરમાં મોકલી દેવાની મંજુરી મળવી જોઈએ. આ પ્રતિનિધીઓને કોઈ તક આપવામાં આવી રહી નથી. જેથી પ્રશ્નો ઉપસ્થિત થાય તે સ્વાભાવિક છે. કાશ્મીરના મામલે મોદી સરકાર જેટલી પારદર્શક રીતે આગળ વધશે તેટલી ઝડપથી સ્થિતી સામાન્ય બની શકે છે. સૌથી પહેલા પરિસ્થિતીની સમીક્ષા માટે એક સ્વદેશી સાંસદોની ટીમને જવાની મંજુરી મળવી જોઈએ. રાજ્યમાં રહેલી સ્થિતીને લઈને આ સાંસદોની ટીમ કેટલી હદ સુધી વિશ્વાસમાં આવે છે તે બાબત પણ ધ્યાન આપવાની જરૂર છે. રાજ્યની હાલની સ્થિતીને લઈને તમામ પાસા પર ચર્ચા ચાલી રહી છે. વિદેશી સાંસદોને તક આપવી અને સ્થાનિક સાંસદોને તક નહીં આપવાની બાબત યોગ્ય નથી. કારણ કે આના કારણે દુવિધાભરી સ્થિતી ઉભી રહે છે. કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ લાદવામાં આવેલા કેટલાક નિયંત્રણો તો હજુ સુધી દુર થયા નથી. ઓક્ટોબર મહિનામાં એક યુરોપિયન પ્રતિનિધીમંડળે પણ મુલાકાત લીધી હતી. એક વખતે સાંસદોએ વાંધો ઉઠાવ્યો હતો. ત્યારબાદ સરકારના પ્રતિનિધીઓ પણ જમ્મુ કાશ્મીરમાં જઈને આવ્યા હતા. હવે સ્વદેશી સાંસદોને મુલાકાતની તક મળવી જોઈએ.

જુદી જુદી દવા સાથે ન લો

બ્લડપ્રેશર, સુગર, હાર્ટ અને ડિપ્રેશન અથવા તો અન્ય અનેક બિમારીમાં દર્દીઓને લાંબા સમય સુધી કેટલાક પ્રકારની દવા લેવાની જરૂર હોય છે. કેટલીક વખત અમે લાપરવાહીપૂર્વક તબીબો દ્વારા કહેવામાં આવેલી દવાની સાથે સાથે મેડિકલ સ્ટોર પર મળતી અન્ય દવા પણ લઈ લઈએ છીએ. આ તમામ દવાની કેટલીક આડ અસર પણ હોય છે. તબીબોએ ચેતવણી આપતા સાફ શબ્દોમાં કહ્યુ છે કે ૬૫ વર્ષથી વધુ વયના પાંચ પૈકી ચાર લોકો તો અસંતુલનના કારણે મુશ્કેલીમાં મુકાઈ જાય છે અને બિસ્તર પકડી લે છે. ૯૦ ટકા કરતા વધારે દર્દીઓ બેલેન્સ રાખી શકતા નથી અને ગબડી પડે છે. જેથી તેમના શરીરના જુદા જુદા હિસ્સા પર ફેકચર થાય છે. ચાલવાનુ મુશ્કેલ બની જાય છે. આ દવાથી આંખમાં ધુંધળુ દેખાવવા લાગે છે. નીંદ અને સુસ્તી રહે છે. લો બીપીના કારણે ચક્કર આવે છે. નિર્ણયો કરવા અને સંતુલન જાળવી રાખવામાં મુશ્કેલી આવે છે. અમેરિકામાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે કેટલાક દર્દીઓ એક સાથે અનેક દવા લેતા હોય છે. તેમને સાવધાની રાખવાની જરૂર હોય છે. અમેરિકામાં સર્વે મુજબ ૪૫થી ૬૪ વર્ષની વયના લોકો અને ૬૫ વર્ષથી વધારે વયના ૧૬તી ૩૯ ટકા દર્દી તબીબી સલાહ પર પાંચ અથવા તો વધારે પ્રકારની દવા લેતા હોય છે. લાંબા સમય સુધી ચાલતી દવાના ડોઝ હવામાન મુજબ પણ નક્કી કરવામાં આવે છે.



છેલ્લે સુધી જોરદાર ટક્કર આપનાર આસિમ બીજા સ્થાન પર

બિગ બોસ ૧૩ : સિદ્ધાર્થ અંતે વિનર



પોતાની હિસ્સેદારી વેચવા અથવા તો દેવાળુ ફુંકી દેવા સહિતના બે વિકલ્પ રહ્યા છે : નાણાંકીય સંકટના કારણે હાલત કફોડી બની

બિગ બોસ ૧૩ની રોમાંચતાનો હવે અંત આવી ગયો છે. ૧૪૦ દિવસના સફર બાદ આખરે કરોડો ચાહકો અને સ્પર્ધકોના ઇન્તજારનો હવે અંત આવી ગયો છે. શરૂઆતથી જ હોફેવરીટ તરીકે રહેલા સિદ્ધાર્થ શુક્લાએ આખરે બાજી મારી લીધી હતી અને તે બિગ બોસ-૧૩ના વિજેતા તરીકે રહ્યો હતો. છેલ્લે સુધી જોરદાર ટક્કર આપનાર આસિમ રિયાજ બીજા સ્થાને રહ્યો હતો. સિદ્ધાર્થને વિજેતા જાહેર કરવામાં આવતા છેલ્લા કેટલાક મહિનાથી ચાલતી આતુરતાનો અંત આવ્યો હતો. ઘણા સમયથી કરોડો ચાહકો આ શોના વિજેતા તરીકે માહિતી મેળવી લેવા માટે ઇચ્છુક હતા. ફાઇનલ રાઉન્ડમાં છ ફાઇનાલિસ્ટ વચ્ચે દિલધડક સ્પર્ધા જામી હતી. વિજેતા બન્યા બાદ ઇનામી રકમ તરીકે સિદ્ધાર્થ શુક્લાને ૫૦ લાખ રૂપિયા મળ્યા હતા. સિદ્ધાર્થ શોની શરૂઆતથી જ સૌથી પ્રબળ દાવેદાર તરીકે રહ્યો હતો. સિદ્ધાર્થ અને આસિમ વચ્ચે જોરદાર સ્પર્ધા ચાલી રહી હતી. આસિમને છેલ્લી ઘડીએ સિદ્ધાર્થે પછડાટ આપી ટ્રોફી પોતાના નામ પર કરી હતી. ધારણા પ્રમાણે જ ટોપ ત્રણમાં આસિમ, સિદ્ધાર્થ અને શહનાજ પહોંચી હતી. જ્યારે ફાઇનલની સ્પર્ધામાં પારસ છાબડા ૧૦ લાખ રૂપિયા લઈને પહેલાથી જ મેદાનમાં નિકળી ગયો હતો. ત્યારબાદ આરતી પણ શોની બહાર થઈ હતી. ટોપ છમાં સિદ્ધાર્થ શુક્લા, આસિમ રિયાજ, રશ્મિ દેસાઈ, શહનાજ ગિલ, પારસ છાબડા અને આરતી સિંહ પહોંચ્યા હતા. ગ્રાન્ડ ફિનાલેમાં એક પછી એક સ્પર્ધકની બાદબાકી થઈ હતી. આ પ્રસંગે ઘરના લોકોએ પણ જોરદાર પરફોર્મ કરીને તમામના મન જીતી લીધા હતા. સિદ્ધાર્થ શુકલા ટીવી દુનિયાના લોકપ્રિય ચહેરા તરીકે છે. જેનો તેને જોરદાર ફાયદો થયો હતો. ઘરની બહાર સિદ્ધાર્થ શુકલાની જોરદાર ફેન ફોલોઇંગ રહી હતી. શોના ગાળા દરમિયાન તેની એક્સ ગર્લફ્રેન્ડને લઈને પણ ભારે ચર્ચા રહી હતી. બિગ બોસના ઘરમાં તેના પ્રેમ પ્રકરણને લઈને પણ ચર્ચા રહી હતી. બિગ બોસના ઘરમાં રહેલી સ્પર્ધક શેફાલી જરીવાલા, આરતી સિંહ અને રશ્મી સાથે તેના પ્રેમ પ્રકરણની ભારે ચર્ચા રહી હતી. બિગ બોસ ૧૩ના વિજેતા તરીકે સિદ્ધાર્થ શુક્લાને જાહેર કરવામાં આવ્યા બાદ આને લઈને પણ પ્રશ્નો સપાટી પર આવી ગયા છે. કેટલાક પર્વ સ્પર્ધક અને સેલેબ્રિટીઓ દ્વારા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા બાદ વિવાદ સપાટી પર આવ્યો છે. હવે ચેનલની ક્રિએટિવ ટીમના કર્મચારીએ શોને ફિક્સડ તરીકે ગણાવીને નોકરી છોડી દીધી છે. તેના દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે શોની ક્રિએટિવ અને પ્રોગ્રામિંગ હેડ સિદ્ધાર્થની પૂર્વ ગર્લફ્રેન્ડ છે. બિગ બોસ-૧૩ શરૂઆતથી વિવાદમાં રહ્યા બાદ પૂર્ણાહુતિ બાદ પણ વિવાદ જારી છે. ફેન્સ ભલે સિદ્ધાર્થની જીતને લઈને ખુશી મનાવી રહ્યા છે. જો કે તેની જીતને લઈને હોબાળો મચી ગયો છે. ચેનલની ક્રિએટિવ ટીમના હિસ્સા તરીકે રહેલી ફરિહા નામની એક કર્મચારીએ બિગ બોસને ફિક્સડ તરીકે ગણાવીને કહ્યુ છે કે તે આવી ટીમ સાથે કામ કરવાને લઈને ખુશ નથી. તે આવી ટીમ સાથે કામ કરીને પોતાને વધુ નીચે પાડી શકે નહી. તે નોકરી છોડી રહી છે. ફરિહાએ ટ્વીટ કરીને કહ્યુ છે તે ઓછા વોટ મળ્યા હોવા છતાં સિદ્ધાર્થને વિજેતા જાહેર કરવામાં આવ્યો ચે. આ મહિલાએ કલર્સ ટીવીમાંથી પોતાની નોકરી છોડી દીધી છે. ફરિહાએ કહ્યુ છે કે બિગ બોસ સ્ક્રીપ્ટેડ હતો. સિદ્ધાર્થ શુક્લાને પહેલાથી જ વિજેતા જાહેર કરવામાં આવ્યો હતો. બિગ બોસ-૧૩માં આ વખતે ભારે ચર્ચા, વિવાદ અને અનેક ઘટના જોવા મળી હતી. સલમાન ખાન દ્વારા હોસ્ટ કરવામાં આવતા આ શોમાં મારામારી સુધીની સ્થિતી આ વખતે સર્જાઈ હતી. જો કે સલમાન ખાને આ વખતે દાવો કર્યો હતો કે આ વખતે શોની લોકપ્રિયતા ખુબ વધારે રહી છે. બિગ બોસ શોને લઈને તમામ સ્પર્ધકોએ તમામ તાકાત લગાવી હતી. શેફાલી જરીવાલા પાસેથી પણ જોરદાર દેખાવની અપેક્ષા રાખવામાં આવી રહી હતી. જો કે તે ફેંકાઈ હતી. આરતી સિંહે પણ સ્પર્ધામાં ચર્ચા જગાવી હતી.આ શોમાં અનેક પ્રેમ પ્રકરણ પણ જોવા મળ્યા હતા. જેમાં પારસ-માહિરાનો સમાવેશ થાય છે.

અભિનેતા, મોડલે અનેક સિરિયલમાં રોલ કર્યા

સિદ્ધાર્થ મોસ્ટ સર્ચ સેલિબ્રિટી

સિદ્ધાર્થ શુક્લા ટીવી દુનિયાના એક લોકપ્રિય ચહેરા તરીકે છે. જેનો જોરદાર ફાયદો તેને થયો છે. તેની બહાર જોરદાર ફેન ફોલોઇંગ રહેલી છે. ૧૨મી ડિસેમ્બર ૧૯૮૦ના દિવસે મુંબઈમાં જન્મેલા સિદ્ધાર્થ શુક્લાએ એક અભિનેતા, મોડલ તરીકે લોકપ્રિયતા મેળવી છે. અનેક શોમાં તે નજરે પડી ચુક્યો છે. બાલિકા વધુ, ફિયર ફેક્ટર, ખતરો કે ખિલાડી, દિલ સે દિલ તક તેમજ હવે બિગ બોસના કારણે તેની લોકપ્રિયતા સતત વધી છે. સિદ્ધાર્થ શુક્લા વર્ષ ૨૦૧૯માં ભારતમાં મોસ્ટ સર્ચ સેલિબ્રિટીઓ પૈકી એક તરીકે રહ્યો હતો. વર્ષ ૨૦૧૪માં સિદ્ધાર્થ શુક્લાએએ હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા જેવી ફિલ્મમાં સહાયક અભિનેતાનો રોલ કરી ગયો હતો. આ ફિલ્મ સાથે તે બોલિવુડની ફિલ્મોમાં પ્રવેશ કરી ગયો હતો. જો કે તેને ટીવી સિરિયલમાં અભૂતપર્વ લોકપ્રિયતા મળી હતી. તે રિયાલિટી શો ઝલક દિખ લાજામાં પણ ચમક્યો હતો. મુંબઈમાં જન્મ થયાબાદ તેમના પરિવારમાં તમામ શિક્ષિત લોકો છે. તેની બે બહેનો છે. તેના પિતા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં કામ કરનાર સિવિલ એન્જિનિયર રહ્યા છે. શુક્લા મુળભુત રીતે ઉત્તરપ્રદેશના અલ્હાબાદના છે. શુક્લા સેન્ટ ઝેવિયર્સ હાઈ સ્કુલમાં ભણવા માટે ગયો હતો. ત્યારબાદ રચના સંસદ સ્કુલ ઓફ ઈન્ટેરિયર ડિઝાઈનમાં ડિગ્રી મેળવી હતી. શુક્લા ખુબ એથલેટિક ચાઈલ્ડ તરીકે રહી ચુક્યો છે. તે સ્કુલમાં ટેનિસ અને ફુટબોલમાં પ્રતિનિધીત્વ કરી ચુક્યો છે. વર્ષ ૨૦૦૮માં સિદ્ધાર્થે ટેલિવીઝન શો બાબુલ કા આંગન સાથે લીડ રોલમાં એક્ટિંગમાં એન્ટ્રી કરી હતી. ત્યારબાદ તે અન્ય સિરિયલમાં લીડ રોલમાં દેખાયોહતો. જેમાં જાને પહેચાને સે યે અજનબી, લવ યુ જિન્દગી, બાલિકા વધુનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૩માં તે સેલિબ્રિટી રિયાલિટી શો ઝલક દિખ લા જામાં ભાગ લેવા માટે પહોંચ્યો હતો. જાન્યુઆરી ૨૦૧૪માં એવા હેવાલ આવ્યા હતા કે શુક્લાએત્રણ ફિલ્મો સાઈન કરી છે.

પેદા થતા પ્લાસ્ટિક કચરા પૈકી ૪૩ ટકાનો ઉપયોગ પેકેજિંગમાં

વર્ષે ૯૪.૬ લાખ ટન પ્લાસ્ટિક કચરો



પ્લાસ્ટિક કચરાના કારણે અનેક સમસ્યા આવી રહી છે : કુલ ૪૦ ટકા પ્લાસ્ટિક કચરો એકત્રિત કરાતો નથી : પ્લાસ્ટિક ખુબ ખતરનાક

ભારતમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મુકવાની દિશામાં જોરદાર ઝુંબેશ ચાલી રહી છે. આને લઈને અનેક સેલિબ્રિટીઓ પણ આગળ આવી છે. જો કે આને લઈને હજુ સુધી અપેક્ષા કરતા ઓછી સફળતા મળી રહી છે. હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં એવી બાબત ઉભરીને સપાટી પર આવી છે કે ભારતમાં દર વર્ષે ૯૪.૬ લાખ ટન પ્લાસ્ટિક કચરો પેદા થાય છે. જે પૈકી ૪૦ ટકા કચરાનો જથ્થો તો એકત્રિત પણ કરી શકાતો નથી. જ્યારે ૪૩ ટકાનો ઉપયોગ પેકેજિંગ માટે કરવામાં આવે છે. અન પ્લાસ્ટિક ક્લેક્ટિવ તરફથી કરવામાં આવેલા નવા અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. યુપીસી વાતાવરણથી પ્લાસ્ટિક પ્રદુષણને ઘટાડી દેવાની વાત કરી છે. જેમાં સ્વૈચ્છિક રીતે કેટલાક લોકો સામેલ પણ થયા છે. અભ્યાસમાં કહેવામાં આવ્યુ છે કે સમગ્ર દુનિયામાં ૧૯૫૦ બાદથી ૮.૩ અબજ ટન પ્લાસ્ટિકના જથ્થો પેદા થયો છે. જે પૈકી આશરે ૬૦ ટકા કચરાપેટીમાં અથવા તો કુદરતમાં મળી જાય છે. આંકડા દર્શાવે છે કે ભારતમાં ૪૩ ટકા પ્લાસ્ટિકનો ઉપયોગ પેકેજિંગ માટે કરવામાં આવે છે. જે પૈકી મોટા ભાગના પ્લાસ્ટિકનો ઉપયોગ એક વખત કરવામાં આવે છે. જો અમે અમારા પર્યાવરણને બચાવી લેવા માટે ઇચ્છુક છીએ તો પ્લાસ્ટિક થેલીઓને છોડીને કપડાની થેલીનો ઉપયોગ કરવાની જરૂર રહેશે. કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહ પણ પર્યાવરણને બચાવી લેવા માટે એક વખત ઉપયોગ કરવામાં આવતા પ્લાસ્ટિકના ઉત્પાદન અને તેના ઉપયોગને રોકવા માટે અપીલ કરી ચુક્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અનેક વખત સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉત્પાદન પર પ્રતિબંધ મુકવા માટે અપીલ કરી ચુક્યા છે. એક વખત ઉપયોગ કરવામાં આવતા પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાની વારંવાર અપીલ કરવામાં આવી હોવા છતાં તેની અસર હાલમાં ઓછી દેખાઈ રહી છે. પ્લાસ્ટિક પ્રદુષણ ખતરનાક રીતે વધતા સંશોધકો ચિંતાતુર બની ગયા છ. વર્ષ ૨૦૧૮ના આંકડા દર્શાવે છે કે દર વર્ષે વિશ્વભરમાં ૩૮૦ મિલિયન ટન પ્લાસ્ટિક પેદા થાય છે. મોટા જથ્થામાં પ્લાસ્ટિક પર્યાવરણમાં પ્રવેશ કરી જાય છે. અભ્યાસ સુચવે છે કે ૯૦ ટકા સી બર્ડસના શરીર પ્લાસ્ટિક કાટમાળથી ગ્રસ્ત છે. કેટલાક દેશોમાં તો પ્લાસ્ટિકના પ્રદુષણને ઘટાડી દેવાના તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. પ્લાસ્ટિક વપરાશ પર બ્રેક મુકી, પ્લાસ્ટિક રિસાયકલિંગને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યુ છે. કેટલાક નિષ્ણાંતો તો કહી રહ્યા છે કે વર્ષ ૨૦૫૦ સુધી વજનની દ્રષ્ટિએ દરિયામાં ફિસ કરતા પ્લાસ્ટિક વધારે પ્રમાણમાં રહેનાર છે. એવા અંદાજ જુદા જુદા અભ્યાસમાં મુકવામાં આવ્યો છે કે દર વર્ષે દરિયાકાઠાના સમુદાય મારફતે દરિયામાં ૧.૧થી ૮.૮ મિલિયન ટન પ્લાસ્ટિક વેસ્ટ ઠલવાય છે. માનવીના શરીરમાં પ્લાસ્ટિક જુદી જુદી રીતે પહોંચી જઈને હાર્મોનના સંતુલનને બગાડે છે. પ્લાસ્ટિક પર્યાવરણના કારણે વન્ય જીવન, માનવી જીવન પર માઠી અસર થાય છે. પ્લાસ્ટિકના મોટા પ્રદુષણ ફેલાવનાર દેશોની વાત કરવામાં આવે તો તેમાં ભારત પણ એક છે. કુલ પ્લાસ્ટિક પ્રદુષણ ફેલાવતા દેશોની વાત કરવામાં આવે તો કેટલાક દેશો પ્લાસ્ટિક પ્રદુષણ સૌથી વધારે ફેલાવે છે. ટોપ પ્લાસ્ટિક પ્રદુષણ ફેલાવતા દેશોની વાત કરવામાં આવે તો ચીન આમાં સૌથી ઉપર છે. કુલ પ્રદુષણ ફેલાવતા દેશોની વાત દર વર્ષે ૧૦૦૦ ટનમાં ગણવામાં આવે તો ચીન સૌથી વધારે છે. તેનો આંકડો ૮૮૨૦ ટન રહેલો છે. ચીનના આંકડા પર નજર કરવામાં આવે તો ચીન દ્વારા ૨૭ ટકાથી વધારે પ્લાસ્ટિક વેસ્ટ દરિયામાં ઠાલવી દેવામાં આવે છે. જ્યારે ઈન્ડોનેશિયા ૧૦.૧ ટકાની સાથે બીજા સ્થાન પર છે. ટોટલ પ્લાસ્ટિક વેસ્ટ પોલ્યુટર તરીકે ચીન સૌથી આગળ છે.

સિંગલ યુઝ પ્લાસ્ટિકને બંધ કરવા ખુબસુરત ભૂમિની પણ અપીલ

ભૂમિ પર્યાવરણને લઈ ખુબ સેન્સેટિવ

બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી ભૂમિ પેડનેકર માત્ર ફિલ્મોમાં તેના એક પછી એક પડકારરૂપ અને ગ્લેમર રોલના કારણે જ જાણીતી રહી નથી બલ્કે સામાજિક વિષય પર આક્રમક અને સાહસી રીતે નિવેદન કરવા માટે પણ તે જાણીતી રહી છે. ખુબ ઓછા લોકો તેના અંગે એ બાબતથી પણ વાકેફ છે કે તે પર્યાવરણના જતન માટે પણ ખુબ ગંભીર છે. હાલમાં ભૂમિએ ઈન્સ્ટાગ્રામ પર પોતાના ફોટો સાથે એક કેપ્શન પણ લખ્યુ છે. જેમાં ભૂમિએ લખ્યુ છે કે દરેક દિવસ એક નવા દિવસ તરીકે હોય છે. તે સિંગલ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવાની દિશામાં ઝડપથી આગળ વધી રહી છે. તમામ લોકો પણ આ દિશામાં આગળ વધીને સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ મુકે તે જરૂરી છે. અમે સાથે મળીને એક શાનદાર દુનિયા બનાવી શકીએ છીએ. ભૂમિ પેડનેકર સામાજિક મુદ્દા સાથે જોડાયેલા પડકારરૂપ રોલ કરવા ઉપરાંત સોશિયલ મિડિયા પર પર્યાવરણ સાથે જોડાયેલા પોસ્ટ મારફતે પણ ચર્ચામાં રહે છે. તાજેતરમાં જ ભૂમિએ આવા જ એક પોસ્ટ મારફતે તેના લાખો ફેન્સ અને અન્યોને કહ્યુ હતુ કે તે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ક્યારેય ઉપયોગ કરનાર નથી. ભૂમિએ લોકોને પણ આવુ ન કરવા માટે કહ્યુ હતુ. જાણકાર લોકો નક્કરપણે માને છે કે ભૂમિની જેમ જો અન્ય ટોપ સેલિબ્રિટી પણ આ ઝુંબેશમાં સામેલ થશે અને પોસ્ટ કરીને લોકોને અપીલ કરતા રહેશે તો તેની સીધી અસર થશે અને ફાયદો થશે. સિંગલ યુઝ પ્લાસ્ટિકને રોકવા માટે દેશ માટે મજબુત ઈચ્છાશક્તિની સાથે સાથે પર્યાવરણની સુરક્ષાની ભાવના જરૂરી છે. પેડનેકર આજે બોલિવુડમાં તેના પગ મજબુતી સાથે જમાવી ચુકી છે. છ વર્ષ સુધી યશરાજ ફિલ્મ ખાતે આસીસટન્ટ કાસ્ટિંગ ડિરેક્ટર તરીકે કામ કર્યા બાદ પેડનેકરે બોલિવુડમાં એન્ટ્રી કરી હતી. તે વર્ષ ૨૦૧૫માં દમ લગા કે હઈસા નામની ફિલ્મ મારફતે તેની એન્ટ્રી થઈ હતી. આ ફિલ્મ સાથે પેડનેકર બેસ્ટ ફિમેલ ડેબ્યુ માટેનો ફિલ્મફેર એવોર્ડ જીત ગઈ હતી. ટોઈલેટ એક પ્રેમ કથા, શુભ મંગલ સાવધાન, બાલા, પતિ પત્નિ ઔર વો જેવી ફિલ્મમોમાં તે કામ કરીને તમામનુ ધ્યાન ખેંચી ચુકી છે. હાલમાં જ તે સાંડ કી આંખ નામની ફિલ્મમાં પણ કામ કરી ગઈ હતી. આ ફિલ્મમાં રોલ બદલ તે બેસ્ટ અભિનેત્રી માટેનો ફિલ્મફેર એવોર્ડ હાલમાં જીતી ગઈ હતી. ૧૮મી જુલાઈ ૧૯૮૯ના દિવસે મુંબઈમાં જન્મેલી પેડનેકર મુળભરીતે મરાઠી અને હરાણવી પરિવારની છે. તેના પિતા સતીશ મહારાષ્ટ્ર સરકારમાં એક સમય શ્રમ પ્રદાન હતા. જુહુમાં આવેલી સ્કુલ આર્ય વિદ્યા મંદિરમાં તે ભણી છે. ૧૫ વર્ષની વયમાં તેના અભ્યાસ માટે નવુ આયોજન પરિવાર દ્વારા કરવામાં આવ્યા બાદ તે એક્ટિંગ સ્કુલમાં પ્રવેશી ગઈ હતી. અડધા વર્ષના ગાળામાં જ ત્યારબાદ તે યશરાજ ફિલ્મમાં આસીસટન્ટ ફિલ્મ ડિરેક્ટર બની ગઈ હતી. સાથે સાથે લોનની ચુકવણી કરી હતી. શાનુ શર્મા હેઠળ છ વર્ષ સુધી કંપનીમાં તે કામ પર રહી હતી. ત્યારબાદ બોલિવુડમાં એક અભિનેત્રી તરીકે પ્રવેશી હતી. હાલમાં તેની પાસે અનેક સારી ફિલ્મો રહેલી છે. ફિલ્મોમાં તે ગ્લેમર દેખાવવા પર જ ધ્યાન આપતી નથી. બલ્કે શાનદાર પટકથા ધરાવતી ફિલ્મમાં પડકારરૂપ રોલ કરવા માટે તે વધારે ઉત્સુક રહે છે.

સમય આવ્યે ગધેડાને પણ બાપ કહેવો પડે

ટ્રમ્પના ભારત પ્રવાસ માટે કરવામાં આવી રહેલી તૈયારી ગુલામ માનસિકતા દર્શાવે છે: શિવસેના

સ્વ. ઈન્દિરા ગાંધીનું સૂત્ર 'ગરીબી હટાવો' હતું અને મોદીનું 'ગરીબી છુપાવો' છે

મુંબઇ

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ભારત મુલાકાતને લઈને થતી તૈયારી પર શિવસેનાએ સામનાના માધ્યમથી સરકાર પર નિશાન તાક્યુ છે. સામનાના મુખપત્રના સંપાદકિયમાં કેમ છો ટ્રમ્પ, ગરીબી છુપાવો શિર્ષક હેઠળ લખાયેલા લેખમાં સરકારની ગુલામની માનસિકતા દેખાઈ રહી હોવાનો કટાક્ષ કરાયો છે. સંપાદકિયમાં લખવામાં આવ્યુ છે કે, ગુલામ ભારતમાં જ્યારે ઈંગ્લેન્ડના રાજા કે રાણી આવતા હતા. ત્યારે જનતાના પૈસાથી તેમના સ્વાગત માટે તૈયારીઓ થતી હતી. તેવી જ તૈયારી ટ્રમ્પ માટે પણ કરવામાં આવી રહી છે.

બાદશાહ ટ્રમ્પ શું ખાય છે, શું પીવે છે. તેમના ગાદી, ટેબલ, ખુરશી, બાથરૂમ, પલંગ અને છતના ઝુમર કેવા હોય તેના પર કેન્દ્ર સરકાર બેઠકો અને ચર્ચા વિચારણા કરતી જોવા મળી રહી છે. ટ્રમ્પ દુનિયાનો કોઈ ધર્મરાજ કે મિસ્ટર સત્યવાદી નિશ્ચિત રીતે નથી. તેઓ એક અમીર ઉદ્યોગપતિ છે. અને આપણે ત્યાં જેવી રીતે ઉદ્યોગપતિ રાજનીતિમાં આવે છે કે પૈસાના જોર રાજનીતિને મુઠ્ઠીમાં રાખે છે. તેવા જ ટ્રમ્પના વિચારો છે.

મોકો મળે તો ગદર્ભને પણ બાપ કહેવો પડે છે. અને તે દુનિયાની રીત છે. સામનાના સંપાદકિયમા કહેવાયુ છે કે, ટ્રમ્પ અમદાવાદ એરપોર્ટ પર ઉતરશે તે માટે એરપોર્ટ અને એરપોર્ટની બહાર રસ્તાઓનુ સમારકામ શરૂ થયુ છે. ટ્રમ્પ માત્ર ત્રણ કલાક જ અમદાવાદની મુલાકાતે છે. અને તે માટે ૧૦૦ કરોડ રૂપિયા સરકારની તિજોરીમાંથી ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

ક્યારેક પૂર્વ વડાપ્રધાને 'ગરીબી હટાવો'નો નારો આપ્યો હતો. જેને ઘણા લાંબા સમય સુધી મજાકનો વિષય બનાવવામાં આવ્યો હતો. હવે આ બધું જોતા એવું લાગી રહ્યું છે કે હવે વડાપ્રધાન મોદીની યોજના 'ગરીબી છુપાવો'ની છે.

બંન્ને ગુનેગારો ઘણા કેસોમાં ફરાર હતા

દિલ્હીના પુલ વિસ્તારમાં એક્કાઉન્ટર: બે નામી બદમાશો ઠાર

ન્યુ દિલ્હી

દિલ્હીનાં પુલ પ્રહલાદપુર વિસ્તારમાં એક એક્કાઉન્ટરમાં બે નામી બદમાશોની મોત થઇ ગઇ છે. બદમાશોનું નામ રાજા કુરેશી અને રમેશ બહલપુર છે. સોમવારે સવારે ૫.૦૦ વાગ્યે દિલ્હી પોલીસની વિશેષ સેલ સાથે એક્કાઉન્ટરમાં તેનું મોત નીપજ્યું હતું. બંને તરફથી ૩૦ રાઉન્ડ ફાયરિંગ કરાયું હતું. કહેવામાં આવી રહ્યું છે કે આ બંને ગુનેગારો ઘણા કેસોમાં ફરાર હતા. જેમા તાજેતરમાં કરાવલ નગરમાં થયેલ હત્યાનો કેસ સામેલ છે.

આ ઘટના અંગે માહિતી આપતાં દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે સોમવારે સવારે બે નામી બદમાશો રાજા કુરેશી અને રમેશને પ્રહલાદપુર વિસ્તારમાં ઘેરી લેવામાં આવ્યા હતા. બંનેએ પોલીસ ઉપર ફાયરિંગ શરૂ કરી દીધુ હતુ. જેમાં આ બંને બદમાશો ઘાયલ થયા હતા અને તેમનું અંતે મોત નીપજ્યું હતું, આ બંને બદમાશો હત્યાનાં કેસમાં ફરાર હતા.

એચએએલ સાથે ૩૯ હજાર કરોડની ડીલ

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિ. વાયુસેના માટે ૮૩ તેજસ ફાઇટર જેટ તૈયાર કરશે

ન્યુ દિલ્હી

સ્વદેશી સેન્ય વિમાનન ક્ષેત્રની સૌથી મોટી ડીલનું અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું, જેમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ ભારતીય વાયુસેના માટે ૮૩ સિંગલ એન્જીન વાળા તેજસ ફાઇટર જેટ તૈયાર કરશે. આ ડીલની મહત્વની વાત એ છે કે આ પહેલા પ્રોજેક્ટની રકમ ૫૬,૫૦૦ કરોડ રૂપિયા હતી, હવે એચએએલ ૩૯,૦૦૦ કરોડ રૂપિયામાં જ ૮૩ તેજસ ઉપલબ્ધ કરશે.

લગભગ એક વર્ષ સુધી વાતચીત દરમ્યાન આ ડીલની કિંમતનો કુલ ખર્ચમાં ૧૭,૦૦૦ કરોડ રૂપિયાનો ઘટાડો થયો છે. ઉલ્લેખનીય છેકે શરૂઆતમાં એચએએલનાં તેજસ માર્ક-૧ એ જેટ તૈયાર કરવા અને તેની સારસભાંળ માટે મોટી રકમની માંગથી ભારતીય વાયુસેના અને રક્ષા મંત્રાલય પણ અચંભિત થયા હતા. પરંતુ સતત વાટાઘાટો પછી આ ડીલ ૩૯,૦૦૦ કરોડમાં ફાઈનલ થઈ છે.

આ ડીલને લઈને અંતિમ મંજૂરી માટે ફાઈનલ કેબિનેટ કમિટી ઓન સિક્યોરીટીને મોકલવામાં આવી રહ્યું છે. તેવુ માનવામાં આવી રહ્યું છે કે ૩૧ માર્ચનાં પૂર્ણ થતા પહેલા આ નાણાંકીય વર્ષ પહેલા આ ડીલને મંજૂરી આપવામાં આવશે, આ ડીલ થયા પછી એચએલએ ત્રણ વર્ષમાં ફાઈટર જેટની ડિલીવરી શરૂ કરવાનો વાયદો પણ કર્યો છે. રક્ષા અધિગ્રહણ પરિષદમાં એ પ્રથમ વખત નવેમ્બર ૨૦૧૬માં ૮૩ તેજસ તૈયાર કરવા માટે એચએએલ ને ૪૯,૭૯૭ કરોડની ડીલની મંજૂરી આપી હતી, પરંતુ તેજસની આડીલ માટે ૫૬,૫૦૦ કરોડ રૂપિયાની ડિમાન્ડ કરી હતી, ત્યાર પછી બન્ને પક્ષે મોલ-ભાવ માટે લાંબી વાટાઘાટો ચાલી હતી.

અત્યાર સુધી ભારતીય વાયુસેનાનાં બેડામાં ફક્ત ૧૬ તેજસ માર્ક-૧ (40 Tejas Mark-1) હાજર છે. ૮,૮૦૨ કરોડ રૂપિયાની બે ડીલનાં અંતર્ગત ડિસેમ્બર ૨૦૧૬માં તેની આપૂર્તી પૂર્ણ થઈ હતી. સૂત્રોનાં જણાવ્યા મુજબ તેજસ માર્ક ૧એની ટેસ્ટિંગ ૨૦૨૨ સુધી પૂર્ણ થશે. ત્યાર પછી વાયુસેના ૧૨૩ પાવરફુલ ઈન્જનથી લેસ ૧૭૦ તેજસ માર્ક-૨ને સ્કવોર્ડ્રનમાં શામેલ કરવાની પ્રયત્નો કરી રહ્યું છે. જો કે તેજસ માર્ક -૨ અને ઉન્નત મધ્યમ ફાઈટર જેટ વિમાન તરીકે ઓળખાતા સ્વદેશી સ્ટીલ્થનાં પમાં વર્ઝનનાં ફાઈટર જેટ વિમાનો મળવામાં થોડાક વર્ષો લાગી જશે. ત્યારે આકાશનો બાદશાહ તૈયાર છે ભારતની રક્ષા માટે.

અકસ્માતનો ભોગ બનનાર લોકો અસ્થિનું વિસર્જન કરવા ગયા હતા

યવતમાલમાં પિકઅપ વેન પુલ નીચે ખાબકતાં ૮ લોકોના મોત

મુંબઇ

યવતમાલમાં એક પિકઅપ વેન પુલ નીચે પડી જવાથી ૮ લોકોના મોત થયા છે જ્યારે ૧૮ લોકોને ઈજા થઈ છે. અકસ્માતનો ભોગ બનનાર લોકો કોઠેશ્વર મંદિરમાં સંબંધીની અસ્થિનું વિસર્જન કરવા ગયા હતા. વિધિ પતાવ્યા બાદ તેઓ જોડમોહા પરત ફરી રહ્યાં હતા. ત્યારે ડ્રાઈવરે નિયંત્રણ ગુમાવી દીધું અને વેન ઝાડ સાથે અથડાઈને પુલ પરથી ૨૫ ફીટ નીચે ખાબકી હતી. આ અકસ્માતને નજરે જોનારના જણાવ્યા મુજબ ઘટનામાં ૬ લોકોના સ્થળ પર જ મોત થયા હતા. આ સિવાય અન્ય બે લોકોના સારવાર દરમિયાન મોત થયા હતા. ઘટનાની માહિતી મળ્યા બાદ આસપાસના લોકો મદદ માટે અકસ્માતના સ્થળે પહોંચ્યા હતા. આસપાસના પોલીસ સ્ટેશનની પોલીસ અને અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા. ઘાયલોને હાલ જિલ્લા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

ભારત કોરોના વાયરસથી ત્રસ્ત ચીન માટે મેડિકલ સામગ્રીનો જથ્થો મોકલશે

ન્યુ દિલ્હી

કોરોના વાયરસના લીધે અત્યારે ચીનમાં પરિસ્થિતિ અત્યંત વિકરાળ બની છે. ભારત તરફથી આ મામલે પહેલા એક પત્ર લખીને ચીનની પડખે ઉભા રહેવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. તેથી ભારત હવે દવાઓનો એક જથ્થો ચીન મોકલશે. રિપોર્ટ પ્રમાણે આ અઠવાડિયે એક ફ્લાઈટ વુહાનમાં દવાઓનો જથ્થો લઈને પહોંચશે. ત્યાંથી પરત આવતી વખતે વુહાન અથવા હુબેઈમાંથી જો કોઈ ભારતીય તેમાં આવવા માંગતા હોય તો આવી શકે છે. ચીને કહ્યું છે કે દર્દીઓની સારવાર માટે મેડિકલ સ્ટાફને માસ્ક, ગ્લોવ અને સૂટની જરૂરિયાત છે. ચીનમાં માસ્કની પણ અત્યારે ખૂબ કમી છે અને છેલ્લા ત્રણ અઠવાડિયામાં ભારે માંગ ઉભી થઈ છે. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વુહાનમાંથી ભારતીયોને પરત લાવવામાં કામગીરી બદલ સફદરજંગ હોસ્પિટલના નર્સીંગ ઓફિસર મનુ જોસેફ અને તેમની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

પાકિસ્તાનમાં ઝેરી ગેસ લીક થતાં છના મોત, ૧૦૦થી વધુ દાખલ

કરાચી

પાકિસ્તાનના કરાચીથી મોટા સમાચાર આવી રહ્યા છે. કરાચીમાં ઝેરી ગેસ લીક થવાના કારણે અત્યાર સુધી ૬ લોકોનાં મોત થયા છે. અહીં શરૂઆતમાં ન્યૂક્લિયર ગેસ લીક થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. જોકે બાદમાં કહેવામાં આવ્યું કે શાકભાજીના એક કેન્ટેનરથી કોઈ ઝેરી ગેસ લીક થવાના કારણે દુર્ઘટના બની. જ્યાં આ દુર્ઘટના બની તે વિસ્તાર કરાચી ન્યૂક્લિયર પાવર કાર્પોરેશનથી ખૂબ નજીક છે. સૂત્રો મુજબ, પાકિસ્તાને તપાસ માટે ન્યૂક્લિયર બાયોલોજિકલ કેમિકલ ડેમેજ ટીમને મોકલી છે. જેના કારણે ન્યૂક્લિયર ગેસ લીક થવાની વાતને વધુ બળ મળ્યું. હાલ વિસ્તારમાં અફરા તફરીનો માહોલ છે. જિયો ટીવી મુજબ લગભગ ૧૦૦ લોકોને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

પાકિસ્તાનના અખબાર મુજબ ગેસ લીક થવાથી ડઝનબંધ લોકો બેભાન થઈ ગયા. તે સૌને હાલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સ્થાનિક પોલીસ મુજબ શરૂઆતની તપાસમાં એવું લાગી રહ્યું છે કે નજીકના એક પોર્ટ પર જહાજ આવ્યું હતું. કહેવામાં આવી રહ્યું છે કે આ જહાજ પર શાકભાજી હતી. જેવું કન્ટેનર ખોલવામાં આવ્યું તેમાંથી કોઈ ગેસ લીક થયું જેના કારણે આસપાસના વિસ્તારોમાં રહેતાં લોકોને શ્વાસ લેવામાં મુશ્કેલી થવા લાગી. કેટલાક અહેવાલોમાં એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે કાર્ગો શિપ પર કેમિકલ્સ હતા.

દિલ્હી વિધાનસભાનાં પરિણામો જોયાં પછી ફેરફારો કરવાનો વિચાર

પ્રિયંકાં ગાંધીને છત્તીસગઢથી રાજ્યસભામાં મોકલવાની તૈયારીમાં કોંગ્રેસ

ન્યુ દિલ્હી

કોંગ્રેસ મોવડી મંડળ પ્રિયંકા ગાંધીને રાજ્યસભામાં મોકલીને સાંસદ બનાવવાની યોજના વિચારી રહ્યું હોવાનું જાણવા મળ્યું હતું. દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ધબડકો થયા પછી ફરી એકવાર પક્ષની વિવિધ સમિતિઓમાં ફેરફાર કરવાની સોનિયા ગાંધીની ઇચ્છા હોવાનું કહેવાય છે. પ્રિયંકાને છત્તીસગઢથી રાજ્યસભામાં મોકલવામાં આવે એવી શક્યતા છે.

આ વરસે રાજ્યસભામાં વિપક્ષોની તાકાત ઘટી જવાની શક્યતા છે કારણ કે એક સાથે ૬૮ સભ્યો નિવૃત્ત થશે. એમાં કોંગ્રેસને વધુ નુકસાન થવાની ભીતિ સેવાઇ રહી હતી. કોંગ્રેસનું સંખ્યાબળ દિવસે દિવસે ઘટી રહ્યું છે કારણ કે બહુ ઓછાં રાજ્યોમાં હાલ કોંગ્રેસની સરકાર છે.

હાલ રાજ્યસભામાં કોંગ્રેસના ૧૯ સભ્યો છે. એ ઘટીને નવ થઇ જવાની શક્યતા છે. એ સંજોગોમાં રાજ્યસભામાં કોંગ્રેસની તાકાત ખૂબ ઘટી જઇ શકે છે.

કોંગ્રેસ મોવડી મંડળની ઇચ્છા રણદીપ સૂરજેવાલા, જ્યોતિરાદિત્ય સિંધિયા અને પ્રિયંકા ગાંધી જેવા કેટલાક બળકટ સભ્યોને રાજ્યસભામાં મોકલવા ધારે છે. કોંગ્રેસ પોતાના બળ પર નવ ઉપરાંત એકાદ બે વધુ બેઠક રાજ્યસભામાં જીતી શકે છે એવું તેનું મોવડી મંડળ માને છે.

એનપીઆરમાં સૌ પ્રથમ રાષ્ટ્રપતિ કોવિંદના નામનું રજીસ્ટ્રેશન કરાશે

ન્યુ દિલ્હી

એક એપ્રિલથી રાષ્ટ્રીય જનસંખ્યા રજીસ્ટરને અપડેટ કરવાનું કાર્ય શરૂ થઇ રહ્યું છે. નવી દિલ્હી નગર નિગમ ક્ષેત્રના પહેલા દેશવાસી તરીકે સૌ પ્રથમ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના નામનું રજીસ્ટ્રેશન કરવામાં આવશે.

તે જ દિવસે ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ પણ યાદીમાં સામેલ કરાશે. એનપીઆરની પ્રક્રિયા રાષ્ટ્રપતિના રજીસ્ટ્રેશનથી શરૂ થવાનો નિયમ છે. ત્યારે રજીસ્ટ્રાર જનરલ અને વસ્તી ગણતરી કમિશનર કાર્યાલય દ્વારા આ પ્રક્રિયાનો વધુને વધુ પ્રસાર કરવાનો ઇરાદો છે.

જેથી આરજીઆઇના અધિકારીઓ તે જ દિવસે ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાન આવાસે જઇને તેમના નામના રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરશે. ત્રણેય મહાનુભાવોના આવાસ એનડીએમસી ક્ષેત્રમાં જ આવે છે. તે જ કારણે ભારતના આરજીઆઇ કાર્યાલયે તેમને સુવિધાજનક સમયની માંગણી માટે પત્ર મોકલ્યો છે.

જૈશ-એ-મોહમ્મદનો સરગના મસૂદ અઝહર પાકિસ્તાન લશ્કરની કેદમાંથી ફરાર

લંડન

આતંકવાદીઓને ભંડોળ પૂરું પાડવા તેમ જ મની લોન્ડરીંગ પર ચાપતી નજર રાખતી ફાયનાન્સિયલ ટાક્સ ફોર્સની બેઠક અગાઉ પ્રતિબંધિત આતંદવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનો સરગના મસૂદ અઝહર પાકિસ્તાન લશ્કરની કેદમાંથી ભાગી ગયો છે. એફએટીએફની ગત રવિવારે પેરિસમાં બેઠક શરૂ થઈ છે. આઇએમએફ, સંયુક્ત રાષ્ટ્ર,વિશ્વ બેંક અને અન્ય સંગઠનો સહિત ૨૦૫ દેશના ૮૦૦ પ્રતિનિધિ તેમા ભાગ લઈ રહ્યા છે. એક અહેવાલ પ્રમાણે ભારત આ બેઠકમાં પાકિસ્તાન પર મસૂદ અઝહર સામે કાર્યવાહી કરવા દબાણ કરશે.

પાકિસ્તાનના મુત્તાહિદા કોમી મૂવમેન્ટ પાર્ટીના પ્રમુખ અલ્તાફ હુસૈને એફએટીએફની બેઠક અગાઉ સૂદ અઝહર ગુમ થવા અંગે ચિંતા દર્શાવી છે અને પાકિસ્તાન દ્વારા ભરવામાં આવી રહેલા પગલા અંગે શંકા દર્શાવી છે.

મસૂદ અઝહર અને તેનો પરિવાર શંકાસ્પદ રીતે પાકિસ્તાનની કસ્ટડીમાંથી ગુમ થઈ ગયો છે. જૈશ સરગના સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય આતંકવાદી જાહેર કરવામાં આવ્યો છે. તે પુલવામા હુમલાનો માસ્ટર માઈન્ડ હતો. ગયા વર્ષે જૂનમાં રાવલપિંડીમાં થયેલા બોંબ વિસ્ફોટમાં મસૂદ ઈજાગ્રસ્ત થયો હતો. તે આર્મી હોસ્પિટલમાં કિડનીને લગતા ઈલાજ માટે દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તેની કોઈ જ માહિતી સામે આવી ન હતી.

આવકવેરાની તમામ રાહતોને દૂર કરવા કોઈ સમયમર્યાદા નક્કી કરાઈ નથી: નાણાંપ્રધાન

હૈદરાબાદ

કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારામને આજે કહ્યું કે કોઈ રાહત વગરનો બીજા વૈકલ્પિક ટેક્સ સ્લેબ શરૂ કરવા પાછળ સરકારનો હેતુ દેશને સરળ, છૂટછાટ-મુક્ત અને કરવેરા પદ્ધતિને ઓછા દર તરફ લઈ જવાનો છે. જોકે બધી રાહતો દૂર કરવા માટે સરકારે કોઈ સમયમર્યાદા નક્કી કરી નથી.

સીતારામને આ વર્ષના કેન્દ્રીય બજેટ અંગે વેપાર-ઉદ્યોગ ક્ષેત્રના અગ્રણીઓ તથા બુદ્ધિજીવીઓ સાથે એક વાર્તાલાપ સત્ર બાદ પત્રકારો સાથેની વાતચીતમાં ઉપર મુજબ કહ્યું હતું.

નાણાં પ્રધાને કહ્યું હતું કે હાલ અમે માત્ર અમુક છૂટછાટોને દૂર કરવા સાથેનો કે અમુક છૂટછાટોના સમાવેશ સાથેનો બીજો વિકલ્પ શરૂ કર્યો છે, જોકે મૂળ હેતુ તમામ છૂટછાટોને દૂર કરવાનો અને આવકવેરાના ઘટાડેલા દરવાળી સરળ પદ્ધતિ આપવાનો છે.

વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં વધારે ટેક્સ સ્લેબ રજૂ કરવામાં આવ્યા છે અને ઉંચી મર્યાદા પ્રદાન કરવામાં આવી રહી છે, પરંતુ એ શરતે કે કરદાતા તમામ ઉપલબ્ધ છૂટછાટો તથા કપાતને પૂરી કરવા માટે તૈયાર હોય, જેમાં હોમ લોન અને હોમ લોન પરના વ્યાજ તથા અન્ય કર-બચતવાળા ઈન્વેસ્ટમેન્ટ સામેલ હોય. તમામ છૂટછાટ દૂર કરવાનું અમે હજી વિચાર્યું નથીપ અમે એક-એક ડગલું આગળ વધી રહ્યાં છીએ અને એ માટે કોઈ વિશેષ સમયમર્યાદા નક્કી કરી નથી.

ઉલ્લેખનીય છે કે સીતારામને ગઈ ૧ ફેબ્રુઆરીએ સંસદમાં બજેટ રજૂ કર્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે સરકારનો હેતુ લાંબા ગાળે બધી આવકવેરા રાહતો દૂર કરવાનો છે.

સેનામાં મહિલાઓ પહેલા પાનાથી ચાલુ

૨૦૧૦માં શોર્ટ સર્વિસ કમિશન અંતર્ગત સેનામાં આવનારી મહિલાઓની સેવામાં ૧૪ વર્ષ પૂર્ણ કરવા પર પુરૂષોની જેમ સ્થાયી કમિશન આપવાનો આદેશ આપ્યો હતો. સંરક્ષણ મંત્રાલયે આ આદેશ વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટના દ્વારા ખખડાવ્યા હતા.

ભારતીય વાયુસેના અને નૌસેના મહિલા અધિકારીઓને સ્થાયી કમીશનમાં આવવાનો વિકલ્પ આપે છે, જોકે સેનામાં તે હજી સુધી નથી. આ સિવાય વાયુસેનામાં મહિલાઓ ફ્લાઇંગ અને ગ્રાઉન્ડ ડ્યુટીમાં સામેલ થઈ શકે છે. શોર્ટ સર્વિસ કમીશન અંતર્ગત મહિલાઓ વાયુસેનામાં જ હેલિકોપ્ટરથી લઈને ફાઈટર જેટ ઉડાવી શકે છે. નૌસેનામાં પણ મહિલાઓ લોજિસ્ટિક્સ, કાયદો, એર ટ્રાફિક કન્ટ્રોલ, પાયલટ અને નેવલ ઈન્સપેક્ટર કેડરમાં સેવાઓ આપી શકે છે.

નિર્ભયા
પહેલા પાનાથી ચાલુ

બાદ દોષિતોનાં વકીલ એપી સિંહે કહ્યું કે વિનયની માનસિક સ્થિતિ ઠીક નથી. તેમણે કહ્યું કે તેની હાલત એટલી ખરાબ છે કે તેણે ૧૧ ફેબ્રુઆરીથી ખાવા-પીવાનું બંધ કરી દીધું છે. એપી સિંહે કોર્ટને જણાવ્યું કે આજે વિનયની મા જેલમાં તેને મળવા માટે આવી હતી. વિનયનાં માથા પર પાટા બાંધેલા હતા. આ ગંભીર મામલો છે. તેમણે કોર્ટને વિનયની મેડિકલ રિપોર્ટ મંગાવવાની માંગ કરી અને કહ્યું કે તેના માથામાં પણ ઘણી ઈજાઓ થઈ છે. જેલ સુપરિટેંડેટ પાસેથી રિપોર્ટ મંગાવતા જેલ મેન્યુઅલનું ધ્યાન રાખવાનું કહેવામાં આવવું જોઇએ.

દોષિતોનાં વકીલ એપી સિંહે કોર્ટને જણાવ્યું કે, "અમે અક્ષયની દયા અરજી કરવા ઇચ્છીએ છીએ. કેટલાક દસ્તાવેજો લગાવવાનાં બાકી રહી ગયા હતા. અક્ષયનાં માતા-પિતાએ દયા અરજી અડધી-અધૂરી કરી હતી." એપી સિંહે કહ્યું કે, "જો કોર્ટ અમને પરમિશન આપે તો અમે આજે અક્ષયની સહી કરાવીને રાષ્ટ્રપતિ પાસે દયા અરજી કરીશું." તો પવનનાં વકીલ રવિ કાઝીએ કોર્ટને જણાવ્યું કે તેઓ પણ ક્યૂરેટિવ અને દયા અરજી કરવા ઇચ્છે છે. આ પહેલા ૧૭ જાન્યુઆરીએ પટિયાલા હાઉસ કોર્ટેતેથ વોરંટ જાહેર કર્યું હતું. જે અંતર્ગત નિર્ભયાના ચારેય ગુનેગારો પવન ગુપ્તા, વિનય શર્મા, મુકેશ અને અક્ષય સિંહને ૧ ફેબ્રુઆરી સવારે ૬ વાગે ફાંસી આપવાનો આદેશ કર્યો હતો. તેની પહલા ૭ જાન્યુઆરીએ ચારેય દોષિતોને ૨૨ જાન્યુઆરીએ ફાંસી આપવાનો આદેશ કર્યો હતો.

કોરોના વાયરસ
પહેલા પાનાથી ચાલુ

શનિવારથી આ કેસના નવા ૨૦૦૯ મામલાઓ પ્રાકશમાં આવ્યા હતા. જે એક દિવસ પહેલા નોંધાયેલા ૨૬૪૧ કેસની સરખામણીએ ઓછા છે. કુલ ૭૧૩૩૦ મામલા પ્રકાશમાં આવ્યા હતા જેમાંથી ૧૦૯૭૩ દર્દીઓ સારવારથી વાયરસ મુક્ત થઈ ગયા છે.

સંયુક્ત રાષ્ટ્ર
પહેલા પાનાથી ચાલુ

આવી રહેલા આતંકવાદ સામે વિશ્વસનીય કાર્યવાહી કરે.

આ નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે બે દેશના વિવાદમાં ત્રીજા પક્ષની મધ્યસ્થતાને કોઈ અવકાશ નથી. બધા વિવાદનો અંત દ્વિપક્ષીય રીતે આવી શકે છે, પરંતુ ખરો મુદ્દો તો પાકિસ્તાન દ્વારા ખોટી રીતે કબજે કરવામાં આવેલા વિસ્તારને મુક્ત કરાવવાનો હોવો જોઈએ.

અમે આશા કરીએ છીએ કે યુએન મહાસચિવ સરહદપાર આતંકવાદને રોકશે. તેના કારણે જમ્મુ-કાશ્મીરમાં લોકોના માનવાધિકારને ખતરો છે.

એન્ટોનિયો ગુટેરેસ પાકિસ્તાનના ચાર દિવસના પ્રવાસ છે. તેમણે પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ મહેમુદ કુરેશી સાથે બેઠક કરી હતી. બેઠક દરમિયાન તેમણે કહ્યું હતું કે તેઓ જમ્મુ-કાશ્મીરની સ્થિતિ અને એલઓસી ઉપર બન્ને દેશના તણાવથી ચિંતિત છે. ભારત-પાકિસ્તાને તણાવને સમાપ્ત કરવો જોઈએ. ગુટેરેસે કહ્યું કે બન્ને દેશ ઈચ્છે તો તેઓ મદદ કરવા માટે તૈયાર છે.

દરેક વ્યક્તિ
પહેલા પાનાથી ચાલુ

કે, તેઓ બીજા પક્ષને સાંભળ્યા વિના કોઈ આદેશ આપી ના શકે.

જણાવી દઈએ કે, સીએએના વિરોધમાં ૧૫ ડિસેમ્બરે જામિયા નગરમાં થયેલા હિંસક પ્રદર્શન બાદ દિલ્હી-નોઈડાને જોડનારા હાઈવે પર સ્થિત શાહીન બાગ વિસ્તારમાં વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. આ પ્રદર્શનમાં અનેક મહિલાઓ પણ જોડાઈ રહી છે.

ટ્રમ્પના રૂટને ૧ લાખ વૃક્ષો અને વિવિધ ફૂલોથી સુશોભિત કરાશે

અમદાવાદ

અમેરિકન પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪ ફેબ્રુઆરીએ ગુજરાતના મહેમાન બનવાના છે. અમદાવાદમાં નિર્માણ પામેલા વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમના ઉદ્ઘાટન સમારોહમાં તેઓ હાજરી આપવાના છે, ત્યારે અમદાવાદ શહેરને દુલ્હનની જેમ સણગારવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પીએમ મોદી અને ટ્રમ્પની ખાસ મુલાકાત અને શહેરના બ્યૂટિફિકેશન માટે ૧૨૦ કરોડનો ખર્ચ કરવામાં આવનારો છે. ટ્રમ્પ જે રૂટ પરથી પસાર થવાના છે ત્યાં અનેકવિધ ફૂલો અને વૃક્ષોનું સુશોભન કરવામાં આવી રહ્યું છે.

મોદી અને ટ્રમ્પની અમદાવાદ મુલાકાત પાછળ અંદાજે ૧૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જેમાં ૧૮ રસ્તાઓ અને અન્ય ઈન્ટરનલ રસ્તાઓનું નિવિનીકરણ કરવામાં આવશે, જેની પાછળ ૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. ટ્રમ્પ જે રૂટ પરથી પસાર થવાના છે ત્યાં નવા ફૂટપાથ અને સ્ટેજના કાર્યક્રમ પાછળ ૩૫થી ૪૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે રૂટના બ્યૂટિફિકેશન માટે ૩.૭૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરાઈ રહ્યો છે.

ટ્રમ્પ જે રૂટ પર પસાર થવાના છે ત્યાં ૩.૭૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે. જેમાં અમુક સ્થળે વિવિધ ફૂલોના કૂંડા મૂકવામાં આવશે અને ૧ લાખ વૃક્ષો રૂટ ઉપર મૂકવામાં આવશે. ચિમનભાઈ પટેલ બ્રિજથી મોટેરા સ્ટેડિયમ અને એરપોર્ટ સુધીના રોડ પર ૧.૭૫ કરોડ રૂપિયાનું સુશોભન કરવામાં આવશે. આ રૂટને ૧.૭૩ કરોડ રૂપિયાના ફૂલોથી સુશોભિત કરવામાં આવશે. જ્યારે જુંડાલ સર્કલ રોડ પર ૧.૯૦ કરોડના ખર્ચે ફૂલોથી સજાવટ કરવામાં આવશે.

ટ્રમ્પ દંપતીને 'રાણી કી વાવ'ની પ્રતિકૃતિ અને પાટણનું પટોળું ભેટસ્વરૂપે અપાશે

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ ૨૪મી ફેબ્રુઆરીના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે ત્યારે ગુજરાતની પરંપરાના ભાગરૂપે ટ્રમ્પને ભેટસ્વરૂપે વિશ્વ વિખ્યાત પાટણનું પટોળું અને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન પામેલી પાટણની 'રાણી કી વાવ'ની પ્રતિકૃતિ પીએમ મોદી દ્વારા આપવામાં આવશે. સામાન્ય રીતે વિદેશી મહેમાનોને ગાંધીજીનો ચરખો અને અમદાવાદની સીદી સૈયદની જાળીની પ્રતિકૃતિ ભેટસ્વરૂપે આપવામાં આવે છે. પરંતુ મોદી દ્વારા વિશ્વભરમાં વિખ્યાત 'રાણી કી વાવ' અને પાટણના પટોળાની ગિફ્ટ ટ્રમ્પ દંપતીને આપવામાં આવે એવી શક્યતા છે.

મોટેરા સ્ટેડિયમમાં બોલિવૂડ અને ઢોલિવૂડનાં ગાયક કલાકારો પરફોર્મ કરશે

અમદાવાદ

અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪મી ફેબ્રુઆરીએ અમદાવાદ આવીને ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મોટેરા ખાતે નવનિર્મિત વિશ્વનાં સૌથી મોટા સ્ટેડિયમનું ઉદ્ઘાટન કરવાના છે. અમદાવાદ એરપોર્ટ પર મહાનુભાવોનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. અને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે. ટ્રમ્પનાં ભારત પ્રવાસ માટેની સુરક્ષા તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. તો બીજી તરફ મોટેરા સ્ટેડિયમમાં બોલિવૂડનાં નામાંકિત કલાકારો એ.આર રહેમાન, શાન અને સોનુ નિગમ, કિર્તીદાન, પાર્થિવ ગોહિલને આમંત્રણ આપવામાં આવ્યું છે ત્યારે, આ કલાકોરો જ સ્ટેજ પર્ફોર્મન્સ આપી શકે છે.

મોટેરા સ્ટેડિયમમાં નમસ્તે ટ્રમ્પનાં કાર્યક્રમમાં બોલીવુડનાં જાણીતા ગાયક કલાકાર એ.આર.રહેમાન, સોનુ નિગમ અને શાનને મોટેરા સ્ટેડિયમ આવવાનાં છે. આ સિવાય બીસીસીએસના પ્રેસિડેન્ટ સૌરવ ગાંગુલી, સચિન તેંડુલકર, પાર્થિવ પટેલ, જસપ્રીત બુમરાહને પણ આમંત્રણ અપાયુ છે. આ ઉપરાંત ગુજરાતનાં મોટા ગાયકો કિર્તીદાન ગઢવી, પાર્થિવ ગોહિલને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે.

ટ્રમ્પ પોતાના માર્કેટીંગ માટે આવે છે એમાં ભાજપ-મોદી શેના હરખાય છે?: શંકરસિંહ વાઘેલા

બાપૂના ચાબખાં: અમેરિકાના રાષ્ટ્રપતિની ૩ કલાકની મુલાકાત પાછળ પ્રજાના ૨૦૦ કરોડ વેડફી નાંખવાનો હક્ક તમને કોણે આપ્યો

ગાંધીનગર

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ગુજરાત મુલાકાતને લઈને એનસીપીના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ એક વિડિયો સંદેશામાં ભાજપ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ખુદ ટ્રમ્પને પણ આડે હાથે લઈને કહ્યું કે અમેરિકામાં ચૂંટણીઓ આવી રહી છે ત્યારે ટ્રમ્પ ત્યાં વસતા ગુજરાતીઓના વોટ લેવા માટે અને પોતાના માર્કેટીંગ માટે આવી રહ્યાં છે ત્યારે વડાપ્રધાન મોદી કોના માટે પ્રજાના કરોડો રૂપિયાનું આંધણ કરી રહ્યાં છેતેનો જવાબ આપે.

તેમણે પોતાનો આ વિડિયો ફેસબુક પર મૂકીને સવાલ કરતાં કહ્યું કે કોઈ વડાપ્રધાનને બીજા દેશના માટે પ્રચાર કરતાં જોયા છે ખરાપએમ કહીને કહ્યું કે મોદીએ બીજા દેશની ચૂંટણીમાં પ્રચાર કરવાની કોઈ જરૂર નથી. ટ્રમ્પની મુલાકાત પાછળ ખર્ચાઈ રહેલા લોકોના પરસેવાના કરોડો રૂપિયાનો હિસાબ લોકશાહીમાં ભાજપ અને સરકારે આપવો પડશે. સતત ૨૫ વર્ષ ગુજરાતમાં સત્તા ભોગવનાર ભાજપ સરકારને હજુ પણ ગરીબી છુપાવવા દિવાલો બનાવવી પડે એ જ બતાવે છે કે ૨૫ વર્ષ કેવું શાસન કર્યું છે.વોટ લેવા માટે ગરીબી બતાવવાની અને વિકાસ બતાવવાનો હોય ત્યારે ગરીબી છુપાવવાની તરકીબ ભાજપ પાસેથી શુખવાની જરૂર છે.

તેમણે કહ્યું કે અમેરિકામાં ટ્રમ્પની છાપ લોકશાહીવિરોધી પ્રકારની છે અને ઇમ્પીચમેન્ટથી ધ્યાન બીજે વાળવા માટેના તેમના આ પ્રયાસો છે. શું અમદાવાદ પ્લેનમાંથી ઉતરતાં તેમને ભારતની ગરીબી નહીં દેખાયપ? ભાજપ સરકારે આવા તાયફા બંધ કરીને પ્રજાની સમસ્યાઓ માટે ધ્યાન આપીને રોજગારી, સારૂ અને સસ્તુ શિક્ષણ મળે તેવા પ્રયાસો કરવા જોઈએ. ગાંધી સરદાર સાદગીના પૂજારી અને પ્રતિક હતા એવા ગાંધીના આશ્રમમાં સુટબુટવાળા જઈને ગાંધીની મજાક ઉડાવવાનું બંધ કરવુ જોઈએ.

તેમણે વધુમાં કહ્યું કે પોતાના માર્કેટીંગ માટે આવતા અમેરિકાના રાષ્ટ્રપતિની અમદાવાદની ૩ કલાકની મુલાકાત પાછળ ૨૦૦ કરોડ વેડફી નાંખવા કરતાં શાળાઓ પાછળ અને બેકારોને રોજગારી માટે ખર્ચ કરવો જોઈએ. આ પ્રજાના રૂપિયા છે તમને શું હક્ક છે વાપરવાનો એવો સવાલ પણ તેમણે કર્યો હતો.

તુલસીશ્યામની રેન્જમાંથી બે સિંહના મૃતદેહ મળી આવતા અરેરાટી વ્યાપી

ગીર-સોમનાથ

ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના જશાધાર વનવિભાગ રેન્જમાંથી અને તુલસીશ્યામની રેન્જમાંથી સિંહના બે મૃતદેહ મળી આવતા વન વિભાગના અધિકારીઓ દોડતા થઈ ગયા છે. વન્ય જાનવરો રેવન્યૂ વિસ્તારમાં પોતાનું નિવાસ સ્થાન બનાવતા હોવાથી તેમની મોતના કિસ્સાઓ વધી રહ્યા છે.

વનરાજાના મૃત્યુના સમાચારથી વન્ય પ્રેમી પ્રજામાં ચિંતાનું મોજુ ફેલાયું છે. મૃત સિંહો પર કબજો મેળવીને એનીમલ કેર સેન્ટર ખાતે તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. પોસ્ટમોર્ટમની મદદથી સિંહોના મોતનું યોગ્ય કારણ જાણી શકાશે.

ઘટનાની જાણ થતા જ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળ પર દોડી ગયા હતા. તેઓએ તાત્કાલિક ધોરણે તપાસ હાથ ધરી લીધી હતી. પ્રાથમિક તપાસ અનુસાર વાસી ખોરાક ખાવાના કારણોસર, શોર્ટ સર્કિટના કારણે અથવા તો ખેતીવાડી વિસ્તારમાં ખેતી પાકો માટે છંટાતી જૈવિક દવા ખાઈ લેવાના કારણો સર તેમનું મોત નિપજ્યું હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.

વસ્ત્રાપુર રાયોટિંગ કેસઃ હાર્દિક પટેલના આગોતરા જામીન નામંજૂર

અમદાવાદ

નસીકપુર પોલીસ દ્વારા અન્ય કેસમાં કરેલી ધરપકડ બાદ વસ્ત્રાપુર પોલીસ હાર્દિક પટેલની વર્ષ ૨૦૧૫ જીએમડીસી ગ્રાઉન્ડ કેસમાં ધરપકડ કરશે, તેવી શક્યતાને પગલે હાર્દિક તરફે હાઈકોર્ટમાં દાખલ કરેલી આગોતરા જામીન અરજી સોમવારે જસ્ટિસ વી.એમ. પંચોલીએ ફગાવી દીધી છે. હાર્દિક બાહેંધરી પછી પણ શરતોનું ઉલ્લંઘન કરતો હોવાથી હાઈકોર્ટે આગોતરા જામીન ફગાવ્યાં છે. હાઈકોર્ટમાં રાજ્ય સરકાર તરફે મૌખિક રજૂઆત કરવામાં આવી હતી કે, દેશના ઉચ્ચ હોદ્દા પર બેસનાર લોકો વિશે હાર્દિક ટિપ્પણી કરતો હોવાથી તેને જામીન ન આપવામાં આવે. કોર્ટે રાજ્ય સરકારને સવાલ કર્યો કે, ગત પાંચ વર્ષમાં હાર્દિક પટેલ વિરૂદ્ધ કેમ કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. જેના જવાબમાં રાજ્ય સરકાર તરફે રજૂઆત કરવામાં આવી હતી કે, હાર્દિક તેના બંને એડ્રેસ પર મળી આવતો નથી અને એટલા માટે જ પાછલા પાંચ વર્ષથી તે પોલીસની પહોંચની બહાર છે.

આ મુદ્દે હાર્દિક પટેલના વકીલ રફીક લોખંડવાલાએ રજૂઆત કરી હતી કે, પાછલા પાંચ વર્ષથી હાર્દિક ઉપલબ્ધ હતો, પરંતુ પોલીસે તપાસ માટે ક્યારેય બોલાવ્યો નથી અને અચાનક પાંચ વર્ષ બાદ પોલીસ તેની ધરપકડ કરવા માંગે છે. એફઆઈઆરમાં આઈપીસીની કલમ-૩૩૨ કે ઉશ્કેરણીજનક નિવેદનો સામેલ કરવામાં આવ્યા નથી. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા હાર્દિક પટેલ પર પાટીદાર અનામત આંદોલન બાદ થયેલી હિંસાના આરોપસર રાજદ્રોહનો કેસ લાદવામાં આવ્યો હતો. જેની ટ્રાયલમાં હાર્દિક ગેરહાજર રહેતા. તેમની વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ કાઢવામાં આવ્યું હતું. હાર્દિકની ધરપકડ બાદ તમને કોર્ટે જામીન આપ્યા હતા. હાર્દિક જેલમાંથી બહાર આવે ત્યાં અન્ય એક કેસમાં સિદ્ધપુર પોલીસ દ્વારા હાર્દિક પટેલની ધરપકડ કરવામાં આવી હતી. ત્યાં પણ સ્થાનિક કોર્ટે હાર્દિકના જામીન મંજૂર કર્યા હતાં.

સ્ટેડિયમમાં ટ્રમ્પ-મેલેનિયા માટે ખાસ રૂમ બનાવાયો

સુરક્ષા સાધનો લઈ અમેરિકન ડેલિગેશનનું વિમાન એરપોર્ટ પર લેન્ડ થયું

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદની મુલાકાત બહુ જ ખાસ બની રહેવાની છે, તેથી આ મુલાકાત પર સૌની નજર છે. ત્યારે અમેરિકન ડેલિગેશનનું પહેલું વિમાન અમદાવાદ એરપોર્ટ પર પહોંચી ચૂક્યું છે. સુરક્ષા સાધનો અને જરૂરી સામાન લઈને અમેરિકાથી વિશેષ વિમાન અમદાવાદ એરપોર્ટ પર લેન્ડ થયું છે. આ સાથે જ અમેરિકી સ્નાઈપર અને ફાયર સેફટી સિસ્ટમ, સ્પાય કેમેરા અને મરીન કમાન્ડોથી જોડાયેલી સુરક્ષા સામગ્રી અમદાવાદ લાવવામાં આવી છે. અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પહેલું વિમાન અમદાવાદ પહોંચ્યું છે.

મોટેરા મેદાનમાં આવેલા ક્લબ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પ અને મિલેનિયા ટ્રમ્પ માટે કરાઈ ખાસ વ્યવસ્થા કરાઈ છે. રોડ શો મારફતે મોટેરા પહોંચનાર અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે એક અલગ રૂમની વ્યવસ્થા કરાઈ છે. ક્લબ હાઉસના આ અલાયદા રૂમમાં ટ્રમ્પ દંપતી તૈયાર થશે. તેઓ કોફીનો સ્વાદ માણ્યા બાદ ટ્રમ્પ દંપતી મેદાનની અંદર પ્રવેશ કરશે. મેદાનની અંદર લાખોની મેદની વચ્ચે ટ્રમ્પ દંપતી કોફીનો સ્વાદ માણી પ્રવેશ કરશે.

યુએસથી આવેલા એરફોર્સ વિમાનમાં આવી ટ્રમ્પ માટે ખાસ કાર

અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ૨૪મી ફેબ્રુઆરીનાં રોજ અમદાવાદ મુલાકાતે આવવાના છે. જેના પગલે અમેરિકન સિક્રેટ સર્વિસનાં ૧૮ જેટલા અધિકારીઓએ રવિવારનાં રોજ મોટેરા સ્ટેડિયમની મુલાકાત લીધી હતી. મોટેરા સ્ટેડિયમ ખાતે આવેલી ૫ ગાડીઓ પૈકી એક મોટી ગાડીમાંથી ૧૦ યુએસ અધિકારી તેમજ અન્ય ચારમાંથી ૮ એમ ૧૮ અધિકારીઓ આવ્યાં હતા. જેઓએ મોટેરા સ્ટેડિયમની અંદર તેમજ બહારની સાઈડથી સઘન ચેકિંગ કર્યું હતુ. ત્યારે અમદાવાદ એરપોર્ટ પર યુએસથી ટ્રમ્પ પ્રવાસ માટેનો સામાન લઈને એક હરક્યુલસ પ્લેનનું પણ ઉતરાણ થયું છે. ત્યારે ડોનાલ્ડ ટ્રમ્પની સુરક્ષા માટે એક કાર પણ તૈયાર કરવામાં આવી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે આ કાર યુએસથી આવેલા એરફોર્સ વિમાનમાં આવી છે. આ કારની નંબર પ્લેટ પર પણ 'યુએસ ગવર્મેન્ટ ફોર ઓફિશિયલ યુઝ ઓન્લી' લખવામાં આવ્યું છે.

વિકૃત પાડોશી યુવકે આધેડ મહિલાને અડપલાં કરતા પોલીસે ધરપકડ કરી

અમદાવાદ

અમદાવાદ શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલી એક ચાલીમાં અજીબો-ગરીબ ઘટના બની છે. અહીં રહેતી એક પરિણીત આધેડ મહિલા કપડાં સૂકવતી હતી ત્યારે જ પાડોશી યુવક આવ્યો હતો અને અચાનક જ આધેડ કંઈ સમજે એ પહેલા એના શરીરના ગુપ્ત ભાગે હાથ નાખી દીધો હતો.

ગીરધરનગરમાં આવેલી એક ચાલીમાં ૫૦ વર્ષીય આધેડ પરિણીતા તેના પરિવાર સાથે રહે છે. તે બપોરના સમયે તેના ઘર પાસે કપડાં સૂકવતી હતી ત્યારે પાડોશી યુવક તેની પાસે આવ્યો હતો. ૨૦ વર્ષીય પારસ દંતાણીએ અચાનક જ આ આધેડ મહિલાના કપડાં ઊંચા કરીને તેના ગુપ્ત ભાગમાં હાથ નાખી દીધો હતો.

યુવકના આવા અધમ કૃત્યા બાદ મહિલાએ બૂમાબૂમ કરતા તેના પતિ સહિતના લોકો દોડી આવ્યા હતા. જોકે, પારસ આ હરકત કરીને ત્યાંથી નાસી ગયો હતો અને ખૂણામાં સંતાઈ ગયો હતો. જે બાદમાં તાત્કાલિક પોલીસને જાણ કરતા જ શાહીબાગ પોલીસે આરોપી પારસની ધરપકડ કરી હતી.

અલ્પેશ ઠાકોર ફરી બગાવતનાં મુડમાં..?!! આમ આદમી પાર્ટીમાં જોડાવાના એંધાણ

ગુજરાતની રાજનીતિ એક એવી રાજનીતિ છે જે દરેક રાજનીતિક લોકો ને એક સારી શિખામણ આપી ને જાયે છે. ત્યારે થોડા વર્ષ પહેલાં વ્યસન મુક્તિના નામે રાજનીતિમાં ઝંપલાવી અલ્પેશ ઠાકોરે રાજનીતિની શરૂઆત કરી.પરંતુ આજે અલ્પેશ જેટલી ઝડપે સમાજના સહારે આગળ વધ્યા એટલીજ ઝડપે આજે અલ્પેશ પડતા દેખાઈ રહ્યા છે. સૂત્રોથી માહિતી મળી રહી છે કે અલ્પેશ હવે આમ આદમી પાર્ટીનો છેડો પકડવાની તૈયારીમાં લાગ્યા છે. અલ્પેશ ઠાકોરે સૌપ્રથમ કોંગ્રેસ સાથે બગાવત કરી ભાજપનું દામન થામી ભાજપ સાથે જોડાઈ ગયો.ત્યારે હવે ફરી એક વખત અલ્પેશ બગાવતના મૂડમાં દેખાઈ રહ્યો છે, અલ્પેશ ઠાકોર ભાજપ સાથે પણ બગાવત કરશે..? અલ્પેશ ઠાકોર આમ આદમી પાર્ટીમાં જોડાશે..?

સમાજની વચ્ચે રહું સમાજ સાથે મોટા બોલ બોલી અલ્પેશ રાજનીતિમાં આવ્યો ત્યારે હવે ફરી આમ આદમી પાર્ટીનું ઝાડુ લઈ ભાજપ અને કોંગ્રેસની ગંદગી દૂર કરશે...!? ઠાકોર સમાજના સૂત્રો દ્વારા માહિતી મળી રહી છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત ગુજરાતની મુલાકાતે આવવાના છે ત્યારે અલ્પેશ એસસી, એસટી અને ઓબીસીની એલઆરડી મહિલાના સમર્થનમાં રેલી કાઢશે જો એની વચ્ચે ભાજપ વિઘ્ન નાખશે તો ભાજપ સાથે બગાવત કરી તે આમ આદમી પાર્ટીનું દામન થામી લેશે...!!

તમામ પ્રમાણે નિષ્ફળ રહી ચૂકેલા ઠાકોર સમાજના નેતા અલ્પેશ હવે સમાજની નજરો માં પડતા દેખાઈ રહ્યા છે. ગુજરાતમાં સૌથી વધારે વર્ચસ્વ ઓબીસી, એસી,એસટીનો છે. આ સમાજ એક એવો સમાજ છે જે ગુજરાત ને એક નવા મુખ્યમંત્રી આપી શકે પરંતુ અલ્પેશ જેવા નેતાઓના કારણે આજે સમાજના દામન ઉપર દાગ લાગી ગયો છે. સૂત્રો હવે કહી રહ્યા છે કે અલ્પેશ ઠાકોર એક વખત જીતી ગયો પણ હવે સમાજ એને પડખે નહિ ઉભું રહે કારણ કે અલ્પેશે સમાજ સાથે દગો કર્યો છે ગુજરાતના તમામ ઠાકોર આજે અલ્પેશ ઠાકોરનો વિરોધ કરી તેની સામે આખો બતાવે તેવા સમાચાર જણાવા મળી રહ્યા છે.

એક વર્ષ પહેલાં અલ્પેશ ઠાકોરે ગુજરાતની શાંતિ ભંગ કરવાનું કાર્ય કર્યું છે જેમાં ગુજરાતમાં વસતા પરપ્રાંતીય લોકો ઉપર હુમલાઓ કરાવી એક મોટી હાનિ ગુજરાતને પોહચડવાનું કાર્ય કર્યું હતું. ત્યારે કેટલાક લોકો ગુજરાત છોડી પોતાના વતન જતા રહતા હતા અને ગુજરાતના ઉદ્યોગ અને કારખાનાઓ બંધ રહ્યા હતા આનાથી ગુજરાતને ઘણું નુકશાન ભોગવું પડ્યું હતું. અલ્પેશ હંમેશા વિવાદમાં સપડાયેલા રહ્યા છે.. ત્યારે હવે જોવાનું રહ્યું કે શું ભાજપ સામે બગાવત કરી ત્રીજી પાર્ટીનું દામન થામશે અલ્પેશ ઠાકોર...!!??

ભુજમાં સ્વામીનો વિવાદાસ્પદ વીડિયો વાયરલ...

માસિક ધર્મમાં રહેલી મહિલાના હાથે રોટલા ખાશો તો કૂતરા, બળદનો અવતાર મળશે

અમદાવાદ

થોડા દિવસ પહેલાં સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત કચ્છના ભુજની સહજાનંદ ગર્લ્સ કોલેજમાં ૬૮ દીકરીઓ સાથે થયેલાં ગેરવર્તણૂંકથી સમગ્ર રાજ્યમાં હાહાકાર મચી ગયો છે. માસિક ધર્મમાં હોવા અંગે તપાસ કરવા સંચાલકોએ વોશરૂમ(બાથરૂમ)માં લઈ જઈ દીકરીઓના કપડાં ઉતરાવી ચેક કરાવ્યા હતા. હવે આ મુદ્દે વિવાદ વકર્યો છે. કચ્છના ભુજમાં સ્વામીનો વિવાદાસ્પદ એક વીડિયો વાયરલ થયો છે. વિવાદાસ્પદ વીડિયોમાં સ્વામીજી મહિલાઓ સાથે ભેદભાવ દર્શાવિતા બોલ બોલી રહ્યા છે.

આ સ્વામીજીનું નિવેદન સાંભળીને સૌ કોઈનું લોહી ઉકળી શકે છે. સ્વામીજીનું પોતાના ભાષણમાં માસિક ધર્મને લઈ કથામાં કરેલું સંબોધન વાયરલ થયું છે. તેમણે જણાવ્યું કે, માસિક ધર્મમાં હોય તે મહિલાના હાથે ભોજન ન કરવું જોઈએ. આવી મહિલાના હાથે ભોજન કરવાથી કુતરા, બળદનો અવતાર મળે છે. આ નિવેદન બાદ સ્વામીજી અહેવાલોમાં ટીકાના પાત્ર બન્યા હતા.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, કચ્છના ભુજમાં શ્રી સહજાનંદ કોલેજમાં અભ્યાસ કરતી ૬૮ દીકરીઓના માસિક ધર્મની તપાસ માટે કપડા કઢાવવાની ઘટનાની શ્યાહી હજી સૂકાઇ નથી ત્યાં ભુજ મંદિરના જ સ્વામી કૃષ્ણસ્વરૂપ દાસજીએ સ્ત્રીઓના માસિક ધર્મને લઈને કરેલી વાતનો વીડિયો વાયરલ થયો છે. આ વીડિયોમાં સ્વામી કહે છે કે, સ્ત્રી માસિક ધર્મ સમયે તેના હાથનો બનાવેલ રોટલો જો કોઇ પુરૂષ કે તેનો પતિ ખાય તો તેનો બળદમાં અવતાર આવે છે. ત્યારે ખરેખર સવાલ એવો ઉભો થાય છે કે, સ્વામીજીને શું આવી વાત કરવી શોભે છે ?

સહજાનંદ ગર્લ્સ કોલેજના વકરેલા વિવાદ મામલે ભુજ સ્વામિનારાયણ મંદિરના સ્વામિએ નિવેદન આપ્યું હતું. જેણા કારણે તેઓ અહેવાલોની હેડલાઈન બન્યા હતા. તેઓએ કહ્યું કે માસિક ધર્મ દરમિયાન મહિલાઓએ કામ ન કરવા જોઈએ. આ સમયે ઘરનું કામ કરવાથી અનિષ્ટ થાય છે. એકવાર તમે માસિક ધર્મમાં રહેલી સ્ત્રીના હાથના તમે રોટલા ખાઈ જાઓ એટલે બીજો અવતાર બળદનો જ છે. હવે તમને જે લાગવું હોય તે લાગે આ શાસ્ત્રની વાત છે. સ્વામીના આ વિવાદિત વીડિયોને લઈને પણ વિવાદ શરૂ થઈ ગયો છે.

એએમસીની કામગીરી શંકાના ઘેરામાં... દબાણમાં ન આવતી દુકાનોને સીલ મારી દીધા

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૪ ફેબ્રુઆરીએ અમદાવાદ આવવાના છે. જેને લઈને મ્યુનિસિપલ કોર્પોરેશને શહેરના રોડ-રસ્તા રાતોરાત ચકાચક કરી દીધા છે. ઉપરાંત દીવાલો બનાવી કેટલીક જગ્યાઓને ઢાંકી રહ્યા છે. હવે ઈન્દિરાબ્રિજ પાસે આવેલી કેટલીક દુકાનોને આજે વહેલી સવારે મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગે એકાએક સીલ કરી દીધી છે. દુકાનો સીલ થતાં અનેક પ્રશ્નો ઉભા થયા છે.

ઈન્દિરાબ્રિજ સર્કલ પાસે આવેલી કેટલીક દુકાનોને મ્યુનિ. હેલ્થ વિભાગે વગર કારણે સીલ કરી દીધી છે. દુકાન પર ચેતવણીનું બોર્ડ મારી લખી દેવામાં આવ્યું છે કે, "હેલ્થ વિભાગ ઉત્તર ઝોન દ્વારા આ સીલ મારવામાં આવ્યું છે. વગર મંજૂરીએ આ સીલ ખોલવા કે ચેડાં કરવામાં આવશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે." આવી નોટિસના બાય ઓર્ડરમાં કોઈ પણ અધિકારીની સહી નથી, છતાં નોટિસ ચીપકાવી દેવામાં આવી છે. દુકાનો દબાણમાં ન આવતી તેમજ કોઈ ગંદકી કરતી ન હોવા છતાં પણ સીલ મારી દેતા એએમસીની કામગીરી શંકાના ઘેરામાં આવી છે.

હાલ ૪ બેઠકમાંથી ભાજપ પાસે ૩ અને કોંગ્રેસની પાસે એક બેઠક

રાજ્યસભાની ૪ બેઠકો માટે ૨૬મી માર્ચે ચૂંટણી જાહેર

ગાંધીનગર

ગુજરાતમાં એપ્રિલ મહિનામાં ખાલી પડનારી રાજ્યસભાની ૪ બેઠકો માટે ચૂંટણી ૨૬ માર્ચે યોજાશે. ગુજરાત વિધાનસભામાં ધારાસભ્યનું સંખ્યાબળ જોતા ભાજપને એક બેઠક વધારાની ગુમાવવી પડે તેમ છે. હાલ આ ૪ બેઠકમાંથી ભાજપ પાસે ૩ અને કોંગ્રેસની એક બેઠક છે.

આગામી એપ્રિલમાં ગુજરાતમાંથી રાજ્યસભામાં ગયેલા ચાર સાંસદો ચુની ગોહેલ(ભાજપ), મધુસુદન મિસ્ત્રી(કોંગ્રેસ), લાલસિંહ વાડોદીયા(ભાજપ) અને શંભુ પ્રસાદ ટુંડિયા(ભાજપ)નો કાર્યકાળ પુરો થઈ રહ્યો છે. આ ચાર સભ્યોમાં ત્રણ ભાજપના અને એક કોંગ્રેસના છે. જો એક સાથે આ ૪ બેઠકોની ચૂંટણી થાય તો ભાજપ એક બેઠક ગુમાવી શકે છે અને કોંગ્રેસ ને એક બેઠકનો ફાયદો થઈ શકે છે. લોકસભાની ૨૬ બેઠકમાંથી કોંગ્રેસ પાસે એકપણ બેઠક નથી, પરંતુ રાજ્યસભામાં ચાર બેઠક છે. જે વધીને પાંચ થઈ શકે તેમ છે.

ગુજરાતમાં રાજ્યસભાની કુલ ૧૧ બેઠક છે. જેમાંથી ભાજપ પાસે ૭ અને કોંગ્રેસ પાસે ૪ બેઠક છે. હાલ કોંગ્રેસમાંથી મધુસુદન મિસ્ત્રી, અહમદ પટેલ, અમી યાજ્ઞિક અને નારણ રાઠવા રાજ્યસભાના સભ્ય છે. કોંગ્રેસમાંથી રાજ્યસભામાં સૌથી વધુવાર જીતવાનો રેકોર્ડ અહમદ પટેલના નામે છે. અહમદ પટેલ કુલ પાંચ વાર રાજ્યસભાની ચૂંટણી જીતી ચૂક્યા છે.

ચારેય બેઠકોની ચૂંટણી એકસાથે થાય તો બંને ઉમેદવારને સરખા પ્રેફરન્સ વોટ જોઈએ. જેના માટે નિયત ફોર્મ્યુલા એવી છે કે જેટલી સીટની ચૂંટણી હોય તેમાં એક ઉમેરીને તે સંખ્યાને કુલ ઉપલબ્ધ ધારાસભ્યોની સંખ્યા સાથે ભાગાકાર કરવાનો હોય છે. તેના વડે જે પૂર્ણાંક આવે તેમાં એક ઉમેરતા જે સંખ્યા આવે તેટલા મત એક ઉમેદવારને જીતવા માટે જોઈએ. રાજ્યસભામાં ૪ જગ્યા ખાલી પડશે. જેમાં એક ઉમેરતા ૫ થાય અને હાલ ૧૭૯ ધારાસભ્યો છે. જેથી તેને ૫ વડે ભાગવાથી ૩૫.૮ થાય જેમાં એક ઉમેરતા ૩૬.૮ જેને પૂર્ણાંક ગણતા ૩૭ મતની જરૂરિયાત રહે. જેથી ત્રણ બેઠક મેળવવા માટે ભાજપને કુલ ૧૧૧ એમએલએના મતની જરૂર પડે. પરંતુ ભાજપ પાસે હાલ ૧૦૩ અને કોંગ્રેસ પાસે ૭૨ ધારાસભ્યો છે. જેથી કોંગ્રેસને બે સીટ જીતવા ૭૪ મતની જરૂર પડશે. આમ કોંગ્રેસને બે મત ખૂટશે, જેની ભરપાઈ અપક્ષ ધારાસભ્ય મેવાણી અને બીટીપીના બે સભ્યોનો સાથ મળતા થઈ શકે છે. જ્યારે ભાજપને ત્રણ બેઠક જીતવા ૮ સભ્યોની ઘટ પડી શકે છે.

ટ્રમ્પનું ભવ્ય સ્વાગત થશેઃ મુખ્યમંત્રી

નોકરી માટે આંદોલન કરતી દિકરીઓની વધુ માત્રામાં ભરતી થશે : રૂપાણી

ગાંધીનગર

એલઆરડીની ભરતીમાં જીએડીના ૧ ઓગસ્ટ, ૨૦૧૮ના ઠરાવ મામલે અનામત અને બિન અનામત વર્ગ દ્વારા ગાંધીનગરમાં આંદોલનને કારણે સરકારની સ્થિતિ કફોડી થઈ ગઈ છે. સીએમ નિવાસસ્થાને શનિવારે બેઠકોનો ધમધમાટ ચાલુ રહ્યા બાદ રવિવારે પણ બેઠકો યોજવામાં આવી હતી. બેઠક બાદ પરિપત્ર રદ કરવા મામલે અનામત વર્ગના આગેવાનો સાથે બેઠક બાદ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું હતું કે, એલઆરડીની ભરતીમાં જૂના પરિપત્રને ધ્યાનમાં લેવાશે નહીં. જે ઉમેદવારે ૬૨.૫ ટકા માર્ક્સ મેળવ્યા છે તેમની ભરતી કરવામાં આવશે. લાયક ઉમેદવારોને માટે ગુણાંક ૬૨.૫ ટકા છે. ૬૨.૫ ટકા ગુણાંકવાળા તમામની ભરતી કરાશે. ૨૦૧૮ના પરિપત્રને ધ્યાને લીધા વિના એલઆરડીમાં ભરતી થશે.



તમામ જ્ઞાતિઓની બહેનોની ભરતી કરાશે. ૬૨.૫ ટકા ધરાવતા તમામ ઉમેદવારોની ભરતી કરાશે. ૧૧૯૩ ભરતી થવાની હતી. ઓબીસીની ૧૮૩૪ જગ્યા વધારી ૩૨૪૮ કરાઈ. ઓબીસીની ૧૮૩૪ની જગ્યાએ ૩૨૪૮ જગ્યા. ૧૧૯૩ ભરતી થવાની હતી. ઓબીસીની જગ્યા ૧૮૩૪માંથી ૩૨૪૮ કરાઈ હતી. આદિવાસી સમાજની ૪૭૬ના સ્થાને ૫૧૧ મહિલાઓને નોકરી મળશે. જીઆરને નજરઅંદાજ કરીને સરકારે નિર્ણય કર્યો છે. એલઆરડીમાં જેટલી બેઠકોમાં ભરતી થવાની હતી તેનાથી વધુની ભરતી થશે.

ત્યાં જ આજે એલઆરડી ભરતીમાં આંદોલન અંગે ગુજરાતનાં મુખ્યમંત્રીનું નિવેદન પણ સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે, 'નોકરી માટે આંદોલન કરતી દિકરીઓની વધુ માત્રામાં ભરતી થશે. પરંતુ કોંગ્રેસ પાર્ટી આંદોલનના નામે રાજકીય રોટલા શેકવા માગે છે, જેમા તે ક્યારેય સફળ નહી થાય. હાલમાં જીઆરને બાજુમાં મુકી જુની પદ્ધતિ મુજબ ભરતી થઈ રહી છે અને આ નિર્ણયથી તમામ સમાજના લોકોને લાભ થશે. ત્યાં જ વિજય રૂપાણીએ કોંગ્રેસ પાર્ટી પર આક્ષેપ કર્યો હતો કે, તેઓ સમાજ-સમાજ વચ્ચે અંતર લાવી રાજકારણ કર્યું છે.

બીજી બાજૂ ડોનાલ્ડ ટ્રમ્પના આગમન અંગે સીએમ રૂપાણીએ નિવેદન આપ્યું હતું અને કહ્યું હતું કે, અમેરિકાથી ડોનાલ્ડ ટ્રમ્પ સીધા અમદાવાદ આવવાના છે અને દુનિયાના સૌથી મોટા સ્ટેડિયમનું લોકાર્પણ તેમના હાથે થવાનું છે. આ માટે અમદાવાદનાં રોડ પર સાંસ્કૃતિક કાર્યક્રમો થશે અને મોટેરા સ્ટેડિયમમાં મોટી જનમેદની ઉમટી પડશે.

LRD આંદોલનમાં મહિલાઓ માટે જગ્યા વધારતા યુવાનોએ સરકાર સામે મોરચો માંડ્યો

ગાંધીનગર

ગાંધીનગરના સત્યાગ્રહ છાવણીમાં ચાલી રહેલા એલઆરડી આંદોલનમાં નવો વળાંક આવ્યો છે. કારણ કે હવે મહિલાઓ બાદ પુરુષોએ સરકાર સામે મોરચો માંડ્યો છે. પુરુષો સીટોની સંખ્યામાં વધારો કરવાની માંગ સાથે આંદોલન પર ઉતાર્યા છે, તેમજ જો સરકાર આ દિશામાં કોઈ નિર્ણય ન લે તો આંદોલન વધુ ઉગ્ર બનાવવાની ચીમકી ઉચ્ચારી છે.

રાજ્ય સરકાર એલઆરડી આંદોલનના ચક્રવ્યૂહમાંથી બહાર આવવાનો પ્રયાસ કરે છે, એટલી જ વધુ ફસાઈ રહી છે. હવે સરકાર માટે પણ આ આંદોલનના ચક્રવ્યૂહને ભેદવો સાત કોઠા વીંધવાથી જેવું કપરું બની રહ્યું છે. કેમ કે એલઆરડીનો ૧-૮-૨૦૧૮નો પરિપત્ર રદ કરવા મામલે અનામત વર્ગની મહિલાઓએ ૭૦ દિવસથી આંદોલન પર છે. ચાર-પાંચ દિવસથી બિનઅનામત વર્ગની મહિલાઓ આંદોલન પર ઉતરી હતી. જેને પગલે સરકાર દ્વારા એલઆરડીની ભરતી માટે મહિલાઓની સીટો વધારી દીધી છે. મહિલાઓની ભરતી માટે સીટો ૩૦૭૭ હતી તેની જગ્યાએ ૫૨૨૭ કરી દીધી. પરંતુ સરકારની આ જાહેરાતથી હવે પુરુષ વર્ગ નારાજ થયો છે. હવે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી પર પુરુષવર્ગ મેદાને પડ્યો છે.

સોમવારે યુવાનોએ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યો હતો અને સાથે સાથે સરકાર બંધારણનો ભંગ કર્યો હોવાનું જણાવ્યું હતું. સત્યાગ્રહ છાવણી પર સાબરકાંઠા, સુરેન્દ્રનગર, સૌરાષ્ટ્ર સહિત અલગ અલગ જગ્યાએથી યુવાનો આવ્યા છે. એટલું જ નહીં જ્યાં સુધી પુરુષોની સીટોની સંખ્યા નહીં વધે ત્યાં સુધી આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. આંદોલન પર ઉતરેલા યુવાનોએ જણાવ્યું કે, સરકારે મહિલાઓને રાજી કરવાની લહાયમાં પુરૂષવર્ગને નારાજ કર્યો છે.

શિક્ષણ બોર્ડનું ડિજિટલ સ્વરૂપ... વર્ષ ૧૯૫૨થી વિદ્યાર્થીઓનો ડેટા આંગળીના ટેરવે મળશે

અમદાવાદ

ગાંધીનગર શહેરમાં આવેલા ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીમાં શિક્ષણ પ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે ગુજરાતી સેવા કેન્દ્રનો આરંભ કરાયો હતો. આ સેવા કેન્દ્રમાં પત્ર પ્રમાણપત્ર, માઈગ્રેશન પ્રમાણપત્ર, સહિત વિદ્યાર્થીઓને લગતા તમામ પ્રમાણપત્રો ઘરે બેઠા જ મેળવી શકશે જેને લઈને વિદ્યાર્થી દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે અને શિક્ષણ બોર્ડની વેબસાઈટ ઉપર બતાવેલા જરૂરી પુરાવાઓ બતાવીને તે પ્રમાણપત્ર તેમણે સીધો જ મળી રહેશે. જેને લઈને વિદ્યાર્થીઓનો સમય અને નાણાનો બગાડ થતો હતો તે બચી શકશે.

શિક્ષણપ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, વિદ્યાર્થી સેવા કેન્દ્રનો આરંભ થવાના કારણે વિદેશમાં રહેતા વિદ્યાર્થીઓને પણ તેનો લાભ મેળવી શકશે. રાજ્યમાં પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ શિક્ષણ બોર્ડની કચેરીમાં અરજદાર ધોડાપુર ઉમટી પડતું હતું. સેવા કેન્દ્રનો આરંભ થવાથી આ પ્રકારની તમામ સમસ્યાઓમાંથી મુક્તિ મળશે. બીજી તરફ ભુજમાં શાળાને વિદ્યાર્થીઓને માસિક તપાસ બાબતે બનેલી બનાવને લઈને કહ્યું કે આ ખૂબ જ ખરાબ બનાવ છે. જેમાં ત્રણ લોકોને સસ્પેન્ડ પણ કરી દેવામાં આવ્યા છે. આ પ્રકારના બનાવો ફરીથી ન બને તેવો દાખલો બેસાડવામાં આવશે.

પોલીસે આપેલુ આઈકાર્ડ લટકાવેલું હશે એને જ પરવાનગી, સોસાયટી દ્વારા સુચના

સોસાયટીના નાકે ટ્રમ્પ-મોદીનો રોડ શો જોવા પોલીસની મંજૂરી મેળવવી પડશે...!

તો શું બીજા બધાને ચીનની જેમ ઘરમાં પૂરાઈ રહેવું પડશે...?

ગાંધીનગર

સોશ્યલ મિડિયામાં ચીનના કોરોના વાયરસના વિડિયો ફરી રહ્યાં છે. જેમાં ચીનના સત્તાવાળાઓએ અસરગ્રસ્તોને ઘરોમાં પૂરી રાખ્યાં છે અને તેઓ બહાર ના નિકળી શકે તે માટે ઘરોની બહાર પાટિયા મારતા નજરે પડે છે. શું મોટેરા અને સ્ટેડિયમની આસપાસ રહેનાર લોકોને પણ ચીનની જેમ તેમના ઘરોમાં રહેવું પડશે...આ સવાલ એટલા માટે ચર્ચામાં છે કેમ કે જો ટ્રમ્પ-મોદીનો રોડ શો જોવો હોય તો પોલીસની મંજૂરી લઈને ઘરની બહાર રોડ પર ઉભા રહેવા દેવામાં આવશે.. નહીંતર પોલીસ પકડી જશે એવી સુચના જે તે સોસાયટીના પાટિયા પર મૂકતા લોકોમાં ભારે રોષ ફેલાઈ શકે તેમ છે.

સૂત્રોએ કહ્યું કે એક સોસાયટીના બોર્ડ પર સુચના આપવામાં આવી છે કે ૨૪-૨૫-૨૬ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિનો રોડ શો આપણાં વિસ્તારમાં હોવાથી જે કોઇ ભાઇ કે બહેનને રોડ શો સોસાયટીના બહારથી જોવાની ઇચ્છા હોય તો તે લોકોએ સોસાયટીની ઓફિસમાં તેમના આધાર કાર્ડની ઝેરોક્સ અને પોતાનો મોબાઇલ નંબર જમા કરાવવો પડશે. આ માહિતા પોલીસ કમિશ્નરના આદેશથી આપવામાં આવી છે. પોલીસ આ મહિતીના આધારે જે તે નાગરિકને આઇ.કાર્ડ આપશે અને આઇ કાર્ડ પહેરલ હોય તે જ વ્યક્તિ સોસાયટીની બહાર તેમના સ્વાગત માટે ઉભી રહી શકશે.

સૂત્રોએ કહ્યું કે રોડ પર ઉભા રહીને સોસાયટીના નાકે મહાનુભાવોના રોડ શો જોવા માટે પણ પોલીસની મંજૂરી લેવી ફરજિયાત કરવાનું પગલુ વધુ પડતું છે અને પોલીસના આપેલા આઇકાર્ડ જેમની પાસે નહીં હોય તેને સોસાયટીના નાકે કે ઘરની બહાર ઉભા રહેવા દેવામાં નહીં આવે તો એ લોકોએ ફરજિયાતપણે પોતાના જ ઘરમાં પોતાની સોસાયટીમાં પૂરાઇને રહેવું પડે તો નવાઇ નહીં...!

સૂત્રોનું માનવુ છે કે અમદાવાદમાં આ અગાઉ ઘણાં મહાનુભાવો આવ્યા અને તેમના રોડ શો યોજાયા પરંતુ ઘર કે સોસાયટીની બહાર ઉભા રહેવા માટે પણ પોલીસની આગોતરી મંજૂરીનું પગલુ વધારે પડતુ છે અને તેનાથી કેટલાય લોકોને વગર વાંકે ઘરમાં જ રહેવુ પડે તો નવાઇ નહીં. મહાનુભાવોના રોડ શો દરમ્યાન જે તે સોસાયટીમાં અચાનક કોઇની તબિયત બગડી તો...? શું તેને દવાખાને કે હોસ્પિટલ લઇ જવાની મંજૂરી અપાશે...?

ઠાકોર સમાજનું વધુ એક ફરમાન : દીકરીઓ અને સ્ત્રીઓને મેળામાં જવા પર પ્રતિબંધ

બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લામાં ઠાકોર સમાજે દીકરીઓ અને મહિલાઓ અંગે વધુ એક ફરમાન જાહેર કર્યું છે. જે પ્રમાણે સ્ત્રીઓ અને દીકરીઓને મેળવામાં જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તાજેતરમાં ઠાકોર સમાજની મળેલી બેઠકમાં લાખણી ઠાકોર સેનાના પ્રમુખ તરફથી આવો નિર્ણય લેવામાં આવ્યો છે. સમાજના કહેવા પ્રમાણે સામાજિક અને આર્થિક રીતે ટકી રહેવા માટે આવો નિર્ણય લેવામાં આવ્યો છે. નોંધનીય છે કે જિલ્લાના ઠાકોર સમાજ દ્વારા આ પહેલા પણ આવો જ એક નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં યુવતીઓને મોબાઈલ રાખવા પર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો હતો.

લાખણી ઠાકોર સમાજ તરફથી આ અંગે બેઠક બાદ એક લેખિતમાં પત્ર જાહેર કરવામાં આવ્યો છે. જેમાં લખવામાં આવ્યું છે કે, આજ રોજ લાખણી તાલુકા ઠાકોર સમાજની બેઠક મળી હતી. જેમાં સમાજમાં વધતા જતા ખોટા રિવાજો બંધ કરી સમાજને આર્થિક રીતે તેમજ સામાજિક રીતે ટકી રહે તે હેતુથી સમાજના આગેવાનો અને યુવાન મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આજની મિટીંગમાં ઉપરના વિષયના અનુસંધાને ઘણા બધા વિષયોની ચર્ચા વિચારણા થઈ હતી. બેઠકના અંતે આટલા નિર્ણયો લેવાયા છે.

લાખણી તાલુકા ઠાકોર સમાજ દ્વારા ઉપર મુજબના બંધારણ રાખવાનું નકકી કરવામાં આવેલ છે. જે બાબતે વિગતે ચર્ચા વિચારણા કરવા તા.૨૧/૦૨/૨૦૨૦ ને શુક્રવારના રોજ ચિત્રોડા ગુરૂ મંદિરે લાખણી તાલુકા ઠાકોર સમાજની બેઠક રાખવામાં આવી છે. જેમાં બંધારણમાં જ સુધારા-વધારા કરી આખરી ઓપ આપવામાં આવશે.

ત્રીજી દીકરી જન્મતા પતિએ પત્નીને માર મારી ઘરમાંથી કાઢી મુકી

અમદાવાદ

નરોડામાં રહેતી ૩૦ વર્ષીય પ્રીતિબેન ત્રિવેદી હાલ તેની ત્રણ દીકરીઓ સાથે પિયરમાં રહે છે. વર્ષ ૨૦૦૮માં હિંમતનગર ખાતે જતીન ત્રિવેદી સાથે તેમના લગ્ન થયા હતા. લગ્ન બાદ પતિએ તેમને થોડા દિવસ સારી રીતે રાખ્યા હતા. બાદમાં દહેજમાં લાવી નથી તેમ કહી તેમની સાથે પતિ, સાસુ અને સસરા ઝઘડો કરતા હતા. દરમિયાન પ્રીતિબેનના ખોળે એક બાદ એક બે પુત્રીઓને જન્મી હતી. ત્યારે પતિએ કહ્યું કે, હવે દીકરી નહીં પણ દીકરો જોઈએ છે. જો દીકરો ન થાય તો તેની કોઈ જરૂર નથી. જે બાદમાં પ્રીતિબેને ત્રીજી દીકરીને જન્મ આપતા જ પતિએ ઝઘડા કરવાનું અને માર મારવાનું શરૂ કર્યું હતું.

દરમિયાન જતીને પત્ની પ્રીતિને કહ્યું કે, તેને સરિતા શર્મા નામની યુવતી સાથે પ્રેમ સંબંધ છે. આથી હવે તે તેની સાથે રહેવા માંગે છે. આટલું કહીને પ્રીતિને તેના પતિએ કાઢી મૂકવાની વાત કરી હતી. બાદમાં સાસુ-સસરાએ પણ આ વાતમાં સાથ પૂરાવ્યો હતો અને પ્રીતિબેનને ઘરમાંથી કાઢી મૂક્યા હતા. પિયરમાં ગયા બાદ ત્રાસીને આખરે પ્રીતિબેને નરોડા પોલીસ સ્ટેશનમાં ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

બંદૂકોથી ધડાધડ ફાયરિંગ કરનારો વિડીયો નિવૃત્ત પોલીસકર્મીનાં પુત્રના લગ્નનો નીકળ્યો

મોરબી

મોરબી જિલ્લામાં લગ્ન પ્રસંગ દરમ્યાન રિવોલ્વર અને બાર બોર ગનમાંથી જાહેરમાં ધડાધડ ફાયરિંગ કરવાના વીડિયો તાજેતરમાં સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. જેથી કરીને મોરબી જિલ્લા પોલીસ વડા દ્વારા આ મુદે તપાસ કરાવવામાં આવતા નિવૃત પોલીસ કર્મચારીના દીકરાના જ લગન પ્રસંગમાં જાહેરમાં ધડોધડ ફાયરીંગ કરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે, જેથી કરીને પોલીસે ફરિયાદ નોંધવા માટેની તજવીજ હાથ ધરી છે. સામાન્ય રીતે લગ્ન પ્રસંગ હોય એટલે પરિવારજનો સહિતનાઓમાં આનંદની લાગણી હોય છે. જોકે, આનંદને વ્યક્ત કરવા માટે ઘણી વખત હથિયારોમાંથી ફાયરિંગ કરવાનો હવે જાણે ગુજરાતમાં ટ્રેન્ડ બની ગયો છે. ફાયરિંગમાં મિસ ફાયર થવાના લીધે કે પછી બીજા કોઈપણ કારણોસર બંદુક, રાયફલ કે રિવોલ્વરમાંથી નીકળેલી ગોળી પ્રસંગમાં આવેલા અન્ય કોઈ નિર્દોષ વ્યક્તિ માટે જીવલેણ કે જોખમી સાબિત થતી હોય છે. આવું એક નહી પરંતુ અનેક વખત બનતું હોય છે, તો પણ લોકો પ્રસંગમાં જાહેરમાં ફાયરીંગ કરવાનું બંધ કરતા નથી તે હકીકત છે. ૧૪ ફેબ્રુઆરીની રાતે મોરબી જિલ્લામાં લગ્નના વરઘોડામાં જાહેરામાં ધડાધડ ફાયરિંગનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે અને આ વીડિયો માળીયા મિયાણા તાલુકાના વાઘરવા ગામમાં યોજાયેલા લગ્ન પ્રસંગનો હોવાનું સામે આવ્યું હતું. હાલમાં માળિયા તાલુકા પોલીસ દ્વારા લગ્ન પ્રસંગના ફુલેકા અને ફેરા વખતે કરવામાં આવેલા ફાયરીંગના બનાવામાં ફરિયાદ લેવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે.

ગોડાઉનમાં કોલેજિયન યુવતીની લાશ મળતા ખળભળાટ, આપઘાતની આશંકા

અમદાવાદ

અમદાવાદ શહેરના નારણપુરા ફાટક પાસે આવેલા ગૌતમનગર નજીક વ્રજ એપાર્ટમેન્ટના ગોડાઉનમાં એક યુવતીની લાશ મળી હતી. વાડજ પોલીસે આ મામલે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. મૃતક યુવતીની ઈન્સ્ટાગ્રામ પરની તસવીરો સામે આવી છે. સાથે જ તેમાં તેનું નામ દામિની હોવાનું સામે આવ્યું છે. તેના પર ઈન્સ્ટાગ્રામ લખ્યું છે કે વોન્ટ ટુ ડાઈ વિથ મેમરીઝ, નોટ ડ્રીમ્સ... ગોડાઉનમાં લાશ મળી બીકોમના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી દામિની મિશ્રા નામની યુવતીની લાશ મળતા ખળભળાટ મચી ગયો છે. નારણપુરાની વ્રજ એપાર્ટમેન્ટના ગોડાઉનમાં તેમની લાશ મળી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવતીએ આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે.

પાલિકાની ટીમ રેસ્ટોરાંમાં સીલ મારવા પહોંચતા પોલીસ અને સંચાલકો વચ્ચે ઘર્ષણ

વડોદરા

વડોદરા શહેરના રાવપુરા વિસ્તારના મામાની પોળમાં આવેલી દેશી રોટલો કાઠીયાવાડી રેસ્ટોરાંમાં બાંધકામના લઈને વિવાદ સર્જાયો છે. પાલિકાની ટીમ રેસ્ટોરાંને સીલ મારવા માટે પહોંચી ત્યારે પોલીસ અને રેસ્ટોરાં સંચાલકો વચ્ચે ઘર્ષણ થયું હતું. જોકે છેવટે પાલિકાના બાંધકામ પરવાનગી વિભાગે રેસ્ટોરાંને સીલ માર્યું હતું.

રેસ્ટોરાંના સંચાલક અશોક પુરોહિતે જણાવ્યું હતું કે, અમે કોઈપણ પ્રકારનું દબાણ કર્યું ન હોવા છતાં પાલિકાની ટીમ અમારી રેસ્ટોરાંને સીલ માર્યું છે અને તાત્કાલિક સામાન ખાલી કરવા માટે કહેવામાં આવ્યું હતું. પરંતુ અમે કોઈપણ પ્રકારનું દબાણ કર્યું જ નથી. માત્ર જર્જરીત દીવાલને રંગરોગાન કરીને વ્યવસ્થિત કરી છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, અમને ખબર પડી છે, બાજુમાં જે જૈન મંદિર આવેલુ છે, તેના ટ્રસ્ટી પ્રવિણભાઈ શેઠ છે, તેમના ભાભી શહેરના મેયર જિગીષાબેન શેઠ છે. અને તેમના હુકમથી અમારી રેસ્ટોરાંને સીલ મારવામાં આવ્યું છે. આ પહેલા અમને ધમકીઓ પણ મળી હતી કે, તમારી રેસ્ટોરાંને સીલ મરાવી દઈશું અને તમને અહીં નહીં રહેવા દઈએ.

વડોદરા મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિગ અધિકારી પરિમલ પટણીએ જણાવ્યું હતું કે, બાંધકામ પરવાનગી વિભાગ દ્વારા ચેન્જ ઓફ વ્યૂ માટે નોટીસ આપવામાં આવી હતી. જે અંતર્ગત રેસ્ટોરાંને સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી રહી હતી.

જન પ્રતિનિધિઓના પ્રશ્નોનું ઝડપથી નિવારણ કરોઃ કલેક્ટર આદ્રા અગ્રવાલ

નવસારી

જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક કલેકટર શ્રીમતિ આદ્રા અગ્રવાલના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરીના સભાખંડમાં આજે મળી હતી.

બેઠકમાં જનપ્રતિનિધિ તરફથી રજૂ થયેલા પ્રશ્નોના યોગ્ય અને હકારાત્મક નિરાકરણ માટે સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના અને જરૂરી માર્ગદર્શન તેમજ ઝડપથી પ્રશ્નોનુ નિરાકરણ કરવા ઉપર કલેકટર શ્રીમતિ આદ્રા અગ્રવાલે ભાર મૂક્યો હતો.

કલેકટર શ્રીમતી અગ્રવાલે વિવિધ કચેરીઓમાં રહેલા પેન્ડીગ પ્રશ્નોના નિકાલ માટે જરૂરી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરી ઘટતું કરવા અને સરકારી લેણાની વસૂલાતની કામગીરી પૂર્ણ કરવા સૂચના આપી હતી. તેમણે કર્મચારીઓના બાકી પેન્શણન કેસો, તાબાની કચેરીઓનું નિરીક્ષણ, લોકોની અરજીઓનો સમય મર્યાદામાં નિકાલ તેમજ એ.જી. કચેરીના બાકી પારાઓનો નિકાલ કરવા, આર. ટી. આઈ.ની અરજીઓનો નિકાલ સહિત અનેકવિધ મુદ્દાઓની વિસ્તૃત ચર્ચા કરી જરૂરી સૂચના આપી હતી.

આ બેઠકમાં નવસારીના સાંસદ સી.આર.પાટીલ, જિલ્લા પંચાયતના પ્રમુખ ડો. અમિતાબેન પટેલ અને ધારાસભ્યશ્રી પિયુષભાઈ દેસાઈએ વિજળી, રસ્તાઓ, જમીન ધોવાણથી પાકને થયેલ નુકશાની અંગે, એસ.ટી.બસો પુનઃશરૂ કરવા, નવી આંગણવાડી બનાવવા, સિંચાઈ માટે પાણી, રસ્તા ઓ પરના દબાણ દુર કરવા, તળાવો ઉંડા કરવા તેમજ ડેમ બનાવવા સહિત વિવિધ પ્રશ્નો રજુ કર્યા હતા. કલેકટરશ્રી અગ્રવાલે સંબંધિત વિભાગના અમલીકરણ અધિકારીઓને પ્રશ્નોનું સમયમર્યાદામાં નિકાલ કરવાની સુચના આપી હતી.

આ બેઠકમાં જિલ્લાન વિકાસ અધિકારીશ્રી પ્રશસ્તિા પારીક, જિલ્લાગ પોલીસ અધિક્ષક (ઇન્ચાર્જ) શ્રી મોરી, નિવાસી અધિક કલેકટરશ્રી કે.જે.રાઠોડ સહિત વિવિધ વિભાગના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાંદેર ઝોનના આકરણી વિભાગે સ્થળ પર ૪૨૮ મિલ્કતોને ૬૨ લાખનો વેરો વસુલ કર્યો

૮૫ મિલ્કતદારો પાસેથી એડવાન્સ ચેક વસુલાયા લેવાયા

સુરત

સુરત મહાનગર પાલિકાના રાંદેર ઝોન આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ચાલુ માસમાં છેલ્લા ૬ દિવસમાં મિલ્કત વેરા વસુલાતની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે અંતર્ગત મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરતા કુલ ૪૨૮ મિલ્કતદાર દ્વારા સ્થળ પર જ રૂ.૨,૭૯,૦૦૦/- વસુલાત થયેલ છે જ્યારે ૮૫ મિલ્કતનાં માલિકો દ્વારા રૂા.૬,૫૦,૦૦૦/-નાં એડવાન્સ ચેક વસુલ લેવામાં આવેલ છે. ઉપરાંત ૧૪૩ જેટલી મિલ્કતોનો વેરો ભરપાઈ ન કરતાં મિલ્કતોને સીલ કરવામાં આવેલ છે

સદર ઝૂંબેશ દરમ્યાન રાંદેર ઝોન ખાતે છેલ્લાં ૬ દિવસમાં અંદાજીત રૂા.૧.૧૪ કરોડ જેટલી મિલ્કત વેરા ભરપાઈ થયેલ છે, ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન તા.૧૫/૦૨/૨૦૨૦ સુધીમાં રૂપિયા કુલ ૯૨.૭૪ કરોડ જેટલી વસુલાત થયેલ છે. હજુ પણ મિલ્કત વેરો તથા વ્યવસાય વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલ્કતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી બાકી દારોએ તેઓના બાકી મિલ્કત વેરા તાકીદે ભરપાઈ કરવા જણાવવામાં આવેલ છે.

ઉધના ઝોને વેરો નહીં ભરાતા વધુ ૧૬૦ મિલ્કતો સીલ કરી

૧૩ ખુલ્લા પ્લોટ પણ ટાંચમાં લેવાયા

સુરત

સુરત મહાનગર પાલિકાના સાઉથઝોન (ઉધના) આકારણી અને વસુલાત વિભાગે વિવિધ વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ અંર્તગત આજ રોજ તા.૧૫/૦૨/૨૦૨૦ના રોજ ખટોદરા, ઉધના, પાંડેસરા, ભેસ્તાન, ઉન, બમરોલી, ગભેણી, સોનારી, વિગેરે જુદા જુદા વિસ્તારોમાં કુલ્લે ૧૬૦ મિલકતોને સીલ કરવાની તથા પાંડેસરા- ગણપત નગર, ક્ષેત્રપાલ નગર, ખટોદરા-રણવીર ડાઈગની સામે ૨૦ મિલકતોમાં નળ કનેકશન કાપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ તેમજ પાંડેસરા-સીતા નગર-૧, શિવમ નગર, જયવીર ઈન્ડ. વિગેરેમાં ૧૩ ખુલ્લા પ્લોટો ઉપર ટાંચમાં લેવા અંગેના નોટીસ બોર્ડ પ્રદર્શિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. જે કાર્યવાહી દરમ્યાન ૪૯ જેટલા મિલકતદારોએ સ્થળ પર રૂપિયા ૦૮.૭૯ લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા ૪૨.૦૭ લાખ જેટલી વસુલાત થયેલ છે.

વધુમાં, જમીન મિલકત વિભાગ દ્વારા ૭૦ જેટલા આવાસ સીલ કરવાની કાર્યવાહી દરમ્યાન ૬૦ જેટલા મિલ્કતદારોએ સ્થળ પર રૂપિયા ૩.૧૧ લાખ તથા એડવાન્સ ચેક જમા કરાવેલ છે. અને આજ રોજ રૂપિયા ૫.૫૫ લાખ જેટલી વસુલાત થયેલ છે.

યુએલસીના નાણામાં હમ્પાની સગવડ કરી આપવા સંકલન બેઠકમાં રજૂઆત

સુરત જિલ્લા સંકલન બેઠકમાં વિવિધ પ્રશ્નો ચર્ચાયા

સુરત

જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

બેઠકમાં સાંસદશ્રીમતિ દર્શનાબેન જરદોશે શહેરના વિવિધ વિસ્તારોમાં અમુક પોસ્ટ ઓફિસોની જગ્યાઓ નાની હોય તેવી પોસ્ટ ઓફિસને અન્યત્ર ખસેડવા તથા નવી પોસ્ટ ઓફિસ શરૂ કરવાની રજુઆત કરી હતી. લીબાયતના ધારાસભ્યશ્રીએ ગોડાદરા ખાતે આવેલી પુરવઠા ઓફિસ ભાડાના મકાનમાં કાર્યરત છે જે જગ્યા નાની હોવાથી ઓફિસે આવતા લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે જેથી નજીકમાં પરવતગામ ખાતે મહાનગરપાલિકાની વોર્ડ ઓફિસ ખસેડવાની રજુઆત કરી હતી જે સંદર્ભે કલેકટરશ્રીએ મામલતદારને યોગ્ય કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. કરંજના ધારાસભ્યશ્રી પ્રવિણ ધોધારીએ ટી.પી.૩ અને ૮ ઉમરપાડામાં આવતી સૂચિત સોસાયટી તથા યુ.એલ.સી.ની સોસાયટી ઓનો લાભ લેનારા માલિકોને ભરવાના થતા નાણા હમા દ્વારા લેવાય જેથી વધુમાં વધુ લોકો લાભ લઈ શકે તે અંગેની રજુઆત કરી હતી. જે સંદર્ભે કલેકટરશ્રીએ બે સોસાયટીઓમાં પ્રાયોગિક ધોરણે હમા દ્વારા ચૂકવણીનો અમલ કરવા અધિકારીઓને સૂચના આપી હતી.

કતારગામના ધારાસભ્ય મોરડીયાએ સીંગણપોરથી ભરીમાતા સુધીના તાપી નદી પરના દબાણો દુર કરવા તેમજ કતારગામ વેડ ખાતે કતારગામ પુરવઠા ઝોન ઓફિસ શરૂ કરવાની રજુઆત કરી હતી. આ ઉપરાંત તેમણે કતારગામ પોસ્ટ ઓફિસ કાર્યરત છે જે જગ્યા પુરતી ન હોય જેથી અન્યત્ર જગ્યાએ ખસેડવા જણાવ્યું હતું. ધારાસભ્ય વિવેક પટેલે ભેસ્તાન ખાતે પાંડેસરા પોલીસ સ્ટેશનની જગ્યા ફાળવવાની રજુઆત સંદર્ભે જગ્યા ફાળવણી થઈ ચૂકી હોવાનું સંબંધિત અધિકારીએ જણાવ્યું હતું.

ઓલપાડના ધારાસભ્યએ ઓલપાડ-અસનાડ-મંદરોઈ રોડ શેરડી-કોસમ-કરમલા રોડના પરના ડી જી વી સી એલના પોલને ખસેડવાની રજુઆત કરી હતી. કામરેજના ધારાસભ્યશ્રીએ આંબોલી ખાતેના ડિમોલેશન કર્યા બાદ ફરી દબાણો થયા હોય જેને દુર કરવા, કામરેજ ચાર રસ્તા પર ૦ દબાણનો અમલ કરવાની રજુઆત કરી હતી. ભાગ-૧ની બેઠકમાં કલેકટરશ્રીએ વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરીની વિગતો સી.એમ.ડેસબોર્ડ પર અદ્યતન કરવા જણાવ્યું હતું. સરકારના વિવિધ વિભાગોમાં નાગરિક અધિકાર પત્રની બાકી અરજીઓ, બાકી પેન્શન કેસો, ઓડીટ એ.જી.પેરાની પૂર્તતા અંગે વિસ્તૃત સમીક્ષા કરી લોકોની પડતર અરજીઓનો ઝડપભેર ઉકેલ કરી સરકારી નાણાં વસુલાતને વધુ વેગવાન બનાવવા સંબંધિત અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતું.

બેઠકમાં આગામી માર્ચ મહિનામાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળાની એન્ટ્રીઓ સમયસર કરવા અંગેની ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં સાંસદશ્રીમતિ દર્શનાબેન જરદોશ તથા સી. આર. પાટીલ, ધારાસભ્યસર્વ વિવેકભાઈ પટેલ, સંગીતાબેન પાટીલ, મુકેશભાઈ પટેલ, ઝંખનાબેન પટેલ, અરવિંદ રાણા, વી. ડી. ઝાલાવડીયા, પ્રવિણ ધોધારી, વિનુભાઈ મોરડીયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિતેશ કોયા, પ્રાંત અધિકારીઓ તથા અન્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહાશિવરાત્રી પર્વ સંદર્ભે ભિમરાડ ગામમાં શ્રી રામ કથા સપ્તાહ

પ્રેમ હોય ત્યાં ભગવાન પ્રગટ થાય છેઃ પૂ. મેહુલભાઈ જાની

સુરત

ભિમરાડની પાવનધરતી પર ચાલી રહેલી રામકથામાં આજે રામજન્મ ઉત્સવ ઉજવાયો હતો. ૩૦૦૦ ભક્તોની હાજરીમાં રામજન્મ ઉત્સવ વખતે રામનાથ થયો હતો. વ્યાસપીઠ પરથી કથાકાર મેહુલભાઈ જાનીએ કહ્યું હતું કે પ્રેમ હોય ત્યાં ભગવાન પ્રગટ થાય છે.

મહાશિવરાત્રીના પર્વને ધ્યાનમાં રાખીને કાંઠા વિસ્તારના ૨૫ ગામોની કોળી સમાજની મહિલા મંડળ દ્વારા શ્રી રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. રવિવારે યોજાયેલી કથામાં કથાકાર મેહુલભાઈ જાનીએ વધુ જણાવ્યું હતું કે નારી એ નારાયણી છે. સ્ત્રી ધારે તે કરી શકે છે કારણે કે એ દીકરી, માં, સાસુ ત્રણે પરજ અદા કરે છે. સહનશીલતા દીકરીમાં છે, જવાહાદીર સાસુમાં હોય છે, અને મર્યાદા વહુમાં હોય છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે અભિમાન એ પતનની નિશાની છે માટે ક્યારેય અભિમાન ન કરવું જોઈએ. ક્રોધ માણસને પતન તરફ લઈ જાય છે એટલે જ્યારે કોઈ પણ વ્યક્તિને ક્રોધ આવે ત્યારે તે વ્યક્તિએ તે જગ્યાને છોડી દેવી જોઈએ. ક્ષમાએ વિરતાનું ખરું આભુષણ છે. જે વ્યક્તિ જીવનમાં સહન કરવાનું શીખી લે છે તે વ્યક્તિ જીવનમાં સંપૂર્ણ રીતે તરી જાય છે.

ભરુચ સીએ એસો.ની સભ્ય ડીરેક્ટરું વિમોચન કરાયું

એસો.ની વેબ સાઈટનું પણ લોન્ચિંગ કરાયું

ભરૂચ

ભરૂચ જિલ્લા સીએ એસોસિયેશનની બ્રાંચની વેબસાઈટ તેમજ મેમ્બર્સ ડિરેક્ટરીનું વિમોચન રવિવારના રોજ ભરૂચ ખાતે યોજાયું હતું.

ભરૂચ જિલ્લાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સનું વિશાળ એસોસિએશન જિલ્લા ખાતે કાર્યરત છે. રવિવારે આ એસોસિયેશનના તમામ સભ્યોના ફેમીલી મેમ્બર નું એક ગેટ-ટુ-ગેધર યોજાયું હતું. જેમાં ૧૮૦ થી પણ વધુ સીએ ફેમીલી મેમ્બર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે એસોસીએશનની વેબસાઈટ તેમજ મેમ્બર્સ ડિરેક્ટરી ની વિમોચન મુખ્ય અતિથિ CCM અને તલાટી ના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે WIRC ચેર પર્સન પ્રીતી સાવલા, RCM વિશાલ દોશી, વિકાસ જૈન, બાલકૃષ્ણ અગ્રવાલ તેમજ બેંક ઓફ બરોડાના રિજીયોનલ હેડ આર એચ. ગોએલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ભરૂચથી એસોસિયેશનના પ્રેસિડન્ટ મહાવીર જૈને જણાવ્યું હતું કે મેમ્બર્સ ડિરેક્ટરીમાં અંકલેશ્વરમાં અને ભરૂચમાં ઈન્ડસ્ટ્રીઝ તેમજ ખાનગી પ્રેક્ટિસ કરતા તમામ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની માહિતી આપવામાં આવી છે જ્યારે કે વેબસાઈટ પર ભરૂચ સીએ એસોસિએશન દ્વારા યોજાતા વિવિધ સેમિનારની પણ માહિતી ઉપલબ્ધ કરાશે.

શહેરમાં જૂના મોબાઈલ અને સીમ કાર્ડ ખરીદ વેચાણમાં વેપારીઓએ આઈડી પ્રુફ જરૂર લેવું

રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ, ગુન્હાઓને શોધી કાઢવા માટે સૂરત સ્પેશિયલ બ્રાંચના મદદનીશ પોલીસ કમિશનર પી.એલ. ચૌધરીએ જૂના મોબાઈલ ખરીદનાર/વેચનાર વેપારીઓ માટે એક જાહેરનામું બહાર પાડયું છે. જે પ્રમાણે શહેરમાં જૂના મોબાઈલ લે વેચ કરનારા વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ સરનામું નોંધીને નિયત રજીસ્ટર ફરજીયાત બનાવવાના રહેશે. આ ઉપરાંત મોબાઈલની વિગત, આઈએમએફઆઈ નં.ની વિગત રાખવી જરૂરી છે. નવા સીમકાર્ડ વેચાણ કરીતી વખતે વિક્રેતાએ ખરીદનારનું નામ, સરનામું માટેના ઓળખના પુરાવા તથા પાસપોર્ટ સાઈજના ફોટાઓ મેળવવાના રહેશે. તેમજ આ અંગેના રજીસ્ટર પણ નિભાવવાના રહેશે. આ જાહેરનામું તા.૧૦/૦૪/૨૦૨૦ સુધી અમલી રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

વ્યારા ટાઉન હોલમાં જિલ્લા કક્ષાનું આશા વર્કર બહેનોનું સંમેલન

શ્રેષ્ઠ કામગીરી કરનાર બહેનોને ઈનામો આપી પ્રોત્સાહન અપાયું

વ્યારા

ગ્રામ્ય કક્ષાએ પાયારૂપ ફરજ બજાવતાં આશા તથા આશા ફેસીલીટેટર બહેનોને પ્રોત્સાહિત કરવા તથા કોશલ્યવર્ધનના ઉમદા હેતુથી સરકાર દ્વારા દર વર્ષે આશા સંમેલન યોજવામાં આવેછે. જેના ભાગરૂપે આરોગ્ય શાખા, જીલ્લા પંચાયત, તાપીના ઉપક્રમે જીલ્લાકક્ષાનું આશા સંમેલન નગરપાલિકા ટાઉન હોલ, વ્યારા ખાતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.હર્ષદ બી.પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયું હતુ. જેનું ઉદ્ઘાટન દીપ પ્રગટાવીને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ ગજરાબેન ચૌધરીએ કર્યુ હતુ.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જીલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ મુકેશ ચૌધરી તથા જાહેર બાંધકામ સમિતિના સભ્ય શ્રીમતિ હિનાબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.હર્ષદ બી.પટેલે સ્વાગત ઉદ્બોધન કરતાં જણાવ્યુ કે, જીલ્લામાં થઈ રહેલ સગર્ભા બહેનની વહેલી નોંધણી, બાળકોનું સંપુર્ણ રસીકરણ, સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓમાં થયેલ પાંડુરોગમાં થયેલ નોંધપાત્ર ઘટાડો, માતામરણમાં ઘટાડો, બાળમરણમાં ઘટાડો જેવી જીલ્લાની પ્રસંશનીય કામગીરી આશા બહેનોની સારી કામગીરીને આભારી છે.વધુમાં જણાવ્યુ કે, ઓછા વજન સાથે જન્મતા બાળકોનું મરણ થવાની શક્યતા ખુબ જ રહેલી છે અને જેથી આવા બાળમરણ ઘટાડવા માટે વહેલાં લગ્ન ન થાય તે માટે પ્રયત્નો થવા જોઈએ, બે બાળકો વચ્ચે ૩ વર્ષનો સમયગાળો રાખવા કુટુંબ કલ્યાણની પધ્ધતિઓનો વધુમાં વધુ પ્રચાર-પ્રસાર થાય અને લોકો લાભ લે તે માટે અનુરોધ કર્યો. તાપી જીલ્લામાં સિકલસેલ રોગથી પીડાતા લોકોનું સ્ક્રીનીગ થાય, તેમનું યોગ્ય કાઉન્સેલીંગ કરવા જણાવવામાં આવ્યુ. રેફરલ સર્વિસ માટે સરકારશ્રીની યોજનાઓ જે.એસ.એસ.કે, ૧૦૮ અને ખિલખિલાટનો મહત્તમ લાભ લેવામાં આવે અને તાપી જીલ્લામાં બાળમરણ અને માતા મરણમાં ઘટાડો લાવી શકીએ તે માટે પ્રયત્નો કરવા જણાવ્યુ.

જીલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ ગજરાબેન ચૌધરીએ જણાવ્યુ હતુ કે, આશા બહેનો દ્વારા આરોગ્ય ક્ષેત્રે જિલ્લામાં થઈ રહેલી ઉત્કૃષ્ટ કામગીરી બિરદાવવા લાયક છે, છેક છેવાડેના ગ્રામીણ વિસ્તારોમાં પાયાનું કામ કરનારી આશાબહેનોને સંવેદના સાથે સતત જાગૃત રહેવાનું જણાવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવો દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરનાર આશા બહેનોને પ્રોત્સાહક ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. જીલ્લા આર.સી.એચ અધિકારીએ પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતી બીમા યોજના અને પ્રધાનમંત્રી-શ્રમયોગી માનધન યોજના વિશે માહિતી આપી કાર્યક્રમની આભારવિધિ કરતાં જણાવ્યુ કે, દરેક આશા બહેનની કામગીરી સરાહનીય જ છે અને હરહંમેશ તે જાળવી રાખવા અનુરોધ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ડો.બિનેશ ગામીત તથા જીલ્લા/તાલુકાની આરોગ્ય વિભાગની ટીમે જહેમત ઉઠાવી હતી. આશા બહેનોએ થીમ આધારિત સાંસ્કૃતિ ગરબો, આરોગ્ય વિષયક સંદેશારૂપ નાટક, આદિવાસી નૃત્ય વિગેરે રજુ કરી હર્ષોલ્લાસથી સંમેલનમાં ભાગ લીધો હતો.બહોળી સંખ્યામાં આશા તથા આશા ફેસીલીટેટર બહેનોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

કોસાડમાં નવ નિર્મિત પ્રા.શાળાનું સોમનાથ મરાઠેના હસ્તે લોકાપર્ણ

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાય સેવા ઉજવણી અંતર્ગત વિવિધ ઝોન વિસ્તારમાં રૂા.૩૨૮.૫૧ કરોડના ખર્ચ પૈકી નોર્થ (કતારગામ) ઝોન ખાતે નવનિર્મિત તથા નિર્મિત થનાર વિવિધ પ્રકલ્પોના લોકાર્પણવિધિ તથા ખાતમુહૂર્તવિધિ આજે તા.૧૬/૦૨/૨૦૨૦ ના રોજ માન.મેયર ડ.જગદીશ પટેલના પ્રમુખ પદે તથા સંબધિત સમિતિના અધ્યક્ષશ્રીના વરદહસ્તે કરવામાં આવેલ હતી.

નોર્થ (કતારગામ) ઝોનમાં વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૬૬ (કોસાડ-વરીયાવ), ફા.પ્લોટ નં.૧૦૪/એ લીમડી ફળીયું, આશાપુરી માતાના મંદિરની આગળ, કોસાડ ખાતે આવેલ ખુલ્લા પ્લોટમાં વિસ્તારના બાળકોને પ્રાથમિક શિક્ષણની સુવિધા પૂરી પાડવા રૂા.૩.૫૮ કરોડના ખર્ચે બનેલ પ્રાથમિક શાળાનું લોકાર્પણ શ્રી સોમનાથભાઈ મરાઠે માન. અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિના વરદહસ્તે કરવામાં આવ્યુ હતું.

નોર્થ (કતારગામ) ઝોનમાં વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં.૨૪ (ટૂંકી), ફા.પ્લોટ નં.૨૮ (હરીઓમ મીલ પાસે), વેડરોડ ખાતે રૂા.૦.૮૮ કરોડના ખર્ચે બનેલ વોર્ડ ઓફિસનું લોકાર્પણ શ્રી દિગ્વિજયસિંહ બારડ અધ્યક્ષ આરોગ્ય સમિતિના વરદહસ્તે કરવામાં આવ્યુ હતું.

નોર્થ (કતારગામ) ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ કાર્યક્રમમાં માન. મેયર ડ. જગદીશ પટેલ, માન.શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, માન.વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, માન.મુ.સદસ્યશ્રીઓ, માન.મ્યુ.અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ, પ્રેસ-મીડીયાના કર્મચારીઓ તથા જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

તાપી જિલ્લાનાં પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ યોજના અંગે ઝુંબેશ

સુરત

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનામાં તાપી જિલ્લાના તમામ લાભાર્થીઓને કિસાન ક્રેડીટ કાર્ડ (KCC) હેઠળ આવરી લેવાશે જિલ્લાના તમામ ખેડૂત ખાતેદારોને નજીકની બેંકશાખાનો સંપર્ક કરવા જિલ્લા કલેક્ટર કચેરી કોન્ફરન્સ હોલ ખાતે યોજાયેલ બેઠકમાં જિલ્લા કલેક્ટર આર.જે.હાલાણી દ્વારા જણાવાયું છે.

જિલ્લાના તમામ બેંકોના પદાધિકારી-અધિકારીઓ અને જિલ્લા ખેતીવાડી અધિકારી સતીષ ગામીતની ઉપસ્થિતિમાં જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ આવરી લેવાયેલ તમામ લાભાર્થીઓને કિસાન ક્રેડીટ કાર્ડ ઈસ્યુ થાય તે માટે તા. ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૦ સુધી ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ છે. તાપી જિલ્લામાં હાલમાં કુલ ૭૨૯૯૬ ખેડૂત લાભાર્થીઓ પૈકી ૧૧૬૯૭એ પી.એમ. કિસાન યોજનાનો લાભ લીધેલ છે આથી બાકી રહેલ તમામ પી.એમ. કિસાનના ખેડૂત લાભાર્થીઓએ આવનારા સમયમાં આ ખાસ ઝુંબેશ દરમ્યાન આપની નજીકની સર્વિસ એરિયાની બેંક શાખાનો સંપર્ક કરી કિસાન ક્રેડીટ કાર્ડ મેળવવા જરૂરી સાધનિક કાગળો સાથે અરજી કરવી. તેમજ જે ખેડૂત લાભાર્થીઓ હાલ કિસાન ક્રેડીટ કાર્ડ ધરાવે છે અને તેમની ક્રેડીટ લીમીટમાં વધારો કરવા અથવા પોતાના ખેતી સાથે સંકળાયેલા વ્યવસાયો જેવા કે પશુપાલન, મત્સ્ય ઉદ્યોગનો સમાવેશ કરી ક્રેડીટ લીમીટમાં વધારો કરવા પણ આ ખાસ ઝુંબેશ દરમ્યાન તેઓની બેંક શાખાનો સંપર્ક કરી શકે છે. પશુપાલકો અને મત્સ્ય ઉદ્યોગ કરનારા તમામ લાભાર્થીઓને પણ કિસાન ક્રેડીટ કાર્ડ ઈસ્યુ કરવામાં આવશે. આ માટે ખેડૂત લાભાર્થીઓએ અરજીપત્રક પી. એમ. કિસાનની વેબસાઈટ અથવા આઈ-ખેડૂતની વેબસાઈટ પરથી મેળવી ફોર્મ ભરી નિયત સાધનિક કાગળો સહીત પોતાની સર્વિસ એરિયા બ્રાંચ ખાતે જમા કરવાના રહેશે. કલેક્ટરે સબંધિત અધિકારીઓને બાકી લક્ષ્યાંક પુરો કરવાની તાકીદ કરી હતી. બેઠકમાં પ્રાંત અધિકારી હિતેષ જોષી,પુરવઠા અધિકારી નૈતિકા પટેલ, મામલતદારો,તાલુકા વિકાસ અધિકારીઓ,બેંક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભામાં બજેટ રજૂ

નગર પ્રાથમિક શાળા સમિતિનું પણ બજેટ રજૂ કરવા સાથે ચર્ચાનો આરંભ : ભવિષ્યમાં સુરત પર્યાવરણ, આરોગ્ય અને પ્રવાસનની શ્રેષ્ઠ સુવિધા સાથે જન જનનાં શહેર તરીકે ઉભરશે : અનિલ ગોપલાણી

સુરત

સુરત મહાનગરપાલિકા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦નું સુધારેલુ અને આગામી ૨૦૨૦-૨૧ના ડ્રાફ્ટ બજેટને સ્થાયી સમિતિ અધ્યક્ષ અનિલ ગોપલાણી દ્વારા સામાન્ય સભામાં મંજૂરી માટે રજૂ કર્યું.

શહેરના વિકાસની નેમ સાથે જનજનુ બજેટ દ્વારા દરેક શહેરીજન સુધી પહોંચવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. બજેટ પહેલાં શહેરના નામાંકિતો, શિક્ષાવિધો જાગૃત નાગરિકો અને સભ્યોની રજૂઆતો ધ્યાને લેવામાં આવી છે. ટેક્ષટાઈલ, ડાયમંડ અને હજીરાના ઉદ્યોગોના લીધે સુરતનો સતત વિકાસ વધતો ગયો. ૧૯૮૦ પહેલાં ગુજરાતમાં અમદાવાદ અને વડોદરા બાદ સુરતની ગણતરી થતી હતી. પરંતુ આજે ઓક્સફર્ડ યુનિ. દ્વારા કરવામાં આવેલ સર્વેમાં સુરત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતુ શહેર બન્યું છે. સુરત શહેરનું ૧૯૮૬માં ૫૫ વર્ગ કિલોમીટર વિસ્તારમાં ડબલ એટલે ૧૨ કિ.મી. વિસ્તારના સમાવેશ સાથે હદવિસ્તરણ થયું. ત્યારબાદ ૨૦૦૬માં ૧૨૨ વર્ગ કિ.મી.માં ત્રણ ગણો એટલે ૩૨૬ વર્ગ કિલોમીટરનો સમાવેશ થયો છે. હાલ નજીકના સમયમાં શહેરનું ફરી હદવિસ્તરણ થવાની સંભાવના બની છે. સુરત મહાનગરપાલિકાએ ૨૦૩૫ની વસ્તીને ધ્યાને રાખીને વિવિધ પ્રોજેક્ટોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

સ્થાયી અધ્યક્ષ અનિલ ગોપલાણીએ બજેટની જોગવાઈ અંગે સામાન્ય સભામાં જણાવ્યું કે, સુરત મનપાએ ખજોદ ખાતે ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાવાળી પ્રથમ મહાનગરપાલિકા બનેલ ૩૭ લાખ ઘનમીટર એરિયામાં ફેલાયેલી ખજોદ સાઈટ ખાતે પ્રથમ તબક્કામાં ક્લોઝીંગ કરીને ત્યાં ગાર્ડન બનાવવામાં આવ્યું છે. એક સમયે અત્યંત દુર્ગંધ મારતી ખજોદ સાઈટ પર બીજા તબક્કાની કામગીરી પૂર્ણ થયા બાદ ત્યાં સ્થળ ઉપર સ્થાયી સમિતિની બેઠક આયોજિત કરીશું. શિક્ષણ સમિતિ પણ પોતાની બેઠક ત્યાં યોજે અને કમિશનર પણ બુધવારની બેઠક ખજોદ સાઈટ પર કરી શકે તેવી યોજના. જો સભાધ્યક્ષ ઈચ્છે તો સામાન્ય સભા પણ યોજી શકાય તેટલી સ્વચ્છતા ખજોદ ખાતે જોવા મળશે.

તંદુરસ્ત સમાજ માટે શહેરમાં મનપા સંચાલિત ૫૫ હેલ્થ સેન્ટર કાર્યરત છે. નવા ૨૯ હેલ્થ સેન્ટર બનાવવાનું આયોજન છે. સ્મીમેર અને મસ્કતિ હોસ્પિટલને અપગ્રેડ કરવામાં આવશે. હેલ્થ સેન્ટર પર દર મહિને એમડી, એમએસની હાજરીમાં હેલ્થકેમ્પ યોજાશે.

સુરત આજે બ્રીજ સીટી તરીકે ઓળખાય છે. સમગ્ર દેશમાં કોલકત્તા બાદ સૌથી વધુ ૧૧૩ બ્રીજ સાથે સુરત દેશમાં બ્રીજની સંખ્યામાં બીજા ક્રમે છે. પરંતુ વસ્તીની દષ્ટીએ જોઈએ તો કોલકત્તાની સરખામણીએ સુરતની વસ્તી ઓછી છે. આમ વસ્તીની સરખામણીએ ૧૧૩ બ્રીજ વાળુ દેશનું પ્રથમ શહેર સુરત છે.

સ્થાયી અધ્યક્ષે વધુમાં જણાવ્યું કે વધુ બ્રીજો અને સારા રસ્તાના લીધે ૩૨૬ વર્ગ કિ.મી.ના વિસ્તારવાળા શહેરમાં એકથી બીજા ખૂણે માત્ર ૨૦થી ૬૦ મિનિટમાં પહોંચી શકાય છે. ઝડપથી પહોંચવામાં બળતણ બચે, ધુમાડો ઓછો નીકળે અને સૌથી મહત્ત્વનું પર્યાવરણ જાળવવાની સાથે માનવ કલાકો બચે છે.

સુરત મનપાના તમામ પ્રોજેક્ટો, રસ્તાઓ પર ૧૦૦ ટકા એલઈડી કન્વર્ટ થયું છે. જેથી મનપાને વાર્ષિક ૧.૬૮ કરોડ યુનિટ બચે છે અને ૧૦ કરોડની ઊર્જા બચત થાય છે. વીંડમિલ, સોલાર, બાયોગેસથી બિનપરંપરાગત વિજળીનો ઉપયોગ કરે છે.

સુરત મનપા નજીકના મહિનાઓમાં ઈ-બસ રસ્તા ઉપર દોડાવશે જેથી આવાઝનું અને ધુમાડાનું પ્રદૂષણ ઘટશે. ભવિષ્યમાં મનપા ઈ-કેબ અને ઈ-બસ પણ શરૂ કરી શહેરીજનોને તેમના ઘરેથી સીટી બીરઆટીએસ સુધી કનેક્ટીવિટી આપશે.

મનપા ફાયર વિભાગને સપોટ કરી વધુમાં વધુ આધુનિક જરૂરી એવા સાધનો, વાહનો ખરીદશે. રોબોટ પણ ખરીદવાનું આયોજન છે.

સોશિયલ મીડિયા અંગેની માહિતી આપતા જણાવ્યું કે, મનપા વેબસાઈટ, મોબાઈલ એપ, ટ્વીટર ફેસબુકના માધ્યમથી ડાયરેક્ટ શહેરીજનો સુધી મનપાના લોગો સાથે સત્તાવાર સચોટ માહિતી રજૂ થાય છે. ચોમાસા દરમ્યાન ઉકાઈ ડેમની જળસપાટી, આવક જાવકના આંકડા શહેરીજનોને મળવાથી તે અફવાઓને ડામવામાં સફળતા મળી છે. ૧ કરોડથી વધુ હિટ મનપાની વેબસાઈટ મોબાઈલ એપને મળી છે. ૨.૮૫ લાખ યુઝર્સને નોટીફિકેશનથી જાણ કરવામાં આવી છે.

સાયન્સ સેન્ટર ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પેસ એસ્ટ્રોનોમી ગેલેરી બનાવી છે. જેની શહેરીજનો મુલાકાત લે તેવી અપીલ કરવામાં આવી છે.

કિલ્લાનો વિકાસ કરવામાં આવ્યો છે. આજુબાજુના ક્ષેત્રનો હેરીટેજ સ્કવેર તરીકે વિકાસ ચાલી રહ્યો છે. શહીદ સ્મારક ખાતે વિવિધ પ્રકલ્પોને સ્થાન અપાશે. ડુમસ સી ફેઝનો ડેવલોપમેન્ટ ચાલી રહ્યો છે. બરાજ બાદ તાપી નદી પર રીવરફ્રન્ટ બનાવાશે.

બાળ સ્મશાન ગૃહ માટે મનપા રાજ્ય સરકારની મદદથી જગ્યા આપી વિકાસ કરશે. હેલ્થ સેન્ટરમાં દવા ઈન્જેક્શનના ચાર્જ નહીં લેવાશે. જેથી શહેરમાં બોગસ ઝોલાછાપ તબીબોની હાટડી બંધ થઈ જશે.

સુરત રેલવે સ્ટેશનથી ચોકબજાર સુધી રસ્તાને એક ચોક્કસ કલર કોડ અપાશે. જેવી રીતે જયપુરમાં પીંક માર્કેટ છે. ઉધનાથી સચીન સુધીના રસ્તાને પણ આવી જ રીતે ડેવલોપ કરવામાં આવશે. ૧૦૦ ટકા શાળાઓ અને આંગણવાડીઓ મનપાના પોતાના મકાનોમાં શરૂ કરવાનું આયોજન છે.

સારા કામો માટે સારા સપના જોવાની ટેવ પાડવા સાથે સ્થાયી સમિતિ અધ્યક્ષ અનિલ ગોપલાણી દ્વારા સામાન્ય સભામાં બજેટ રજૂ કરતા જણાવ્યું કે મનપા કમિ. દ્વારા રજૂ કરેલ બજેટમાં સુધારા વધારા કર્યા બાદ બજેટ એવી રીતે બનાવ્યું છે કે કોઈ મુદ્દો બાકી નહીં રહે. આ બજેટ બાદ ભવિષ્યમાં સુરત પર્યાવરણ, આરોગ્ય, પ્રવાસન અને જનજનનું શહેર તરીકે ઓળખાશે.

તાપી જિલ્લા સંકલન બેઠકમાં વિવિધ પ્રશ્નોની ચર્ચા કરાઈ

વિકાસના કામો ઝડપી પૂર્ણ કરવા વિસ્તૃત ચર્ચા

વ્યારા

તાપી જિલ્લા કલેકટર આર.જે.હાલાણીની અધ્યક્ષતામાં આજે કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિ બેઠક યોજાઈ હતી. જેમાં નિવૃત થયેલા કર્મચારીઓને નિવૃતિ લાભો સમય મર્યાદામાં મળી જાય તે જોવા તથા સરકારી લેણા વસુલાત બાબત કામગીરીને ગંભીરતાથી લેવા તાકીદ કરી હતી.તદઉપરાંત નાગરિક અધિકારપત્ર અન્વયે મળેલી અરજીઓના નિકાલ, નિવૃત થતા કર્મચારીઓના પેન્શન કેસો, એ.જી.ઓડિટના બાકી પેરાઓ, નિકાલ માટેના બાકી કાગળો, વસુલાત, ખાતાકિય તપાસ, સી.એમ.ડેશ બોર્ડ સહિત યોજનાઓની કામગીરી,વસ્તી ગણતરી-૨૦૨૧ કામગીરીની કમગીરી, એસડીજીએસ-યુનો દ્વારા નક્કી કરવામાં આવેલ ૧૭ સાતત્યપૂર્ણ વિકાસના ધ્યેય સિધ્ધ કરવા બાબતે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરીને કેટલાક રચનાત્મક સુચનો કલેક્ટરશ્રીએ કર્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન અધિક નિવાસી કલેકટર બી.બી.વહોનિયાએ કર્યું હતું.

ગોડાદરામાં મજુર પર ચપ્પુથી હુમલો કરાયો

સુરત

લિંબાયત ગોડાદરા પાસે છોકરાને કેમ મારે છે? તેમ જણાવતા ઉશ્કેરાઇ ગયેલા એક આરોપીએ ચાકુ વડે હમલો કરી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો હતો.

લિંબાયત રામજીમંદિર ગોડાદરા નહેર પાસે વિનોદ અશોક પાટીલ રહે છે. તેઓ છુટક મજુરી કરે છે. ગત રોજ સાંજના સુમારે આરોપી યોગેશ ઉર્ફે બાવચર એક અજાણ્યા છોકરાને માર મારતો હોય તેમ મારવાની ના પડતા ઉશ્કેરાઇ ગયેલા આરોપી યોગેશે ચાકુ વડે હુમલો કરી વિનોદ પાટીલના જાંઘના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. લિંબાયત પોલીસે હુમલાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વનિતા વિશ્રામ શીવ ગૌરી હોલમાં કવિ સમ્મેલન અને મુશાયરો

નિવૃત્ત આયજીપી અનારવાલાનો સન્માન સમારંભ

સુરત

ભારતીય પોલીસ વિભાગ (ગુજરાત)માં કર્તવ્ય અને નિષ્ઠાપૂર્વક સેવા આપનાર રાષ્ટ્રપતિ ચંદ્રકથી સમ્માનિત શ્રી એમ.એમ. અનારવાલા નિવૃત્ત આઈજીપીના સમ્માનમાં એમનો વિદાય સમારંભ કવિ સમ્મેલન અને મુશાયરાનું તા. ૧૮.૨.૨૦૨૦, મંગળવારે રાત્રે ૯ કલાકે શિવગૌરી હોલ, વનિતા વિશ્રામ ગર્લ્સ કોલેજ, અઠવાગેટ, સુરત મુકામે શ્રી કરાર હુસૈન સિદ્દીકીની અધ્યક્ષતામાં તેમજ શ્રી બ્રહમભટ્ટ પોલીસ કમિશ્નર શ્રી સુરતના અતિથિ વિશેષ પદે આયોજન રાખ્યું છે. જેમાં વિજય તિવારી (ભોપાલ), સાવંત શુકલા (દિલ્હી), નઈમ અખ્તર (બુરહાનપુર), શાહજહાં શાદ, મેહબુબ આલમ, અનવર ફારકી, કુરકાન આસિફ, રામશિરોમણી પાઠક, શ્રીમતી સોનલ જૈન અને શ્રીમતી પ્રીતિ સુરાના વિગેરે કવિઓ ઉપસ્થિત રહેશે. શ્રોતાઓને સમયસર પધારવા વિનંતી.

ધરમપુર ખાતે ત્રિદિવસીય યુવા નેતૃત્વ અને સામુદાયિક કાર્યક્રમનો શુભારંભ

વલસાડ

વલસાડના નહેરુ યુવા કેન્દ્ર દ્વારા પ્રગતિ મહિલા મંડળ બીલપુડીના સહયોગથી કુંવરબા કન્યા છાત્રાલય-બીલપુડી ખાતે ત્રિદિવસીય યુવા નેતૃત્વ અને સામુદાયિક કાર્યક્રમનો શુભારંભ કરાયો હતો.

આ અવસરે નહેરુ યુવા કેન્દ્રના સત્યજીતે નહેરુ યુવા કેન્દ્રની કામગીરી બાબતે વિસ્તૃત સમજણ આપી કાર્યક્રમનો હેતુ સમજાવ્યો હતો. જીતુભાઈએ યુવાઓ માટે મોટીવેશનની માહિતી પૂરી પાડી હતી. સ્વાગત પ્રવચનમાં પ્રગતિ મહિલા મંડળના પ્રમુખ વનિતાબેને સૌને આવકારી મંડળની કામગીરીની રૂપરેખા આપી હતી. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના એસ. જી. પટેલ, એ. સી. પટેલ, મિશન મંગલમના લાઈવલી હુડ મેનેજર જશવંતભાઈ પટેલ સહિત યુવક-યુવતીઓ હાજર રહયા હતા.

ઔદ્યોગિક એકમોના માલિકોએ મિલકત ભાડે આપવા અંગેની વિગતો પોલીસ સ્ટેશને આપવી

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહવાલો અને અમુક ઘટનાઓને ધ્યાને લઈ સૂરત શહેરમાં જાહેર જનતાની શાંતિ અને સલામતિ જળવાઇ રહે તે માટે સૂરત શહેરના વિશેષ શાખાના મદદનીશ પોલીસ કમિશનરશ્રી પી.એલ. ચૌધરીએ એક જાહેરનામું બહાર પાડયું છે. આ જાહેરનામા અનુસાર પોલીસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારમાં મકાનો/દુકાન/ઓફિસના માલિકો/ ઔદ્યોગિક એકમોના સંચાલકોએ મિલકત ભાડે આપી છે તથા હવેથી ભાડે આપે ત્યારે મિલકત અને ભાડે રાખનાર ભાડુઆતની તમામ જાણકારી, વિગતો નિયત નમૂનામાં સંબંધિત પોલીસ સ્ટેશનને આપવાની રહેશે. આ જાહેરનામાનો અમલ તા.૧૦/૦૪/૨૦૨૦ સુધી રહેશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

ઉમરપાડાથી અંબાડી સુધીના પાકા રસ્તાનું ખાતમુહૂર્ત કરાયું

આદિજાતિ વિસ્તારોની સંપૂર્ણ કાયાપલટ થઈ રહી છે : વનમંત્રી

સુરત

વન અને આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે 'મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના-૨૦૧૯-૨૦' અન્વયે રૂ.૧.૨૦ કરોડના ખર્ચે મંજૂર થયેલા સુરત જિલ્લાના ઉમરપાડાથી અંબાડી સુધીના ૬ કિમીના પાકા રસ્તાનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાએ ઉમરપાડા તાલુકામાં વિકાસકામોની વણઝાર ચાલી રહી છે એમ જણાવતાં કહ્યું કે, ઠેર-ઠેર થઈ રહેલા વિકાસકાર્યોથી આદિવાસી વિસ્તારોની સંપૂર્ણ કાયાપલટ થઈ રહી છે. ઉમરપાડા અને માંગરોળ તાલુકામાં દર ૫ કિ.મી.ના અંતરે વિકાસકામો થઈ રહ્યા છે. શ્રી વસાવાએ રાજયમાં આદિવાસી સમાજના સૌથી વધુ બાળકો કુપોષણથી પીડિત છે તે સમસ્યાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, આ વિસ્તારની આંગણવાડીઓમાં કુપોષિત બાળકો માટે દૂધ સંજીવની યોજના અંતર્ગત દર વર્ષે રૂ.૧૫૦ કરોડનું દૂધ પૂરું પાડવામાં આવી રહ્યું છે, જેના થકી રાજય સરકારે આદિવાસી સમાજમાં કુપોષણને નાથવા માટે બીડું ઝડપ્યુ છે, ત્યારે આદિજાતિ સમાજના તમામ પરિવારોમાં ફળો, ઘી,દૂધ અને કઠોળ જેવો ખોરાક નિયમિતપણે લેવા અને બાળકોને દરરોજ પોષણયુક્ત ખોરાક આપવા અનુરોધ કર્યો હતો. રાજય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય, શિક્ષણ, વીજળી, પાણી અને રસ્તા જેવી પાયાની સુવિધાઓ મળી રહે તે માટે છેવાડાના ગામડાઓમાં વિકાસકાર્યોને વેગ આપીને સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ દરિયાબેન વસાવા, જિ.પં.ના સિંચાઈ સમિતિના ચેરમેનશ્રી શામસિંગભાઈ વસાવા, ગંભીરભાઈ વસાવા, માર્ગ અને મકાન, વન વિભાગ અને તાલુકા પંચાયતના અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બર પ્રિમિયર લીગ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સુપર કિંગ વિજેતા

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગત ૨ અને ૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ ડુમસ રોડ સ્થિત લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડીયમ ખાતે 'ચેમ્બર પ્રિમિયર લીગ – ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટ'નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના એસોસિએશન અને કોર્પોરેટ સેકટર્સ મળી કુલ ૧૨ જેટલી ટીમોએ ભાગ લીધો હતો.

રવિવારે, ૨ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ ૬ મેચ રમાડવામાં આવી હતી. પહેલી મેચમાં સુરત ડાયમંડ એસોસિએશનની ટીમ સુરત જવેલરી એસોસિએશનની ટીમને હરાવી વિજેતા થઈ હતી. બીજી મેચમાં સૌરાષ્ટ્ર ટેક્ષટાઈલ ટ્રેડર્સ એસોસિએશનની ટીમે કેડાઈની ટીમને પરાજીત કરી હતી. ત્રીજી મેચમાં સુરત ટેક્ષટાઈલ કલબની ટીમ કલર કેમિકલની ટીમને હરાવી વિજેતા બની હતી. ચોથી મેચમાં ઈન્કમ ટેક્ષની ટીમ પ્રેસ રિપોર્ટરની ટીમને હરાવી વિજેતા બની હતી. પાંચમી મેચમાં સુરત ડાયમંડ એસોસિએશનની ટીમે ફોસ્ટાની ટીમને પરાજય આપ્યો હતો. છઠ્ઠી મેચમાં સૌરાષ્ટ્ર ટેક્ષટાઈલ ટ્રેડર્સ એસોસિએશનની ટીમ કલર ટેક્ષને હરાવી વિજેતા થઈ હતી.

રવિવારે, ૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સાઉથ ગુજરાત પ્રોસેસર્સ એસોસિએશનની ટીમે સુરત ટેક્ષટાઈલ કલબને પરાજય આપ્યો હતો. જ્યારે ચેમ્બર સુપર કીંગની ટીમે ઈન્કમ ટેક્ષની ટીમને પરાજીત કરી હતી. પ્રથમ સેમી ફાઈનલમાં સૌરાષ્ટ્ર ટેક્ષટાઈલ ટ્રેડર્સ એસોસિએશનની ટીમ સુરત ડાયમંડ એસોસિએશનની ટીમને હરાવી ફાઈનમાં પહોંચી હતી. જયારે બીજી સેમી ફાઈનલમાં ચેમ્બર સુપર કીંગની ટીમ સાઉથ ગુજરાત ટેક્ષટાઈલ પ્રોસેસર્સ એસોસિએશનની ટીમને પરાજીત કરી ફાઈનલમાં પહોંચી હતી.

ફાઈનલ મેચ ચેમ્બર સુપર કીંગ અને સૌરાષ્ટ્ર ટેક્ષટાઈલ ટ્રેડર્સ એસોસિએશન વચ્ચે રમાઈ હતી. જેમાં સૌરાષ્ટ્ર ટેક્ષટાઈલ ટ્રેડર્સ એસોસિએશનની ટીમે ટોસ જીતી ફિલ્ડીગ કરવાનું પસંદ કર્યુ હતુ. ચેમ્બર સુપર કીંગે પાંચ વિકેટના નુકસાને ૧૧૦ રન ફટકાર્યા હતા. જયારે સૌરાષ્ટ્ર ટેક્ષટાઈલ ટ્રેડર્સ એસોસિએશનની ટીમ ૧૦ ઓવરમાં માત્ર ૮૭ રન બનાવી શકી હતી. ચેમ્બર સુપર કીંગે ૨૩ રનથી ફાઈનલ મેચમાં વિજય હાંસલ કર્યો હતો.

MARKET 4U
ISO 9001:2015 Certified company
REG. OFFICE: 13 PRITAM SOCIETY VIBHAG 1, KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફ્રિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo - Go to play store
Download - GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

રોટરી ટેકનીકલ ઈન્સ્ટીટયુટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન

વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કારો અપાયા

અંકલેશ્વર

શ્રોફ એસ. આર. રોટરી ઈન્સ્ટીટ્યુટ ઓફ કેમિકલ ટેક્નોલોજી (SRICT) દ્વારા શિયાળુ સત્ર ૨૦૧૯ માં GTU દ્વારા લેવાયેલી પરીક્ષામાં ૮૫ ટકાથી વધુ ટકા મેળવનાર તેજસ્વી તારલાઓનો સન્માન કરવાનો કાર્યક્રમ તા. ૧૩/૦૨/૨૦૨૦ ના રોજ રાખ્યો હતો જેમા B.E. સેમિસ્ટર-૮ તથા M.E. સેમિસ્ટર -૩ના વિધાર્થીઓનું સન્માન કોલેજના પ્રમુખશ્રી સાન્દ્રા શ્રોફ અને ઉપપ્રમુખશ્રી અશોક પંજવાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી સાન્દ્રા શ્રોફ, ઉપપ્રમુખશ્રી શ્રી અશોક પંજવાણી, મહામંત્રીશ્રી અંગિરસ શુક્લા, ખજાનચીશ્રી કિશોર સુરતી, ટ્રસ્ટીશ્રી બી.ડી. દલવાડી, આચાર્યશ્રી ડો. શ્રીકાંત વાઘ , ઉપ આચાર્યશ્રી ડો. સ્નેહલ લોખંડવાલા, શિક્ષકગણ અને સ્ટાફગણ હાજર રહયા હતા. વિધાર્થીઓને તેમના મેળવેલ ગુણ મુજબ રૂ. ૩,૦૦૦ થી રૂ. ૨૦,૦૦૦ સુધીની રોકડ રકમ તેમજ સર્ટીફીકેટ આપીને તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું .

SRICT દ્વારા ૯૦ વિધાર્થીઓને (૮૭ B.E.અને ૩M.E.) કુલ રૂપિયા ૮,૪૧,૦૦૦.૦૦ ની રોકડ રકમ આપી તેઓનો સન્માન કરવામાં આવ્યું હતું . આ ઉપરાંત, સેમેસ્ટર-૭ ની વિધાર્થીની મહિમા મહેશ્વરીને GTUમાં ૧૦ SPI (પ્રથમ ક્રમાંક) મેળવવા બદલ UPL દ્વારા ગોલ્ડ મેડલ (સુવર્ણ ચંદ્રક) તથા રૂ.૨૦,૦૦૦ નો ચેક આપી સન્માન કરવામાં આવ્યું હતું.

ઝાડેશ્વર ગામની ભૂમિ પર શાળા બની પણ ગામના વિદ્યાર્થીઓને પ્રવેશ નહીં

ગામનાજ મૂળ નિવાસી વિદ્યાર્થીઓને પ્રવેશ ન મળતા વિવાદ

અંકલેશ્વર


ભરૂચની ઝાડેશ્વર ગ્રામ પંચાયત દ્વારા શૈક્ષણિક હેતુ માટે ફાળવવામાં આવેલી જમીન પર ઊભી થયેલી શાળાઓમાં ગામનાજ મૂળનિવાસી વિદ્યાર્થીઓને પ્રવેશ ન અપાતા વિવાદ ઊઠ્યો છે.

ભરૂચની ઝાડેશ્વર ગ્રામ પંચાયત રાજ્યની સૌથી મોટી ગ્રામ પંચાયત છે. આ ગ્રામ પંચાયત દ્વારા વર્ષો પહેલા સંપૂર્ણ સહમતીથી ગામની ગોચરની જમીનો શૈક્ષણિક હેતુસર શિક્ષણ સંસ્થાઓને ફાળવવામાં આવી હતી. જે તે સમયે ગામના સરપંચ સભ્યો અને ગ્રામજનો હેતુ એ હતો કે ગામના જ વિદ્યાર્થીઓને સારું શિક્ષણ મળી શકે અને બહુ દૂર જવું ન પડે. જો કે આજે વર્ષો પછી પણ એ હેતુ સિદ્ધ થયો નથી. તાજેતરમાં મળેલી ગ્રામસભામાં આ મુદ્દો ખૂબ જ ચર્ચાયો હતો અને છેવટે ગ્રામસભામાં ઉપસ્થિત તમામ સરકારી અધિકારીઓની હાજરીમાં ઠરાવ કરવામાં આવ્યો હતો જેમાં ઝાડેશ્વર ની ગોચરની જમીનો પર ઊભી થયેલી શબરી વિદ્યાલય, સંસ્કારધામ સ્કૂલ અને નર્મદા કોલેજમાં ગામના મૂળનિવાસી વિદ્યાર્થીઓને કોઈ પણ ડોનેશન વગર પ્રવેશ આપવામાં આવે અને અમુક ટકા બેઠકો ફાળવવામાં આવે તેવી માંગ કરાઈ છે.

વધુમાં ગ્રામસભામાં ઠરાવ કરવામાં આવ્યો છે કે આ સંસ્થાઓને જે જમીન ફાળવણી કરવામાં આવી હતી તેના કરતાં વધુ જમીનમાં સંસ્થાઓ દ્વારા દબાણ ઉભુ કરી દેવામાં આવ્યું છે ગોચર ની જમીન નો વહીવટ ભલે કલેકટર હસ્તક હોય પરંતુ તેની માલિકી તો ગ્રામ પંચાયતની જ ગણાય આથી ગ્રામસભામાં થયેલા ખરડામાં જે ફાળવેલી જમીન નો છે એની માપણી કરીને વધારાનું જે કંઈ પણ બાંધકામ થયું હોય એ દૂર કરવાનું પણ કરાવવામાં આવ્યું છે.

આ અંગે જાડેશ્વર ના પૂર્વ સરપંચ અને ભરૂચ જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન નરેશ પટેલે જણાવ્યું હતું કે ગામના જ વિદ્યાર્થીઓને શિક્ષણ મળે એ હેતુથી આ જમીનો ફાળવવામાં આવી હતી. પરંતુ શૈક્ષણિક સંસ્થાઓ ગામના મૂળનિવાસી વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી નથી જે તદ્દન અન્યાયી છે.

તિલકવાડાના ઉતાવળી ગામના વોડાફોન કંપની ના ટાવર માંથી ૪૮ હજાર ની ૨૪ નંગ બેટરી ની ચોરી



હાઈવે રોડને અડીને આવેલા વોડાફો કંપનીના ટાવરની ઓરડીમાંથી અજાણ્યા ચોરો એ ચોરી કરી હોવાની ફરિયાદ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા ના તિલકવાડા ના ઉતાવળી ગામ માં આવેલા વોડાફોન કંપનીના ટાવર માંથી બેટરી ઓની ચોરી થવા બાબતે ફરિયાદ થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઉતાવળી હાઈવે રોડની બાજુમા આવેલા વોડાફો કંપનીના ટાવરની ઓરડીમાંથી ગતરાત્રે કોઈ અજાણ્યા ચોરો ૨૪ નંગ બેટરી જેની કિંમત રૂ. ૪૮ હજાર થતી હોય તેની ચોરી કરી ફરાર થતા આ બાબતે કંપનીના કર્મચારી સંજય બહાદુર ગણેશભાઈ રાજપુતે તિલકવાડા પો.સ્ટે.માં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

નાંદોદના ટંકારી ગામની સગીરાનું લગ્ન કરવાના ઈરાદે અપહરણ:ગામના યુવાન વિરુદ્ધ ફરિયાદ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકા ના ટંકારી ગામની ૧૪ વર્ષ ની સગીર બાળા ને ગામનો જ યુવાન લગ્ન કરવાના ઈરાદે ભગાડી જતા તેની માતા એ યુવાન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ટંકારી ગામમાં રહેતી ૧૪ વર્ષ ની સગીર બાળા ગત તારીખ ૧૪ ફેબ્રુઆરી ના રોજ તેના ઘરેથી કુદરતી હાજતે જવા નીકળેલ ત્યારે ગામનો જ સુરેશ કિરણભાઈ તડવી તેની પાછળ જઈ બાળા સાથે લગ્ન કરવાના ઈરાદે વાલીપણા માથી અપહરણ કરી ભગાડી લઈ જતા તેની માતાએ સુરેશ તડવી વિરુદ્ધ રાજપીપળા પો.સ્ટે.માં ફરિયાદ આપતા પોલીસે અપહરણ નો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

'નમસ્તે ટ્રમ્પ' કોના બાપની દિવાળી.? એક મિનિટના ૫૫ લાખનો ખર્ચ? અઢી લાખ કરોડના દેવાવાળી ભગવી સરકાર હજુ કેટલું દેવાળું ફૂકી વોટબેંકની રાજનીતિ કરશે?

પ્રદીપ રાવલ (૯૮૨૪૬૫૩૦૭૩)

૨૪ ફેબ્રુઆરી ડોનાલ્ડ ટ્રમ્પ અમદાવાદ ત્રણ કલાક માટે વિશ્વના સૌથી મોટા મોટેરા સ્ટેડિયમના ઉદ્ઘાટન તેમજ ૨૨ કિલોમીટરના રોડ શો કરવાનો કાર્યક્રમ મોદીજીએ પોતાની મહત્વાકાંક્ષા પૂરી કરવા ગોઠવ્યો છે. અમેરિકામાં હાઉડી ટ્રમ્પ કાર્યક્રમ પણ અમેરિકામાં વસતા ગુજરાતીઓના ખર્ચે ઉજવાયો હતો અને મોદીની વાહ વાહ તેના બદલામાં ટ્રમ્પે કરી હતી. ફરીવાર અમેરિકામાં ચૂંટણીઓ છે અને ગુજરાતમાં પણ આવનાર છે અને ગુજરાતમાં ખેડૂત, શિક્ષકો, વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ, કર્મચારી સંગઠનો વ્યવસાયિક લોકો નારાજ છે અને અનેક આંદોલન સરકાર સામે ચાલે છે તેવામા ગણતંત્ર દિવસમાં ટ્રમ્પ આવવાનો ઈનકાર કરતા હવે અમેરિકામાં ગત ચૂંટણીમાં એક ટકો ગુજરાતીનો વોટ લેનાર આ વખતે ૩૩ લાખથી વધારે ગુજરાતીઓમાંથી વધારે વોટ લેવા અઢી લાખ કરોડના દેવા નીચે ચાલતી ગુજરાત સરકારમાં પ્રજાના ટેક્ષના પૈસે ૧૦૦ કરોડથી વધારે ખર્ચ કરી મોદીજી ટ્રમ્પને લાલચ આપી બોલાવી રહ્યા છે અને બહાનું વ્યવસાયિક કરારનું કાઢવામાં આવે છે. ગુજરાતનો "કેમ છો" શબ્દ કાઢી નાખીને નમસ્તે નામ રાખી ગુજરાતનું મોદીજીએ અપમાન કર્યું જ છે. માત્ર ૩ કલાકમા ટ્રમ્પની પાછળ ગુજરાત ૧૦૦ કરોડથી વધારે ખર્ચ માટે ગુજરાતના ખેડૂતો કે જેમને પાક વીમા મળ્યા નથી..તેઓ વિરોધ કરી રહ્યા છે. અમદાવાદ રાતો રાત જુદા જુદા કોન્ટ્રાક્ટ આપી હલકી ગુણવત્તાના કામો ચાલી રહ્યા છે. ગુજરાતના અનેક બુદ્ધિજીવીઓ અને રાજકારણીઓ પણ આવી ઉડતી મુલાકાતનો વિરોધ કરી રહ્યા છે. ટ્રમ્પના ગુજરાત આગમનની શાહી તૈયારીઓના ભાગરૂપે અમિત શાહ પણ ત્રણ દિવસ અગાઉ અમદાવાદ આવી રહ્યા છે. હાલમાં અનામતના આંદોલન કરીઓનું આંદોલન વેગ પકડી રહ્યું છે તેમની સાથે આદિવાસીઓ પણ જોડાઈ ગયા છે. આજે જૂનાગઢમાં એક વિદ્યાર્થીના પિતાએ પણ આત્મહત્યા કર્યાનો બનાવ બન્યો છે. શંકરસિંહ વાઘેલા જેવા પૂર્વ મુખ્યમંત્રી પણ ટ્રમ્પની મુલાકાતમાં પ્રજાના પૈસા વેડફવાનો આક્ષેપ થઈ રહ્યો છે. અમેરિકાના રાષ્ટ્રીય ખેલમાં ક્રિકેટને સ્થાન નથી અને વિશ્વના મોટા સ્ટેડિયમના ઉદ્ઘાટનમાં ટ્રમ્પને બોલાવી તેના બહાને એક લાખ લોકોને અધૂરા બાંધકામ વાળા સ્ટેડિયમમાં મોદીજી મેળાવડો બોલાવી શું સિદ્ધ કરવા માંગે છે તે સમજાતું નથી. મોદીજી દિલ્હી ગયા પછી પોતાના શાશનમાં સલામત ગુજરાતના બહાને અમેરિકા, ચીન, કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુનોના સેક્રેટરી બાલ્કી મુન જેવાને પણ વાઈબ્રન્ટ અને અનેક બહાને બોલાવી ૧૫૦૦ કરોડની લોનથી બનાવેલા રિવરફ્રન્ટમાં સાબરમતીના બંધિયાર પાણીમાં બોટમાં બેસી શાહી રિવર બોટિંગનો મજાઓ કરી ચૂક્યા છે. ગુજરાતની ભાજપ શાસિત મહાનગર પાલિકા. નગર પાલિકાઓમાં અનેક બજેટ ફાળવી નવરાત્રી, દિવાળી, પતંગોત્સવ, કચ્છના રણોત્સવ જેવા ઉત્સવોના તાયફાઈ વાતાવરણ સર્જવા બજેટો ફાળવી પૈસાનો દૂર ઉપયોગ થઈ રહ્યો છે અને અનેક દેશ વિદેશના મહેમાનોને પ્રવાસનના બહાને ગુજરાત બોલાવી આગતા સ્વાગતા પાછળ વાઈબ્રન્ટના આર્થિક આંકડાની માયાજાળ જેવા વિદેશી રોકાણના બહાનાના ઉત્સવો પાછળ ખોટા પ્રજાના ટેક્ષના પૈસાની ખેરાત સમાન ગુજરાતની સરકાર ઉપર અઢી લાખ કરોડ રૂપિયાનું દેવું ભાજપની ભગવી સરકાર દલા તરવાડીના રાજની જેમ કરીને બેઠી છે. વિરોધ પક્ષની નબળી નેતાગીરીનો સંપૂર્ણ બને તેટલો લાભ શાશક સત્તાના જોરે ભાજપ લઈ રહ્યું છે. ગુજરાતની જનતા મોંઘવારીમાં ત્રસ્ત છે, ખેડૂત પાયમાલ છે, બળાત્કારો, ખૂન, લૂંટ, હત્યાના બનાવો ખૂબ વધી રહ્યા છે. બેરોજગારીની સૌથી મોટી સમસ્યા છે. અનામતના આંદોલન સરકાર સામે લોહિયાળ જંગ ખેલવા મૂડમાં છે. ઉદ્યોગકારો જીએસટી, નોટબંધી પછી મૃત પાયે ચાલી રહ્યા છે. ચોથી જાગીર મીડિયાને સરકારના હક્કો ઉપર બ્રેક લગાવી સરકારના પ્રેશરથી સરકારી વાહ વાહ કરવા પ્રેરવામાં આવે છે. અનેક અખબારોને સરકારે મૃત પાયે કરી નાખ્યા છે. ગુજરાતનો કોઈ એવો વર્ગ નથી કે જેને સરકારથી સંતોષ હોય. માત્ર ભાજપના ભગવા હોદ્દેદારો, સરકાર માં બેઠેલા મંત્રીઓ, તેમના દલાલો અને જિલ્લાના ભાજપના હોદ્દેદાર, કાર્યકરો અને મળતિયા અધિકારીઓ સિવાય ગુજરાતનો કોઈ વર્ગ આજની તારીખે સુખી નથી. નક્કી ૨૦૨૨માં ગુજરાતમાંથી આ ભગવા પ્રજાના પાપી શાશન કરતાને પ્રજા જાકારો આપી કામ કરવાવાળાને ચૂંટી લાવશે અને આ ભગવાઓને પાઠ ભણાવશે તે નક્કી.

રૂા.૧.૩૧ કરોડની લોન નહીં ભરાતા બેંકે મારેલુ સીલ દંપતિએ તોડી નાંખ્યું

મોટા વરાછા રાજહંસ ટાવરના ફ્લેટ પર દંપતિએ કબજો જમાવી દીધો

સુરત

પંજાબ નેશનલ બેંકે સીલ મારેલા ફ્લેટનું સીલ તોડી કબજો જમાવનાર ફ્લેટ માલિક દંપતિ વિરૂદ્ધ બેંકે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. રૂા.૧.૩૧ કરોડની લોન ચૂકવવામાં નિષ્ફળ આ ફ્લેટ ધારક દંપતિના ફ્લેટને બેંકે નિયમનુસાર સીલ માર્યું હતું.

અમરોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પંજાબ નેશનલ બેંકના રિકવરી બ્રાન્ચના આસી. જનરલ મેનેજર મનોકુમાર ગિરીશચંદ્ર રાયે આરોપી શૈલેષ તુલસી તળપરા, શ્વેતા શૈલેષ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ પંજાબ નેશનલ બેંકમાં મોટા વરાછા રાજહંસ ટાવર ફ્લેટ નં.૧૨૦૨ ગિરવી મુકી રૂપિયા ૧.૩૧ કરોડની લોન મેળવી હતી. આરોપીઓ હપ્તા અને વ્યાજ ભરવામાં નિષ્ફળ જતા નિયમોનુસાર બેંકે મિલ્કતનો કબજો મેળવી ફ્લેટને સીલ મારી વેચાણની કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન આરોપીઓએ બેંકનું શીલ તોડી ફ્લેટમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ગુનો કર્યો હતો. અમરોલી પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ચાલુ બોર્ડની પરીક્ષાએ લઘુશંકા લાગે તો શાળાકર્મી ટોયલેટ સુધી આવી વોચ રાખશે

સુરત

ધો. ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષામાં ચોરીના બનાવો અટકાવવા માટે ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ પર અનેક પ્રતિબંધ મુક્યા છે. પરીક્ષા દરમિયાન હવે કોઈ વિદ્યાર્થી વર્ગખંડમાંથી એકલો બહાર જઈ શકશે નહીં. તેની સાથે શાળાનો એક કર્મચારી પણ સાથે જશે. આ મામલે બોર્ડે ગાઈડલાઈન જારી કરી છે. શાળાઓને આ ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવા માટે જણાવવામાં આવ્યું છે. બોર્ડે જણાવ્યું કે, હવે પરીક્ષા દરમિયાન ચોરીના બનાવને કદાપી ચલાવી લેવાશે નહીં, પરીક્ષા ખંડમાંથી ટોઈલેટ જવા માટે વિદ્યાર્થીઓ પર નજર રાખવા માટે શાળાએ એક કર્મચારીની વ્યવસ્થા કરવાની રહેશે. પરીક્ષાર્થીએ વોશરૂમમાં કેટલો સમય પસાર કર્યો તેની ઉપર પણ ધ્યાન રાખવાનું રહેશે. શંકા જાય તો તેની પૂછપરછ પણ કરવાની રહેશે. આ સિવાય વર્ગખંડમાં પ્રશ્નપત્ર ખોલતી વેળા સૌથી પહેલા વિદ્યાર્થીની સહી લેવાની રહેશે ત્યારબાદ જ પ્રશ્નપત્રના પેકેટનું સીલ ખોલી શકાશે.

સ્કૂલ સંગઠનના દીપક રાજગુરૂએ જણાવ્યું કે, બોર્ડની આ ગાઈડલાઈનથી સ્કૂલની સમસ્યા વધી જશે. પરીક્ષાર્થી ટોઈલેટમાં જાય ત્યારે તે નકલ જ કરી રહ્યો છે તે કેવી રીતે નક્કી કરાશે. દરેક જગ્યા પર પટાવાળા રાખવા શક્ય નથી. વિદ્યાર્થીઓનો ટોઈલેટ સુધી પીછો કરવો પણ શક્ય નથી.

ગુજરાત શિક્ષણ બોર્ડના સેક્રેટરી ડી.એસ.પટેલના જણાવ્યા પ્રમાણે, પરીક્ષા દરમિયાન ઘણી વાર વિદ્યાર્થી ટોયલેટમાં પુસ્તકો, ગાઈડ અને કાપલીઓ સંતાડીને રાખતા હોય છે. બાદમાં ત્યાં જઈ જવાબ જોઈને આવે છે. એટલા માટે નજર રાખવી જરૂરી છે.

નર્મદા SOG પોલીસે ચેતવણી વગરની સિગારેટ વેંચતા વેપારી ને મુદ્દામાલ સાથે ઝડપી પાડતા અન્યોમાં ફફડાટ

નિયમ મુજબ તમાકુ, સિગારેટ જેવી બનાવટોના પેકીંગ પર કેન્સરની બિમારી દર્શાવતી ચેતવણીની છાપ ન હોય તો એ ગેરકાયદેસર ગણાય

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા SOG પોલીસે ચેતવણી ની છાપ વગર ની સિગારેટ વેંચતા વેપારી પર કાયદાનો કોયડો વીંઝતા અન્ય વેપારીઓ માં ફફડાટ ફેલાયો છે.

નર્મદા SOG પોલીસ ગતરોજ રાજપીપળા રંગ અવધુત મંદિર પાસે વોચ માં હતી ત્યારે ઉમલલા ના વેપારી ગોપાલ વસંતલાલ સોની પાસે થી કાળા કલરની સિગારેટના શીલ બંધ ૫ પેકેટમાં ૧૦ ડબ્બી માં કુલ ૧૦૦૦ નંગ સીગારેટ જેની કિંમત રૂપિયા ૧૫૦૦/- ની ચકાસણી કરતા તેના ઉપર કોઈ જગ્યાએ સહેલાઈથી દેખાય શકે તે રીતે ચેતવણીની છાપ જેવી કે સ્કલ કોસબોન વર્ડ વોન'ગ કે કેન્સર ની બિમારી દર્શાવતી કોઈ છાપ કે છબી છાપેલ ન હતી તથા ચેતવણી દર્શાવિલ ન હોય તેવી સિગારેટનો ગેરકાયદેસર વેચાણ કરતા આ વેપારીને ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરતા અન્ય વેપારીઓમાં ફફડાટ ફેલાયો જોવા મળ્યો હતો.

કેવડિયા સ્ટેચ્યુના કર્મચારીને ફોર વ્હીલ ગાડીએ અડફટમાં લેતા ઈજા

કર્મચારી અન્ય સાથી મિત્ર સાથે એક્ટિવા પર સ્વાગત કક્ષ ખાતે હાજરી પુરવા જતા અકસ્માત નડ્યો

રાજપીપળા

નર્મદા જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યા બાદ વાહનોની સંખ્યા ચાર ઘણી વધી હોય જેમાં કેટલાક વાહન ચાલકો બેફામ વાહનો લઈ જતા વારંવાર અકસ્માતો સર્જાય છે. ત્યારે ગતરોજ પણ સ્ટેચ્યુ ના એક કર્મચારી ને અકસ્માત માં ઈજાઓ થઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર ગરુડેશ્વરના કોઠી ગામમાં રહેતા હરેશભાઈ કરશનભાઈ તડવી એ આપેલી ફરિયાદ મુજબ એ તથા વિપુલભાઈ એકટીવા ગાડી લઈને ગભાણા પૂલ પરથી કેવડીયા સ્વાગત કક્ષ ખાતે પંચીગ કરવા માટે જતાં હતા ત્યારે કેવડીયા માર્ગ પર એક ફોર વ્હીલ ગાડી નંબર જ્ઞ-૦૬-છ૨ ૨૦૧૯ ના ચાલકે પોતાની ગાડી પૂરઝડપે હંકારી હરેશભાઈની એકટીવા ગાડીને પાછળના ભાગે અથડતા એક્ટિવા પર જ્યાં હરેશભાઈ રોડ ઉપર પડી જતાં ઈજાઓ કરતા કેવડિયા પોલીસે ફોર વ્હીલ ગાડી ના ચાલાક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મ્યુનિ. કમિશનરનું હકારાત્મક વલણ કર્મચારી યુનિયનના ધરણા મોકુફ

તા. ૨૦મીએ પડતર માંગણીઓનું નિવારણ નહીં આવેતો ઉગ્ર આંદોલન

સુરત

પડતર પ્રશ્નોના નિરાકરણ માટે ધરણાં પ્રદર્શન કરતા સુરત મહાનગર પાલિકાના યુનિયનોની સ્ટીયરીંગ કમિટિના આગેવાનો સાથે બેઠક કરવા માટે મનપા કમિશનર બચ્છાનિધી પાનીએ લેખિતમાં જાણ કરતા બે દિવસથી ધરણા ઉપર બેઠેલા કર્મચારીઓએ આંદોલન પરત ખેંચવાની જાહેરાત કરી હતી.

સ્ટીયરિંગ કમિટિના કન્વીનર મોહમ્મદ ઈકબાલ શેખે જણાવ્યું હતું કે આજે ધરણાંના ત્રીજા દિવસે ડેપ્યુટી કમિશનર કમલેશ નાયકે યુનિયનના આગેવાનો સાથે બેઠક કરી હતી. જેમાં તા. ૨૦.૨.૨૦૨૦ના રોજ મનપા કમિશનર યુનિયનના આગેવાનો સાથે બેઠક આયોજન કર્યાનો પત્ર આપવામાં આવ્યો હતો. જેથી હાલ તુરંત ધરણાં પ્રદર્શનનો કાર્યક્રમ રદ્દ કરવામાં આવ્યો હતો. વધુમાં મોહમ્મદ ઈકબાલ શેખે જણાવ્યું હતું કે ૧૦ જેટલા પડતર પ્રશ્નો અંગે ત્રણ,ત્રણ મનપા કમિશનર બદલાય ગયા છતા પણ નિરાકરણ આવ્યું નથી. આ વખતની મનપા કમિ. બચ્છાનિધી પાની સાથેની બેઠકમાં પડતર પ્રશ્નોનું નિરાકરણ નહિ આવશે તો ઉગ્ર લડત ચલાવવામાં આવશે.

કેવડિયા સ્થિત સરદાર સરોવર ડેમ પર કામ કરતા કામદાર નું પડી જતા સારવાર દરમિયાન મોત

(ભરત શાહ દ્વારા) રાજપીપળા

નર્મદા જિલ્લાના કેવડિયા તરફ નર્મદા બંધ,સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યા બાદ હરણફાળ વિકાસ જરૂર થઈ રહ્યો છે પરંતુ ત્યાં કામ કરતા કર્મચારીઓ ની સેફટી બાબતે તંત્ર તદ્દન લાપરવાહ હોય એમ લાગી રહ્યું છે જેના કારણે અવાર નવાર અકસ્માતો માં મોત થતા જોવા મળે છે. સરદાર સરોવર ડેમ ઉપર કામ કરી રહેલા વિજયકુમાર રામધની બીદ (ઉ.વ ૩૦) રહે.બીટી તા.જી, અલ્હાબાદ (યુ.પી) ગત તારીખ ૧૫ ફેબ્રુઆરી એ કામ કરતા અચાનક પડી જતા તેને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી જેથી તેને પ્રાથમિક સારવાર માટે ગરૂડેશ્વર ખાતે દાખલ કર્યા બાદ વધૂસારવાર માટે રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરતાં ફરજ ઉપર ના તબીબે તેને મૃત જાહેર કરતા કેવડિયા પોલીસે અ. મોત નોંધી તપાસ હાથ ધરી છે.

સૂર્યા મરાઠી-હાર્દિક પટેલ હત્યા કેસ આરોપીઓની ઓળખ પરેડની તૈયારી

આરોપીઓ પાસેથી હથિયાર કબજે કરવાના બાકી છે : પોલીસ

સુરત

સૂર્યા મરાઠી હત્યા કેસમાં સંકળાયેલા બે આરોપીઓની ઓળખ પરેડ કરાવવા માટે ચોક પોલીસે યાદી મોકલી હોવાનું અને તારીખ આપ્યા બાદ તેઓની ઓલખ પરેડ કરાવવામાં આવશે. આ ઉપરાંત આરોપીઓ પાસેથી હથિયારો કબજે કરાવવાના બાકી હોવાનું તપાસ કરનારા અધિકારી પીઆઈ એ.એ. ચૌધરીએ જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર વેડરોડ અખંડ આનંદ કોલેજ પાસે આવેલ ઓમસાંઈ એપાર્ટમેન્ટમાં શહેરના માથાભારે અને ખંડણીખોર સૂર્યા મરાઠીની ઘાતકી હત્યા કરવામાં આવી હતી. આ ગુનામાં ચોકબજાર પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી આરોપી રાહુલ એપાર્ટમેન્ટ તથા સતીષ ધાગડેની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવ્યા હતા.